
અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત


તારીખ : 02 ઓગષ્ટ 2026 રવિવાર | વર્ષ : 18 | તંત્રી: પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. 2.00
વિક્રમ સંવત 2082, અષાઢ વદ - 4 | અંક : 34 | અમદાવાદ | પાના : 8


» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886

3

રિપોર્ટ: અમેરિકા-ઈઝરાયલ આ અઠવાડિયે ઈરાન પર હુમલો કરી શકે છે : વીજ પ્લાન્ટ-રિફાઈનરીને ટાર્ગેટ કરશે; ટ્રમ્પે કહ્યું- ઈરાન પરનો વિશ્વાસ હવે ખતમ થઈ રહ્યો છે

4

એક દાયકામાં મધ્યમવર્ગની સંખ્યા સાત ગણી વધી પણ પગાર નહીવત્ ૨૦૧૩થી 2023 સુધીમાં ભારતમાં ફુગાવો વધ્યો છે, અર્થતંત્ર ફૂલેફાલે છે પણ તેના પાયામાં રહેલો સામાન્ય માણસ પાયમાલ થયો છે

6

રશ્મિકા મંદાના સાથે શૂટિંગ દરમિયાન અકસ્માત : ડાન્સ સીક્વન્સમાં હિપનો ટેન્ડન ફાટી ગયો, ડોક્ટરની 6 અઠવાડિયા આરામ કરવાની સલાહ

7

અદાણી CNGના ભાવ વધ્યા, પ્રતિ કિલો રૂ. 94.02 થયા : કોમર્શિયલ સિલિન્ડર 200 રૂપિયા સસ્તો થયો

## લખનઉમાં હિન્દુવાદી નેતાએ કહ્યું- પપ્પુ યાદવનું માથું લાવનારને 51 લાખ આપીશ

# દાન ચોરીનું 'નાટક' કરવા બદલ રાહુલ-પપ્પુ યાદવ સામે FIR

**લખનઉ/વારાણસી,તા.01**

દિલ્હીમાં સંસદ ભવનની બહાર રામ મંદિરના દાન ચોરીના સાંકેતિક નાટકને લઈને યુપીમાં વિવાદ વધી રહ્યો છે. શનિવારે લખનઉ, વારાણસી, મથુરા સહિતના અનેક શહેરોમાં વિરોધ પ્રદર્શનો થયા.

વારાણસીમાં પાતાલપુરી મઠના પીઠાધીશ્વર જગદ્ગુરુ બાલક દાસની ફરિયાદ પર કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધી, સપા સાંસદ અવધેશ પ્રસાદ અને અપક્ષ સાંસદ પપ્પુ યાદવ સામે FIR નોંધવામાં આવી છે.

લખનઉમાં 'સનાતન રક્ષા સંગઠન' દ્વારા પપ્પુ યાદવની પ્રતીકાત્મક અંતિમયાત્રા કાઢવામાં આવી. રાહુલ-અખિલેશના મુખોટા પહેરેલા લોકો પર ચપ્પલો ફેંકવામાં આવી. સંગઠને પપ્પુ યાદવનું માથું લાવનારને 51 લાખ આપવાની જાહેરાત કરી. મથુરામાં સાધુ-સંતોએ પપ્પુ યાદવની સંસદ સભ્યતા રદ કરવાની માંગ કરી.

શુક્રવારે સંસદની બહાર પપ્પુ યાદવ પૂજારીના [illegible]માં દાનપેટી લઈને પહોંચ્યા હતા. જેમાં રાહુલ ગાંધીએ દાન કર્યું હતું. ત્યારબાદ 'ચોરી પકડાઈ જવા'નું નાટક કરતા અવધેશ પ્રસાદ સહિત અનેક વિપક્ષી સાંસદોએ પપ્પુ યાદવને સાંકેતિક રીતે માર માર્યો હતો. સંત સમાજે આના પર સખત નારાજગી વ્યક્ત કરી હતી.

લખનઉમાં શ્રીરામ ટાવરથી ગાંધી પ્રતિમા સુધી પપ્પુ યાદવની પ્રતિકાત્મક અંતિમયાત્રા કાઢવામાં આવી.

જે વ્યક્તિએ રાહુલ ગાંધીનો મુખોટો પહેર્યો હતો, તેને આખા રસ્તે ચપ્પલથી મારવામાં આવ્યો.

જે વ્યક્તિએ રાહુલ ગાંધીનો મુખોટો પહેર્યો હતો, તેને આખા રસ્તે ચપ્પલથી મારવામાં આવ્યો.

અંતિમ યાત્રામાં શવને અખિલેશ યાદવનો મુખોટો પહેરેલા વ્યક્તિએ કાંધ આપી.

અંતિમયાત્રા પછી પપ્પુ યાદવની પ્રતીકાત્મક અર્થીને આગ લગાડી દેવામાં આવી.





**'પપ્પુનો અંતિમ સમય આવી ગયો'**

લખનઉમાં સનાતન રક્ષા સંગઠનના રાષ્ટ્રીય અધ્યક્ષ અનુરોધ રાયે કહ્યું- પપ્પુ યાદવ જેવા લોકો ક્યારેય સનાતનના હતા જ નહીં. જે સનાતની બંધુ પપ્પુ યાદવનું માથું લઈને આવશે, તેને 51 લાખ રૂપિયાનું ઈનામ આપવામાં આવશે.

ગઈકાલે જે રીતે ભગવા કપડાં પહેરીને પપ્પુ યાદવે સંસદ પરિસરમાં સનાતનનું અપમાન કર્યું છે, તેનાથી અમારી ભાવનાઓને ઠેસ પહોંચી છે. અમારો આખો સમાજ નારાજ છે. તેમને ચેતવણી આપતા કહેવા માંગુ છું કે તમારા પાપોનો અંત આવી ગયો છે. સજાનો સમય આવી ગયો છે.

સંગઠનના રાષ્ટ્રીય અધ્યક્ષ અનુરોધ રાયે કહ્યું- પપ્પુ યાદવનું માથું લાવનારને 51 લાખ રૂપિયાનું ઈનામ મળશે.

**'વિપક્ષી નેતાઓ પાપમાં સામેલ'**

અનુરોધ રાયે કહ્યું- વિપક્ષના નેતાઓ ખાસ કરીને રાહુલ ગાંધી અને અખિલેશ યાદવ પણ સંપૂર્ણપણે સનાતન વિરોધી છે. આ લોકોએ પણ એ જ પાપ કર્યું છે, જે પપ્પુ યાદવે કર્યું. બધા સમાન ભાગીદાર રહ્યા. એટલા માટે અમે તેમનો પણ ખુલ્લેઆમ વિરોધ કરીએ છીએ. જો આ લોકોએ માફી ન માંગી તો સનાતન રક્ષા સંગઠન તેમની જીભ ખેંચીને ખીલા સાથે બાંધી દેશે.

અંતિમયાત્રા શરૂ કરતા પહેલા પપ્પુ યાદવની તસવીરને ચપ્પલોથી મારવામાં આવી.

**'ભગવાન રામનું પણ અપમાન કર્યું'**

સંગઠનના સભ્ય શૈલેન્દ્ર કુમાર દીક્ષિતે કહ્યું- પપ્પુ યાદવે જે નાટક કર્યું છે, તે સહન કરવામાં આવશે નહીં. તે જ્યાં પણ દેખાશે, તેને ટકો કરાવીને ચપ્પલ વડે મારવામાં આવશે. ગઈકાલે જે કંઈ પણ થયું, તે ભગવાન રામનું અપમાન છે. ત્યાં એ દર્શાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો કે રામ મંદિરમાં બધા લોકો ચોર છે. વિપક્ષના નેતા ગંદી રાજનીતિ કરી રહ્યા છે.

શૈલેન્દ્ર કુમાર દીક્ષિતે કહ્યું કે પપ્પુ યાદવે સનાતન ધર્મના કપડાં પહેરીને જે નાટક કર્યું છે તે સહન કરવામાં આવશે નહીં. ચોરી પકડવાનું નાટક કરીને સાંસદોએ પપ્પુ યાદવની પ્રતિકાત્મક મારપીટ કરી હતી.

---

### અલવરમાં ઈન્સ્ટાગ્રામ પર ફ્રેન્ડશિપ કરીને વિદ્યાર્થિની પર રેપ

## અશ્લીલ વીડિયો બનાવી બ્લેકમેલ કરી, માતા-પિતાના દાગીના પડાવ્યા, જાનથી મારી નાખવાની ધમકી આપી

**અલવર,તા.01**

અલવર શહેરમાં એક યુવકે ઈન્સ્ટાગ્રામ પર મિત્રતાના બહાને સ્કૂલની 15 વર્ષની વિદ્યાર્થિનીને ફસાવી હતી. બાદમાં તેણે લાખો રૂપિયાના સોનાના દાગીના પડાવવા માટે તેને બ્લેકમેલ કરી, તેના પર બળાત્કાર ગુજાર્યો અને અશ્લીલ વીડિયો પણ બનાવ્યા.

જ્યારે કિશોરીએ તેના સતત થતા અત્યાચારનો વિરોધ કર્યો, ત્યારે તેણે તેને જાનથી મારી નાખવાની ધમકી આપી. તેણે વીડિયો વાયરલ કરવાની ધમકી આપીને તેને બ્લેકમેલ કરી હતી. પોલીસે હવે આરોપીની ધરપકડ કરી છે.

અલવરમાં એક સ્કૂલની વિદ્યાર્થિનીની માતાએ આરોપી યુવક વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવી છે. તેમણે જણાવ્યું હતું કે જ્યારે તેમની દીકરી એક પાર્કમાં ગઈ હતી, ત્યારે એક યુવકે તેનો પીછો કરવાનું શરૂ કર્યું હતું. તેણે શરૂઆતમાં ઈન્સ્ટાગ્રામ પર 'ફ્રેન્ડ રિક્વેસ્ટ' મોકલી હતી; વારંવાર પ્રયાસો કરવા છતાં જ્યારે તે રિક્વેસ્ટ સ્વીકારવામાં ન આવી,



ત્યારે તેણે પાર્કમાં વારંવાર ઈવતો હતો.

ત્યારબાદ, તે યુવક પાર્કમાં વિદ્યાર્થિની પાસે ગયો અને અભ્યાસમાં મદદ કરવાનું બહાનું કાઢ્યું. સોશિયલ મીડિયા પર મિત્રતા કેળવવાની ઈચ્છા દર્શાવીને તેણે આખરે તેની 'ફ્રેન્ડ રિક્વેસ્ટ' સ્વીકારાવી લીધી. ત્યારબાદ, તેણે ચોકલેટ અને ભેટ- આપીને તેને પાર્કમાં મળવાનું શરૂ કર્યું અને તેની સાથે અયોગ્ય વર્તન કરવાનું શરૂ કર્યું.

**પછી, પોતે મુશ્કેલીમાં હોવાનું જણાવીને દાગીના પડાવી લીધા**

બાદમાં, એક કાવતરું રચીને, યુવકે ખોટા કાનૂની કેસમાં ફસાવવાની કહાની કહી અને વિદ્યાર્થીનીને તેના પરિવારના સોનાના દાગીના લાવવા માટે વાત કરી. આરોપીએ આશરે 5 લાખની કિંમતની સોનાની વસ્તુઓ - જેમાં ચેઈન, ગળાનો હાર, વીંટી અને કાનની બુટ્ટી પડાવી લીધી.

ત્યારબાદ, તે વિદ્યાર્થિનીને તેના એક મિત્રના ઘરે લઈ ગયો અને તેની છેડતી કરી. જ્યારે તેણે વિરોધ કર્યો, ત્યારે તેણે તેમની વચ્ચેની વાતચીત વાયરલ કરીને તેને બદનામ કરવાની ધમકી આપી. ત્યારબાદ, આરોપી વિદ્યાર્થિનીની શાળાની આસપાસના વિસ્તારમાં વારંવાર આવવા-જવા લાગ્યો અને પોતાની મોટરસાઈકલ પર સ્ટંટ કરવા લાગ્યો. જ્યારે તેની હેરાનગતિ વધી ગઈ, ત્યારે વિદ્યાર્થિનીએ આ સમગ્ર ઘટના વિશે તેના પરિવારને જાણ કરી.

**ભયભીત વિદ્યાર્થિનીએ પોતાની આપવીતી વર્ણવી**

ઘરે પહોંચ્યા બાદ, ડરેલી વિદ્યાર્થિનીએ પરિવારને સમગ્ર ઘટના વિશે જણાવ્યું. શરૂઆતમાં, આરોપીની ધમકીઓને કારણે તે ફરિયાદ નોંધાવતા ડરતી હતી, પરંતુ તેના સતત થતા ત્રાસથી કંટાળીને આખરે પરિવારે કેસ નોંધાવ્યો.

---

### ઉત્તરાખંડમાં ભારે વરસાદની આગાહી : યુપીમાં 9 મકાનો નદીમાં સમાયા

**નવી દિલ્હી,તા.01**

8માં કેન્દ્રીય પગાર પંચ (8th Pay Commi હવામાન વિભાગ (IMD) એ શનિવારે ગુજરાતના ઘણા જિલ્લાઓ માટે રેડ એલર્ટ જાહેર કર્યું છે. વિભાગના જણાવ્યા અનુસાર, આ વિસ્તારોમાં વીજળી પડવાની, 60 કિમી પ્રતિ કલાકની ઝડપે તેજ પવનો ફૂંકાવાની અને 0.59 ઈંચથી વધુ વરસાદ થવાની સંભાવના છે. જ્યારે, ઉત્તરાખંડના કેદારનાથ ધામમાં ભારે વરસાદ અને ગાઢ ધુમ્મસને કારણે શ્રદ્ધાળુઓની યાત્રા પડકારજનક બની ગઈ છે. હવામાન વિભાગની ચેતવણી બાદ જિલ્લા વહીવટીતંત્ર અને આપત્તિ વ્યવસ્થાપન વિભાગને હાઈ એલર્ટ પર રાખવામાં આવ્યા છે.

ઉત્તર પ્રદેશના બલિયામાં સરયૂ નદીના ધોવાણથી એક જ દિવસમાં 9 મકાનો નદીમાં સમાઈ ગયા. મધ્ય પ્રદેશમાં અત્યાર સુધી વરસાદનો કોટા લગભગ પૂરો થઈ ગયો છે. જોકે, જૂનમાં ઓછો વરસાદ થવાને કારણે હજુ પણ રાજ્યમાં સામાન્ય કરતાં 13% ઓછો વરસાદ નોંધાયો છે. હરિયાણામાં જુલાઈ દરમિયાન વરસાદ અપેક્ષા કરતાં ઘણો ઓછો રહ્યો. સમગ્ર રાજ્યમાં સામાન્ય



કરતાં લગભગ 1.5 ઈંચ એટલે કે 27% ઓછો વરસાદ નોંધાયો. બિહારમાં હજુ પણ સામાન્ય કરતાં 42% ઓછો વરસાદ નોંધાયો છે. આસામમાં પૂરને કારણે છેલ્લા 24 કલાકમાં વધુ બે લોકોના મોત થયા છે. આ સાથે જ મૃત્યુઆંક વધીને 82 થયો છે.

દક્ષિણ કન્નડમાં વરસાદનું ઓરેન્જ એલર્ટ છે, જેના કારણે શાળાઓ અને કોલેજોમાં રજા જાહેર કરવામાં આવી છે. ઉત્તરાખંડના રુદ્રપ્રયાગ જિલ્લામાં ભારે વરસાદ થઈ રહ્યો છે. સ્થાનિક પ્રશાસને સાવચેતીના ભાગરૂપે કેદારનાથ યાત્રા રોકી દીધી છે. આસામમાં પૂર પીડિતો માટે ઉદ્યોગપતિ ગૌતમ અદાણીએ CM ફંડમાં 11 કરોડ રૂપિયાની મદદ મોકલી છે.

---

## મોદીએ કહ્યું- પહેલા એરપોર્ટના નામ એક જ પરિવાર પર હતા : અમે પરંપરા બદલી

**નવી દિલ્હી,તા.01**

પીએમ નરેન્દ્ર મોદી શનિવારે આંધ્ર પ્રદેશ અને કર્ણાટકના પ્રવાસે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે આંધ્રપ્રદેશના વિજયનગરમ જિલ્લાના ભોગાપુરમમાં અલ્લુરી સીતારામ રાજુ ઈન્ટરનેશનલ એરપોર્ટનું ઉદ્ઘાટન કર્યું. 5,000 કરોડ રૂપિયાના ખર્ચે બનેલું આ અત્યાધુનિક ગ્રીનફિલ્ડ એરપોર્ટ, હવાઈ કનેક્ટિવિટીને મજબૂત કરશે અને પ્રાદેશિક વિકાસને પણ વેગ આપશે.

મોદીએ કહ્યું- આજનો દિવસ આંધ્ર પ્રદેશના વિકાસ માટે સુવર્ણ આંધ્રના વિઝન માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે. મને આજે ખૂબ જ શુભ અવસર પર, એક શુભ મહિનામાં ઉત્તર આંધ્રની આ પવિત્ર ભૂમિ પર આવવાનું સૌભાગ્ય મળ્યું છે.

હું સૌથી પહેલા ભગવાન શ્રી વરાહલક્ષ્મીનરસિંહ સ્વામીના ચરણોમાં પ્રણામ કરું છું. હું શ્રી કુર્મનાથસ્વામી અને માતા પૌંડિતલ્લી અમ્મવારુને નમન કરું છું. પીએમ મોદી સવારે 11 વાગ્યે દિલ્હીથી અમરાવતી પહોંચ્યા. અહીં તેમણે રોડ શો



કર્યો. બાદમાં ટર્મિનલ ભવનનું ઉદ્ઘાટન કર્યું. તેની ડિઝાઈન ચુટ્ટિલુ કોટેજથી પ્રેરિત છે.

પીએમએ કહ્યું કે પહેલા એરપોર્ટના નામ એક જ પરિવારના નામ પર હતા. અમે આ પરંપરા બદલી. અમે અયોધ્યામાં એરપોર્ટનું નામ વાલ્મીકિના નામ સાથે જોડ્યું. પંજાબમાં એરપોર્ટનું નામ સંત રવિદાસજીના નામ પર રાખ્યું, અને આ એરપોર્ટનું નામ શ્રી અલ્લુરી સીતારામ રાજુના નામ પર રાખ્યું.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે આંધ્ર પ્રદેશમાં ભોગપુરમ એરપોર્ટ સહિત 18000 કરોડ રૂપિયાના પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કર્યો. વિજયનગરમ જિલ્લાના ભોગાપુરમમાં બનેલું અલ્લુરી સીતારામ રાજુ એરપોર્ટ લગભગ 5,000 કરોડ રૂપિયાના ખર્ચે બન્યું છે.

ટર્મિનલની ડિઝાઈન આંધ્ર પ્રદેશના ચુટ્ટિલુ કોટેજ, અરકુ ઘાટી અને ફ્લાઈંગ ફિશથી પ્રેરિત છે.

**આદિવાસી ઢિમસા ડાન્સથી સ્વાગત કર્યું**

એરપોર્ટની સુવિધાઓ જોયા પછી વડાપ્રધાન સવારે 11:30 વાગ્યે ખુલ્લી ગાડીમાં જનસભા સ્થળ સુધી ગયા. ત્યાં 13,500થી વધુ આદિવાસી મહિલાઓ અને વિદ્યાર્થીઓ ઢિમસા નૃત્ય સાથે તેમનું સ્વાગત કર્યું.

આ ઉપરાંત, પીએમ મોદી 18,000 કરોડ રૂપિયાના પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ અને લોકાર્પણ પણ કર્યું. આમાં પેટ્રોલિયમ અને માર્ગ પરિવહન મંત્રાલયની પરિયોજનાઓ સામેલ છે.

**પીએમએ કહ્યું- આજે આંધ્રપ્રદેશ ડબલ સ્પીડથી કામ કરી રહ્યું છે**

આપણા આંધ્રપ્રદેશ પાસે હંમેશા વિકસિત ભારતના ગ્રોથ એન્જિન બનવાની ક્ષમતા રહી છે. આંધ્રપ્રદેશના વિકાસ માટે આપણા પ્રયાસો ડબલ એન્જિનની ઝડપથી આગળ વધે.



# અમદાવાદમાં રેડ એલર્ટ, પૂર્વ-પશ્ચિમ વિસ્તારમાં વરસાદ : પાણી ન ભરાય તે માટે વેજલપુરની શ્રીનંદનગર સોસાયટી બહાર માટીના થેલા ભરીને મૂક્યા







અમદાવાદ, તા.01

હવામાન વિભાગે આજે (1 ઓગસ્ટ) અમદાવાદમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરી છે. ત્યારે અમદાવાદના પૂર્વ-પશ્ચિમ વિસ્તારમાં થોડો સમય વરસાદ વરસ્યા બાદ બંધ થઈ ગયો છે. સંભવિત આફત અને મુશ્કેલીઓને ટાળવા માટે તંત્ર દ્વારા આગોતરા પગલાં લેવામાં આવ્યા છે. સ્કૂલ-કોલેજોમાં રજા જાહેર કરવા ઉપરાંત નાગરિકોને બિનજરૂરી બહાર ન નીકળવા અને નીચાણવાળા વિસ્તારોથી સાવચેત રહેવા અપીલ કરવામાં આવી છે.

સોસાયટીની બહાર માટીના થેલા

વેજલપુરના શ્રીનંદનગર સોસાયટીમાં વરસાદના પાણી ન ભરાય તે માટે સોસાયટીના રહીશોએ સોસાયટીની બહાર માટીના થેલા ભરીને મૂકી દીધા છે.

ગઈકાલે મેઘરાજાની ધમાકેદાર બેટિંગ

ગતરોજ બપોર બાદ રાત્રે શહેરના પૂર્વ અને પશ્ચિમના વિસ્તારોમાં મેઘરાજાએ ધમાકેદાર બેટિંગ કરી હતી. મેઘમહેરના કારણે વાહનવ્યવહાર ખોરવાયો હતો અને નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા. જોકે, સૌથી વધુ વરસાદ બોડકદેવમાં 2.64 ઈંચ અને બોપલમાં 2.56 વરસાદ નોંધાયો હતો.

દિવસભરની અપડેટ્સ માટે નીચેના બ્લોગમાંથી પસાર થઈ જાવ

બોપલમાં અક્ષર ગ્રુપની નિર્માણાધીન કન્સ્ટ્રક્શન સાઈટ પર દિવાલ પડી

બોપલ વિસ્તારમાં અક્ષર ગ્રુપની નિર્માણાધીન કન્સ્ટ્રક્શન સાઈટ પર દિવાલ પડવાની ઘટના બની છે. કન્સ્ટ્રક્શન સાઈટની બે બાજુથી દિવાલ ધરાશાયી થવાની ઘટના બાદ એક તરફ રોડ તો બીજી તરફ મકાન કન્સ્ટ્રક્શન સાઈટમાં જોખમી બન્યા છે.

અક્ષર ગ્રુપની ધ એમપ્રેસ નામની નિર્માણાધીન સાઈટની દિવાલ પડી છતાં સાઈટ પર બાઉન્ડ્રીની દિવાલ રીપેરીંગની જગ્યાએ બાંધકામની કામગીરી કરવામાં આવી રહી હોવાની વાત વચ્ચે AMCએ માત્ર રસ્તો બંધ કરી કામગીરીનો સંતોષ માન્યો છે.

એસજી હાઈવે પર વરસાદ

એસજી હાઈવે સહિતના વિસ્તારોમાં ધીમીધારે વરસાદ વરસી રહ્યો છે.

વેજલપુરમાં શ્રીનંદનગર સોસાયટી બહાર માટીના થેલા

વેજલપુરના શ્રીનંદનગર સોસાયટીમાં વરસાદના પાણી ન ભરાય તે માટે સોસાયટીના રહીશોએ સોસાયટીની બહાર માટીના થેલા ભરીને મૂકી દીધા છે. બે દિવસ ભારે વરસાદની આગાહી હોવાથી ગઈકાલ રાતથી જ સોસાયટીની બહાર માટીના થેલા ભરીને મૂકી દીધા હતા.

વસ્ત્રાલ, હાથીજણ, ઓઢવ, અમરાઈવાડી, વટવા, નિકોલમાં વરસાદ

પૂર્વમાં વસ્ત્રાલ, હાથીજણ, ઓઢવ, અમરાઈવાડી, વટવા, નિકોલ સહિતના વિસ્તારમાં વરસાદ શરૂ થયો છે.

વરસાદની અપડેટ્સ આપતા ભાસ્કર રિપોર્ટર અપૂર્વ સિસોદિયા

અમદાવાદ પૂર્વ-પશ્ચિમ વિસ્તારમાં વરસાદ શરૂ

શહેરના પૂર્વ અને પશ્ચિમ વિસ્તારમાં વરસાદ શરૂ થયો છે. શહેરના નરોડા, એરપોર્ટ રોડ, ઈન્દિરા બ્રિજ, મોટેરા, ચાંદખેડા, જગતપુર, ચેનપુર, એસપી રીંગ રોડ સહિતના વિસ્તારો વરસાદ પડી રહ્યો છે. શહેરના પૂર્વ અને પશ્ચિમ વિસ્તારમાં વરસાદ શરૂ થયો છે. શહેરના નરોડા, એરપોર્ટ રોડ, ઈન્દિરા બ્રિજ, મોટેરા, ચાંદખેડા, જગતપુર, ચેનપુર, એસપી રીંગ રોડ સહિતના વિસ્તારો વરસાદ પડી રહ્યો છે. વેજલપુરના શ્રીનંદનગર સોસાયટીમાં વરસાદના પાણી ન ભરાય તે માટે સોસાયટીના રહીશોએ સોસાયટીની બહાર માટીના થેલા ભરીને મૂકી દીધા છે. બે દિવસ ભારે વરસાદની આગાહી હોવાથી ગઈકાલ રાતથી જ સોસાયટીની બહાર માટીના થેલા ભરીને મૂકી દીધા હતા.

અક્ષર ગ્રુપની ધ એમપ્રેસ નામની નિર્માણાધીન સાઈટની દિવાલ પડી છતાં સાઈટ પર બાઉન્ડ્રીની દિવાલ રીપેરીંગની જગ્યાએ બાંધકામની કામગીરી કરવામાં આવી રહી હોવાની વાત વચ્ચે AMCએ માત્ર રસ્તો બંધ કરી કામગીરીનો સંતોષ માન્યો છે. ગતરોજ બપોર બાદ રાત્રે શહેરના પૂર્વ અને પશ્ચિમના વિસ્તારોમાં મેઘરાજાએ ધમાકેદાર બેટિંગ કરી હતી. મેઘમહેરના કારણે વાહનવ્યવહાર ખોરવાયો હતો અને નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા. જોકે, સૌથી વધુ વરસાદ બોડકદેવમાં 2.64 ઈંચ અને બોપલમાં 2.56 વરસાદ નોંધાયો હતો.

## ખાનગી કંપનીમાં નોકરી કરતો યુવક 5માં માળેથી પટકાયો

## આરોપીને જામીન આપવા હાઈકોર્ટનો ઈનકાર : સાયબર ફ્રોડ સિન્ડિકેટે 105 કરોડનો ફ્રોડ આચર્યો, દેશભરમાંથી તેઓના બેંક એકાઉન્ટની 40 ફરિયાદો મળી

અમદાવાદ, તા.01

કચ્છના B ડિવિઝન પોલીસ મથકે ડિસેમ્બર, 2025 માં ત્રણ આરોપીઓ સામે BNS અને IT એક્ટ અંતર્ગત પોલીસ ફરિયાદ નોંધાઈ હતી. જે પૈકી આરોપી જીગરે જામીન મેળવવા માટે ગુજરાત હાઈકોર્ટમાં અરજી દાખલ કરી હતી. જેને નકારી નાખવામાં આવી છે.



10 મહિનામાં 105 કરોડ જેટલી માતબર રકમ જમા થઈ

કેસને વિગતે જોતા પોલીસ દ્વારા ફરિયાદ આપવામાં આવી હતી કે, સાયબર ફ્રોડના ભોગ બનેલા લોકોના રૂપિયા ક્રિષ્ના ટ્રેડર્સ નામની ખોટી પેઢી ઊભી કરીને ખાનગી બેંકમાં ખાતું ખોલવામાં આવ્યું હતું. જેમાં માત્ર 10 મહિનામાં 105 કરોડ જેટલી માતબર રકમ જમા થઈ હતી અને મોટાભાગની રકમ ઉપાડી લેવામાં આવી હતી.

સમગ્ર દેશમાંથી આ ક્રાઈમ સિન્ડિકેટના ખાતા પર 40 જેટલી ફરિયાદો નોંધાઈ હતી. આરોપી પૈકી એક શુભમ ખાનગી બેંકમાં ટુ-વ્હીલરની લોન કરાવતો હતો. જે માત્ર મહિને 15 હજાર રૂપિયા કમાતો હતો. આરોપીઓએ ગણેશ ટ્રેડર્સ નામનું પણ ખાતું ખોલાવ્યું હતું . સમગ્ર દેશમાંથી આ ક્રાઈમ સિન્ડિકેટના ખાતા પર 40 જેટલી ફરિયાદો નોંધાઈ હતી. આરોપી પૈકી એક શુભમ ખાનગી બેંકમાં ટુ-વ્હીલરની લોન કરાવતો હતો. જે માત્ર મહિને 15 હજાર રૂપિયા કમાતો હતો. આરોપીઓએ ગણેશ ટ્રેડર્સ નામનું પણ ખાતું ખોલાવ્યું હતું .

આરોપી દર મહિને 50 હજારનું કમિશન મેળવતો હતો

આરોપીના વકીલે રજૂઆત કરી હતી કે, આ કેસમાં તપાસ પૂર્ણ થઈ ચૂકી છે અને ચાર્જશીટ ફાઈલ થઈ ચૂકી છે. આરોપી પાસેથી પોલીસે કશું મેળવવાનું રહેતું નથી. આરોપી નીચલા લેયરનો આરોપી છે, તેને માત્ર 8.52 લાખ રૂપિયા મળ્યા છે. જ્યારે સરકારી વકીલે સામે દલીલ કરી હતી કે તેને 26.60 લાખ રૂપિયા મળ્યા છે અને દર મહિને 50 હજારનું કમિશન તે મેળવતો હતો. આરોપીના વકીલે રજૂઆત કરી હતી કે, આ કેસમાં તપાસ પૂર્ણ થઈ ચૂકી છે અને ચાર્જશીટ ફાઈલ થઈ ચૂકી છે. આરોપી પાસેથી પોલીસે કશું મેળવવાનું રહેતું નથી. આરોપી નીચલા લેયરનો આરોપી છે, તેને માત્ર 8.52 લાખ રૂપિયા મળ્યા છે. જ્યારે સરકારી વકીલે સામે દલીલ કરી હતી કે તેને 26.60 લાખ રૂપિયા મળ્યા છે અને દર મહિને 50 હજારનું કમિશન તે મેળવતો હતો.

## ઈડરમાં કાર હોડીની જેમ વહી ગઈ : મોરબીમાં 8 ઈંચ વરસાદ; સુરતમાં ઘૂંટણસમા પાણીમાંથી અંતિમયાત્રા નીકળી

### ગઢડા શહેર અને તાલુકા માટે સંજીવની સમાન રમાઘાટ ડેમ સીઝનમાં પ્રથમવાર ઓવરફ્લો

અમદાવાદ, તા.01

આજે સવારે 6થી સાંજે 6 વાગ્યા સુધીમાં 247 તાલુકમાં સૌથી વધુ મોરબીમાં 8.66 ઈંચ વરસાદ ખાબક્યો છે. સુરેન્દ્રનગરના લખતરમાં ભારે વરસાદથી તારાજી સર્જાઈ છે. લીલાપુર ગામમાં એકબાજુ ઉમઈ નદીના પાણી અને બીજી તરફ રેલવે અંડરબ્રિજ પાણીમાં ગરકાવ થઈ જતાં સંપર્કવિહોણું બન્યું છે. લીલાપુર ગામ મુખ્ય માર્ગ પર હોવાથી માર્ગ બંધ થતાં આગળ આવેલા કારેલા, ઈંગરોળી અને સવલાણા સહિતના ગામોનો પણ તાલુકા મથક લખતર સાથેનો વાહનવ્યવહાર સંપૂર્ણપણે ઠપ થઈ ગયો છે.



દક્ષિણ ગુજરાતમાં સૌથી વધુ 91.35% વરસાદ નોંધાયો

24 કલાકમાં 34 જિલ્લાના 255 તાલુકામાં સરેરાશ 79.84 મિમી વરસાદ નોંધાયો છે. આ 24 કલાકમાં સૌથી વધુ વરસાદ સુરતના અંબિકા તાલુકામાં 22.24 ઈંચ, તાપીના ડોલવણમાં 16.73 ઈંચ, ખેડાના વસોમાં 16.38 ઈંચ, નવસારીના વાંસદામાં 16.26 ઈંચ અને ખેડાના નડિયાદમાં 13.43 ઈંચ નોંધાયો છે. રાજ્યમાં ચાલુ સિઝનમાં આજ સવારના 6 વાગ્યા સુધીમાં કુલ સરેરાશ 23.17 ઈંચ વરસાદ નોંધાયો છે, જે સિઝનના સરેરાશ વરસાદના 64.76% જેટલો થાય છે. દક્ષિણ ગુજરાતમાં સૌથી વધુ 91.35% વરસાદ નોંધાયો છે.

મુખ્ય બજારોમાં ગોઠણ સુધીના પાણી ભરાયા, પાણીની ટાંકી તણાઈ.

ગઢડા શહેર અને તાલુકા માટે સંજીવની સમાન રમાઘાટ ડેમ સીઝનમાં પ્રથમવાર ઓવરફ્લો.

વસોમાં 17 ઈંચ વરસાદથી તારાજી, દુકાનો- ઘરોમાં પાણી ભરાયા. વીજપોલ ધરાશાયી થતાં રાણપુરના અણીયાળી કસ્બાતી ગામથી કેરીયા ગામે જતો રસ્તો બંધ.

સુમનદીપ વિદ્યાપીઠની લક્ષ્મી હોસ્ટેલમાં પાણી ભરાતા રાત્રે 3 વાગ્યે 150 વિદ્યાર્થીઓનું સ્થળાંતર.

24 કલાક ગુજરાતમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી

ગુજરાતમાં સક્રિય ચાર હવામાન સિસ્ટમના કારણે 24 કલાક ભારેથી અતિભારે વરસાદની આગાહી છે. આજે અત્યંત ભારે વરસાદની સંભાવના સાથે 6 જિલ્લામાં રેડ એલર્ટ જાહેર કર્યું છે. જ્યારે 13 જિલ્લામાં ઓરેન્જ એલર્ટ અને 13 જિલ્લામાં છૂટાછવાયા સ્થળોએ ભારે વરસાદની શક્યતાને પગલે યલો એલર્ટ જાહેર કરાયું છે. જોકે હવામાન વિભાગના જણાવ્યા મુજબ, આવતીકાલથી રાજ્યમાં વરસાદનું જોર ધીમે ધીમે ઘટવાની શક્યતા છે. નેત્રંગ તાલુકાનો પ્રસિદ્ધ ધાણીકુટ ધોધ સોળે કળાએ ખીલી ઉઠ્યો. હાલ રાજ્ય પર વેલમાર્ક લો પ્રેશર, મોનસૂન ટ્રફ, શિયર ઝોન અને વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સહિત કુલ ચાર હવામાન પ્રણાલીઓ સક્રિય હોવાથી વરસાદી માહોલ સર્જાયો છે.

## GCAS દ્વારા લેવાતી કોમન એન્ટ્રન્સ એક્ઝામ મોકૂફ

## 2 ઓગસ્ટે ફિઝિયોથેરાપીમાં 775 અને ઓપ્ટોમેટ્રીમાં 17 વિદ્યાર્થીઓ પરીક્ષા આપવાના હતા

અમદાવાદ, તા.01

અમદાવાદ સહિત રાજ્યમાં અનેક જિલ્લાઓમાં ભારે વરસાદની આગાહી વચ્ચે ગુજરાત કોમન એડમિશન સર્વિસ દ્વારા આવતીકાલે 2 ઓગસ્ટે યોજાનારી માસ્ટર ઓફ ફિઝિયોથેરાપી અને માસ્ટર ઓફ ઓપ્ટોમેટ્રી કોમન એન્ટ્રન્સ ટેસ્ટ મુલતવી રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. વિદ્યાર્થીઓની સલામતી અને મુસાફરીની મુશ્કેલીઓને ધ્યાનમાં રાખીને પરીક્ષા રદ કરવામાં આવી છે. તેમજ પરીક્ષાની નવી તારીખ પણ હવે આગામી સમયમાં જાહેર કરવામાં આવશે.




ફિઝિયોથેરાપી અને ઓપ્ટોમેટ્રીમાં પ્રવેશ પરીક્ષા મોકૂફ

રાજ્યના અનેક જિલ્લામાં વરસાદ વરસી રહ્યો છે. તેમજ હજુ પણ અમદાવાદ સહિત અનેક જિલ્લાઓમાં રેડ એલર્ટ સાથે ભારેથી અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. જેથી ભારે વરસાદની આગાહીને ધ્યાનમાં રાખીને ગુજરાત કોમન એડમિશન સર્વિસ દ્વારા વિદ્યાર્થીઓના હિતમાં મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. આવતીકાલે એટલે કે રવિવારે યોજાનારી માસ્ટર ઓફ ફિઝિયોથેરાપી (MPT) અને માસ્ટર ઓફ ઓપ્ટોમેટ્રી (M. Optometry) માટેની કોમન એન્ટ્રન્સ ટેસ્ટ હાલ પૂરતી મુલતવી રાખવામાં આવી છે.

નવી તારીખ આગામી સમયમાં જાહેર કરાશે

રેડ એલર્ટની પરિસ્થિતિ હોવાથી પરીક્ષા મોકૂફ રાખવામાં આવેલ છે. કોમન એન્ટ્રન્સ ટેસ્ટમાં માસ્ટર ઓફ ફિઝિયોથેરાપીમાં 775 અને માસ્ટર ઓફ ઓપ્ટોમેટ્રીમાં પ્રવેશ માટે 17 જેટલા વિદ્યાર્થીઓ પરીક્ષા આપવાના હતા. જે તમામ વિદ્યાર્થીઓને ફોન અને મેસેજ કરીને પણ પરીક્ષા મોકૂફ રાખવામાં આવી હોવાની જાણ કરવામાં આવી છે. ભારે વરસાદની શક્યતાને કારણે વિદ્યાર્થીઓની સુરક્ષા અને મુસાફરી દરમિયાન મુશ્કેલી સર્જાઈ શકે તેવી સ્થિતિને જોતા કોમન એન્ટ્રન્સ ટેસ્ટ મોકૂફ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. તેમજ GCAS દ્વારા પરીક્ષાની નવી પણ આગામી સમયમાં જાહેર કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. GCAS પોર્ટલના માધ્યમથી જ નવી તારીખો જાહેર કરવામાં આવશે.

## બોપલના TCS iON સેન્ટર પર વરસાદી પાણી વચ્ચે ઉમેદવારો પહોંચ્યા

### શાળા-કોલેજો બંધ, સરકારી પરીક્ષાઓ મોકૂફ છતાં SBI PO પરીક્ષા યથાવત: યુવતી લેટ પહોંચતા પ્રવેશ ના મળ્યો

અમદાવાદ, તા.01

રાજ્યમાં ભારે વરસાદને પગલે જિલ્લાની તમામ શાળા-કોલેજો બંધ રાખવામાં આવી છે અને સરકારી પરીક્ષાઓ પણ મુલતવી રાખવામાં આવી છે. પરંતુ અમદાવાદના બોપલ સ્થિત સ્ટર્લિંગ સિટી વિસ્તારમાં આવેલા TCS iON ઝોન સેન્ટર ખાતે સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાની પ્રોબેશનરી ઓફિસર (SBI PO) ની પરીક્ષા યોજાતા ઉમેદવારોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો. વરસાદી પાણી ભરાયેલા રસ્તાઓમાંથી પસાર થઈને ઉમેદવારો પરીક્ષા કેન્દ્ર સુધી પહોંચ્યા.




વરસાદી પાણી વચ્ચે ઉમેદવારો પરીક્ષા સેન્ટર પર પહોંચ્યા

બોપલના સ્ટર્લિંગ સિટી વિસ્તારમાં ભારે વરસાદને કારણે પાણી ભરાઈ ગયા હતા. તેમ છતાં ગુજરાતના વિવિધ જિલ્લાઓમાંથી આવેલા ઉમેદવારો પરીક્ષા આપવા માટે પાણી વચ્ચેથી પસાર થઈને કેન્દ્ર સુધી પહોંચ્યા. પરીક્ષા કેન્દ્ર સુધી પહોંચવા માટે ઉમેદવારોએ ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો.

એક દિવ્યાંગ યુવતી લેટ પહોંચતા પ્રવેશ ના મળ્યો

વૃંદા વિસદ સર્કલ વિસ્તારથી પરીક્ષા આપવા આવી હતી. પરંતુ રસ્તામાં ભરાયેલા વરસાદી પાણી અને અવરજવરની મુશ્કેલીને કારણે તે પરીક્ષા કેન્દ્ર પર મોડેથી પહોંચી. પરીક્ષા શરૂ થઈ જતાં તેને પરીક્ષામાં બેસવાની મંજૂરી મળી નહીં. મહત્વની વાત એ છે કે વૃંદા દિવ્યાંગ ઉમેદવાર છે. વૃંદા વિસદ સર્કલ વિસ્તારથી પરીક્ષા આપવા આવી હતી. પરંતુ રસ્તામાં ભરાયેલા વરસાદી પાણી અને અવરજવરની મુશ્કેલીને કારણે તે પરીક્ષા કેન્દ્ર પર મોડેથી પહોંચી. પરીક્ષા શરૂ થઈ જતાં તેને પરીક્ષામાં બેસવાની મંજૂરી મળી નહીં. મહત્વની વાત એ છે કે વૃંદા દિવ્યાંગ ઉમેદવાર છે.

પરીક્ષા આપવાની તક મળી શકે કે નહીં તે અંગે તપાસ

હાલ પરીક્ષા સત્તાધીશો દ્વારા દિવ્યાંગ ઉમેદવાર વૃંદાને બીજા રાઉન્ડ અથવા અન્ય વિકલ્પ હેઠળ પરીક્ષા આપવાની તક મળી શકે કે નહીં તે અંગે તપાસ અને વિચારણા કરવામાં આવી રહી છે. વરસાદ વચ્ચે યોજાયેલી આ પરીક્ષાએ ઉમેદવારોની મુશ્કેલીઓ અને વ્યવસ્થાને લઈને અનેક પ્રશ્નો ઊભા કર્યા છે. હાલ પરીક્ષા સત્તાધીશો દ્વારા દિવ્યાંગ ઉમેદવાર વૃંદાને બીજા રાઉન્ડ અથવા અન્ય વિકલ્પ હેઠળ પરીક્ષા આપવાની તક મળી શકે કે નહીં તે અંગે તપાસ અને વિચારણા કરવામાં આવી રહી છે. વરસાદ વચ્ચે યોજાયેલી આ પરીક્ષાએ ઉમેદવારોની મુશ્કેલીઓ અને વ્યવસ્થાને લઈને અનેક પ્રશ્નો ઊભા કર્યા છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

# રિપોર્ટ: અમેરિકા-ઇઝરાયલ આ અઠવાડિયે ઈરાન પર હુમલો કરી શકે છે : વીજ પ્લાન્ટ-રિફાઇનરીને ટાર્ગેટ કરશે; ટ્રમ્પે કહ્યું- ઈરાન પરનો વિશ્વાસ હવે ખતમ થઈ રહ્યો છે

**સ્યુટા, તા.01**

અમેરિકા અને ઇઝરાયલ ઈરાનના ઊર્જા માળખા પર મોટા હુમલાની તૈયારી કરી રહ્યા છે. CBS ન્યૂઝના રિપોર્ટ અનુસાર, આ અઠવાડિયે વીજળી પ્લાન્ટ્સ અને તેલ રિફાઈનરીઓને નિશાન બનાવી શકાય છે.

આ સૈન્ય યોજના પર શુક્રવારે કેમ્પ ડેવિડમાં યોજાયેલી ટ્રમ્પની કેબિનેટ બેઠકમાં પણ ચર્ચા થઈ હતી. બેઠક દરમિયાન ટ્રમ્પે કહ્યું, 'અમે ઈરાન પર ખૂબ જ જોરદાર હુમલો કરીશું.' તેમણે એમ પણ કહ્યું કે હવે તેમને ઈરાન પર ભરોસો નથી રહ્યો, કારણ કે 'તેઓ જૂઠું બોલે છે, વાતચીતની વાત કરે છે, પરંતુ વારંવાર પોતાનો વાયદો તોડી નાખે છે.'

બીજી તરફ ઈરાનના એક વરિષ્ઠ અધિકારીએ કહ્યું કે જો અમેરિકા હુમલો કરશે તો તેનો જવાબ પૂરી તૈયારી સાથે આપવામાં આવશે. તેમના મતે, જવાબી કાર્યવાહીમાં અમેરિકા અને ઇઝરાયલના મહત્વના સૈન્ય ઠેકાણાઓ અને માળખાકીય સુવિધાઓને નિશાન બનાવવામાં આવશે.

1. જયશંકરની ઈરાની વિદેશ મંત્રી સાથે વાત: વિદેશ મંત્રી જયશંકરે ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચી સાથે ફોન પર વાત કરી. તેમણે કહ્યું કે કોઈપણ સંજોગોમાં વેપારી જહાજો અને તેના પર કામ કરતા નાવિકોને નિશાન બનાવવામાં ન આવવા જોઈએ.

2. ઈરાન યુદ્ધમાં 16 ભારતીયોના મોત: આ વર્ષે પશ્ચિમ એશિયામાં સંઘર્ષ શરૂ થયા બાદ અત્યાર સુધીમાં 16 ભારતીય નાગરિકોના મોત થયા છે. તેમાં 10 નાવિકોનો સમાવેશ થાય છે. સરકારે સંસદમાં આ અંગે જાણકારી આપી.

3. પેન્ટાગોને 18.2 અબજ ડોલરની માંગણી કરી: અમેરિકાના સંરક્ષણ વિભાગ (પેન્ટાગોન) એ ઈરાન યુદ્ધ દરમિયાન ઉપયોગમાં લેવાયેલી મિસાઈલોનો ભંડાર ફરીથી ભરવા માટે 18.2 અબજ ડોલર (લગભગ 1.59 લાખ કરોડ રૂપિયા) ની તાત્કાલિક ભંડોળની માંગણી કરી છે.

4. IRGC સભ્યોના મૃતદેહ ઈરાન પહોંચ્યા: ઈરાની મીડિયા અનુસાર, ઈરાકમાં તાજેતરના



અમેરિકી અને સાઉદી હુમલાઓમાં માર્યા ગયેલા IRGC ના પાંચ સભ્યોના મૃતદેહ શુક્રવારે ઈરાન લાવવામાં આવ્યા.

ટ્રમ્પ ઈરાન યુદ્ધમાંથી બહાર નીકળવાનો રસ્તો શોધી રહ્યા છે: રિપોર્ટ

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ ઈરાન સાથે ચાલી રહેલા યુદ્ધને સમાપ્ત કરવાનો માર્ગ શોધી રહ્યા છે. CNNના અહેવાલ મુજબ, સાઉદી અરેબિયાના સંરક્ષણ પ્રધાન ખાલિદ બિન સલમાને આ અઠવાડિયે વ્હાઇટ હાઉસ પહોંચીને ટ્રમ્પ અને ઉપરાષ્ટ્રપતિ જેડી વેન્સને સંદેશ આપ્યો કે યુદ્ધને જલદી ઓછું કરવામાં આવે, કારણ કે લાંબા સંઘર્ષથી સમગ્ર ક્ષેત્રમાં મોટું સંકટ ઊભું થઈ શકે છે.

ટ્રમ્પ પર રિપબ્લિકન પાર્ટી તરફથી પણ યુદ્ધ સમાપ્ત કરવાનું દબાણ વધી રહ્યું છે. જોકે, અમેરિકી અધિકારીઓનું કહેવું છે કે હાલમાં ઈરાન સાથે સીધી વાતચીત ફરી શરૂ થવાની કોઈ શક્યતા નથી.

બીજી તરફ, ઇઝરાયલી વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂએ ટ્રમ્પ સાથેની મુલાકાતમાં કહ્યું કે ઈરાન સાથે વાતચીતથી ઉકેલ મળવાની આશા ઓછી છે. બંને નેતાઓએ ઈરાન પર દબાણ વધારવા અને જરૂર પડ્યે ફરી મોટા સૈન્ય અભિયાનના વિકલ્પો પર ચર્ચા કરી.

ઇઝરાયલી PM બેન્જામિન નેતન્યાહૂ અને અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની મંગળવારે વોશિંગ્ટનમાં મુલાકાત થઈ હતી.

કુવૈત બોલ્યું- સુરક્ષા માટે દરેક જરૂરી પગલાં ઉઠાવશે

કુવૈતના વિદેશ મંત્રાલયે ડ્રોન હુમલા પછી ઈરાનની સખત નિંદા કરી છે. કુવૈતે કહ્યું કે તેને પોતાની સુરક્ષા, રાષ્ટ્રીય હિતો અને સંસાધનોની રક્ષા માટે દરેક જરૂરી પગલાં ઉઠાવવાનો અધિકાર છે.

મંત્રાલયે કહ્યું કે મહત્વના ઠેકાણાઓને નિશાન બનાવવું એ કુવૈતની સાર્વભૌમત્વનું ઉલ્લંઘન છે અને તે ઈરાનના આક્રમક વલણને દર્શાવે છે.

ઇઝરાયલે દક્ષિણ લેબનોન પર ફરી હુમલા કર્યા

યુદ્ધવિરામ છતાં ઇઝરાયલે શનિવારે દક્ષિણ લેબનોનમાં હવાઈ હુમલા કર્યા છે. સ્થાનિક મીડિયા અનુસાર, જાવતર અલ-શરકિયા અને ટાયર જિલ્લાના મશા અલ-મન્સૂરી વિસ્તારમાં અનેક વિસ્ફોટો થયા.

હુમલા એવા સમયે થયા છે, જ્યારે લેબનોનના રાષ્ટ્રપતિ જોસેફ આઉને તાજેતરમાં ઇઝરાયલ પર સતત યુદ્ધવિરામ ભંગ કરવાનો આરોપ લગાવ્યો હતો. તેમણે કહ્યું કે માળખાકીય સુવિધાઓ અને યુનેસ્કોના વિશ્વ વારસા સ્થળોને નિશાન બનાવવામાં આવી રહ્યા છે, જેનાથી તાજેતરમાં થયેલા કરારના અમલ પર ખતરો ઉભો થયો છે.

હૂતી વિદ્રોહીઓ બોલ્યા- બાબ અલ-મંદેબમાં જહાજો પાસેથી કોઈ શુલ્ક નહીં લેવાય

હૂતી વિદ્રોહીઓએ કહ્યું છે કે બાબ અલ-મંદેબ સ્ટ્રેટમાંથી પસાર થતા જહાજો પાસેથી કોઈ પૈસા વસૂલવામાં આવશે નહીં. જૂથે મીડિયામાં ચાલી રહેલા તે સમાચારોને ખોટા ગણાવ્યા, જેમાં જહાજો પાસેથી શુલ્ક લેવાનો દાવો કરવામાં આવ્યો હતો.

હૂતી જૂથના હ્યુમેનિટેરિયન ઓપરેશન્સ કોઓર્ડિનેશન સેન્ટરે કહ્યું, 'બાબ અલ-મંદેબ સ્ટ્રેટમાંથી પસાર થવું સંપૂર્ણપણે ફ્રી છે. જે જહાજો પર અમારો પ્રતિબંધ નથી, તેઓ પહેલાની જેમ સુરક્ષિત અવરજવર કરી શકે છે.'

જણાવી દઈએ કે 20 જુલાઈએ હૂતી વિદ્રોહીઓએ સાઉદી અરબ વિરુદ્ધ નૌસૈનિક નાકાબંધીની જાહેરાત કરી હતી.

કુવૈતમાં ડ્રોન હુમલાથી અનેક જગ્યાએ નુકસાન

કુવૈતની સેનાએ કહ્યું કે તેણે દેશની સરહદમાં ઘૂસેલા અનેક દુશ્મન ડ્રોનને તોડી પાડ્યા. આ પહેલાં સેનાએ ઈરાની આક્રમકતાનો હવાલો આપતા એર ડિફેન્સ સિસ્ટમ એક્ટિવ કરવાની જાણકારી આપી હતી.

સેના અનુસાર, ઉત્તરી કુવૈતમાં એક સરકારી ઈમારત અને બુબિયાન દ્વીપ પર એક સિવિલિયન પ્રોપર્ટીને નુકસાન થયું છે. ડ્રોનના કાટમાળ અને શેલના ટુકડા પડવાથી નુકસાન થયું, પરંતુ કોઈ જાનહાનિના સમાચાર નથી.

ઈટાલીના યુદ્ધ જહાજની સુરક્ષામાં જહાજે રેડ સી પાર કર્યું

યુરોપિયન યુનિયનના નૌકાદળ મિશને કહ્યું છે કે તેની દેખરેખ હેઠળ એક વેપારી જહાજ સુરક્ષિત રીતે રેડ સી પાર કરી ગયું. આ દરમિયાન જહાજને ઈટાલીના યુદ્ધ જહાજે સુરક્ષા આપી.

# નેપાળના પ્રખ્યાત પર્વતારોહક નિર્મલ પુર્જાનું પાકિસ્તાનમાં મોત : બ્રોડ પીક પર ચઢાણ દરમિયાન 7 હજાર ફૂટ ઊપર દુર્ઘટના

**પાકિસ્તાન તા.01**

નેપાળના પ્રખ્યાત પર્વતારોહક નિર્મલ પુર્જાનું પાકિસ્તાનમાં હિમપ્રપાત (એવલાંચ)ની ઝપેટમાં આવ્યા બાદ અવસાન થયું છે. તેમના નિધનની પુષ્ટિ તેમની જ પર્વતારોહણ કંપની એલાઈટ એક્સપેડિશને કરી છે.

નિર્મલ પુર્જા 30 જુલાઈએ કારાકોરમ વિસ્તારમાં 8,051 મીટર ઊંચા બ્રોડ પીકના શિખર પર ચઢાણ કરી રહ્યા હતા. આ દરમિયાન લગભગ 7,000 મીટરની ઊંચાઈ પર આ દુર્ઘટના બની હતી.

હિમપ્રપાત બાદ નિર્મલ પુર્જા સહિત 10 પર્વતારોહકો ગુમ થઈ ગયા હતા. જેમાં છ નેપાળી પર્વતારોહકો પણ સામેલ હતા.

નિર્મલ પુર્જાના મૃતદેહને હેલિકોપ્ટરથી રેસ્ક્યુ કરવામાં આવ્યો.

6 મહિનામાં 14 સૌથી ઊંચી ચોટીઓ સર કરી

નેપાળ અને દુનિયાભરના પર્વતારોહકોમાં 'નિમ્બસ દાઈ' તરીકે જાણીતા નિર્મલ પુર્જાએ 2019માં 'પ્રોજેક્ટ પોસિબલ'ની શરૂઆત કરી હતી.

તેમનો ઉદ્દેશ્ય દુનિયાની 8,000 મીટરથી ઊંચી તમામ 14 ચોટીઓને માત્ર સાત મહિનામાં સર કરવાનો હતો.



તે સમયે તેને લગભગ અશક્ય માનવામાં આવી રહ્યું હતું.

નિર્મલ પુર્જાએ આ પરાક્રમ માત્ર છ મહિના અને છ દિવસમાં પૂરું કરી દીધું. આ સાથે તેમણે દક્ષિણ કોરિયાના પર્વતારોહક કિમ ચાંગ-હોનો લગભગ 8 વર્ષ જૂનો વિશ્વ રેકોર્ડ તોડી નાખ્યો.

બ્રિટિશ સ્પેશિયલ ફોર્સમાં જોડાનાર પ્રથમ નેપાળી નિર્મલ પુર્જાનો જન્મ 25 જુલાઈ 1983ના રોજ નેપાળના મ્યાગ્દી જિલ્લાના દાના ગામમાં થયો હતો. તેમના પરિવારનો સેના સાથે ગાઢ સંબંધ રહ્યો છે. ઘણી પેઢીઓથી પરિવારના સભ્યો ગોરખા રેજિમેન્ટમાં સેવા આપતા રહ્યા છે.

તેમના પિતા અને ત્રણ મોટા ભાઈઓ પણ ગોરખા સૈનિક હતા. આવા વાતાવરણમાં ઉછરેલા નિર્મલે પણ બાળપણથી જ સૈનિક બનવાનું સપનું જોયું હતું. બાદમાં તેમણે આ પરંપરાને આગળ વધારી અને બ્રિટિશ સેનાની ગોરખા રેજિમેન્ટમાં ભરતી થયા.

લગભગ છ વર્ષ સુધી ગોરખા સૈનિક તરીકે સેવા આપ્યા પછી, તેમણે એક વધુ મોટી સિદ્ધિ હાંસલ કરી. તેઓ બ્રિટિશ રોયલ નેવીની સ્પેશિયલ બોટ સર્વિસ (SBS)માં સામેલ થનાર પ્રથમ નેપાળી બન્યા.

SBS બ્રિટનની નૌકાદળની સૌથી ખતરનાક અને પ્રતિષ્ઠિત સ્પેશિયલ ફોર્સ છે. તેના સૈનિકો સમુદ્ર, પર્વત, જંગલ અને દુશ્મનના વિસ્તારમાં ગુપ્ત ઓપરેશન ચલાવવા માટે પ્રશિક્ષિત હોય છે. તેમાં પસંદગી એટલી મુશ્કેલ છે કે બહુ ઓછા સૈનિકો તેને પૂર્ણ કરી શકે છે.

નિર્મલ પૂજા બ્રિટનની એલિટ સ્પેશિયલ ફોર્સ SBSમાં ટિયર-1 ઓપરેટર રહી ચૂક્યા છે.

સ્વપ્ન પૂરું કરવા માટે નોકરી છોડી દીધી

સેનામાં હતા ત્યારે નિર્મલ પુર્જાએ અત્યંત ઠંડા અને મુશ્કેલ વિસ્તારોમાં અનેક સ્પેશિયલ ઓપરેશનમાં ભાગ લીધો હતો. આ દરમિયાન તેમના મનમાં દુનિયાની સૌથી ઊંચી ચોટીઓ સર કરવાનો વિચાર આવ્યો.

વર્ષ 2012માં નિર્મલ પુર્જા પહેલીવાર એવરેસ્ટ બેઝ કેમ્પ ટ્રેક પર ગયા હતા. તે સમયે તેઓ સેનામાં હતા ત્યારે તેમના મનમાં એવરેસ્ટની ચોટી પર ચઢવાનો વિચાર આવ્યો. આ માટે તેમણે તાલીમ શરૂ કરી.

લગભગ બે વર્ષની મહેનત પછી 2014માં તેમણે પહેલીવાર માઉન્ટ એવરેસ્ટ સર કર્યું. આ પછી તેમણે દુનિયાની 8,000 મીટરથી ઊંચી તમામ ચોટીઓ પર ચઢવાનું લક્ષ્ય બનાવ્યું.

પોતાના આ સ્વપ્નને પૂરું કરવા માટે તેમણે 2018માં પોતાની નોકરી છોડી દીધી અને સંપૂર્ણપણે પર્વતારોહણ પર ધ્યાન કેન્દ્રિત કર્યું.

આમાં સૌથી મોટો પડકાર પૈસાનો હતો. ખર્ચ ભેગા કરવા માટે તેમણે પોતાનું ઘર પણ વેચી દીધું, જેથી દુનિયાની સૌથી ઊંચી ચોટીઓ પર ચઢવાનું સ્વપ્ન પૂરું કરી શકે.

## પહેલીવાર સામાન વગર ચીન પહોંચ્યા ભારતીય વેપારીઓ

# 6 વર્ષ પછી ભારત-તિબેટ વેપાર શરૂ; 2019થી તકલાકોટમાં કરોડોનો માલ ફસાયેલો

**પિથોરાગઢ, તા.01**

ઉત્તરાખંડના લિપુલેખ ઘાટથી 6 વર્ષ પછી ભારત-તિબેટ પરંપરાગત વેપાર શનિવારથી ફરી શરૂ થઈ ગયો છે. પ્રથમ દળમાં 16 ભારતીય વેપારીઓ અને 4 મદદનીશો તિબેટના તકલાકોટ મંડી પહોંચ્યા.

ખાસ વાત એ રહી કે ઈતિહાસમાં પહેલીવાર ભારતીય વેપારીઓ સામાન વગર ચીન ગયા. સરહદ પર ચીની પ્રશાસને તેમના દસ્તાવેજોની તપાસ કર્યા પછી પ્રવેશ આપ્યો, જ્યારે વેપારીઓનો સામાન હજુ પણ પિથોરાગઢના ગુંજીમાં રાખેલો છે.

તેમજ, વર્ષ 2019થી ભારતીય વેપારીઓનો કરોડો રૂપિયાનો માલ પણ તકલાકોટમાં છૂટી ગયો છે.

જૂનથી જુલાઈ સુધી વેપાર ટળતો રહ્યો

કોરોના મહામારી અને ભારત-ચીન સંબંધોમાં આવેલી કડવાશને કારણે વર્ષ 2020થી બંને દેશો વચ્ચે પરંપરાગત વેપાર સંપૂર્ણપણે બંધ હતો. આ વર્ષે જૂનમાં વેપાર શરૂ થવાનો હતો, પરંતુ ઔપચારિકતાઓ અને ચીન તરફથી સતત બદલાતા નિયમોને કારણે પ્રક્રિયા ટળતી રહી.

8 જુલાઈના રોજ વેપારીઓ સામાન લઈને ગુંજી સુધી પહોંચી ગયા હતા. તેમને ટ્રેડ પાસ પણ



જારી કરી દેવામાં આવ્યા હતા, પરંતુ રવાના થવાના બરાબર એક દિવસ પહેલા ચીનના પુરાંગ કાઉન્ટી પ્રશાસને વ્યવસ્થા પૂરી ન હોવાનું કારણ આપીને વેપારીઓની એન્ટ્રી રોકી દીધી. આ પછી વેપારીઓ પોતાનો સામાન ગુંજીમાં છોડીને પાછા ધારચુલા પાછા ફર્યા. લિપુલેખ ઘાટમાંથી ચીનમાં પ્રવેશ કરતી વખતે ભારતીય વેપારીઓના દસ્તાવેજોની તપાસ કરતી ચીની પોલીસ.

હાલ પૂરતું માત્ર 20 લોકોને મંજૂરી

વેપાર શરૂ થવાને લઈને સરહદી વિસ્તારના વેપારીઓમાં ઘણો ઉત્સાહ હતો. પ્રશાસને 134 વેપારીઓ અને સહાયકોના ટ્રેડ પાસ જારી કર્યા હતા. જોકે, બાદમાં ચીન તરફથી નવો આદેશ જારી કરીને હાલ પૂરતું માત્ર 20 લોકોને તકલાકોટ જવાની મંજૂરી આપવામાં આવી.

ચીની પ્રશાસને સ્પષ્ટ કર્યું કે પ્રથમ તબક્કામાં ફક્ત તે જ વેપારીઓને પ્રવેશ મળશે, જેઓ વર્ષ 2019માં તકલાકોટ ગયા હતા અને જેમનો સામાન ત્યાં રહી ગયો હતો.

SDMએ કહ્યું- ભારત-ચીન વેપાર વિધિવત રીતે શરૂ થયો

ધારચુલાના SDM અને વેપાર અધિકારી આશિષ જોશીએ જણાવ્યું કે 1 ઓગસ્ટના રોજ સવારે લગભગ 10:15 વાગ્યે લિપુલેખ ઘાટથી ભારત-ચીન પરંપરાગત વેપારની ઔપચારિક શરૂઆત થઈ ગઈ. પ્રથમ દળમાં 16 વેપારીઓ અને 4 હેલ્પર, કુલ 20 લોકો તકલાકોટ મંડી પહોંચ્યા છે. ત્યાં તેઓ વેપારી પ્રવૃત્તિઓ શરૂ કરશે.

તેમણે કહ્યું કે આગળના બેચોને મોકલવાની તારીખ નક્કી કરવા માટે ચીની પ્રશાસન સાથે સતત ઈમેલ દ્વારા પત્રવ્યવહાર કરવામાં આવી રહ્યો છે.

હાલમાં ગુંજીમાં ગોળ, સાકર અને વાસણો રાખવામાં આવ્યા છે

વેપારીઓનો ગોળ, સાકર, વાસણો સહિતનો અન્ય વેપારી સામાન હજુ પણ ગુંજીમાં રાખેલો છે. જણાવવામાં આવી રહ્યું છે કે તકલાકોટમાં વ્યવસ્થા પૂરી થયા પછી વેપારીઓ ફરીથી સામાન લઈને જશે. જો બધું સામાન્ય રહ્યું તો આગામી કેટલાક દિવસોમાં 20-20 વેપારીઓના અન્ય દળો પણ ચીન રવાના કરવામાં આવશે.

# ગેંગસ્ટર ઉઝૈર બલોચના ભાઈને ગોળીઓથી વીંધી નાખ્યો : હાલત ગંભીર, લ્યારીમાં ફરી ગેંગવોર ભડકવાનો ડર

**કરાચી, તા.01**

પાકિસ્તાનના કરાચીમાં જેલમાં બંધ કુખ્યાત ગેંગસ્ટર ઉઝૈર બલોચના ભાઈ ઝુબેર બલોચ પર ગુરુવારે સાંજે જીવલેણ હુમલો થયો. કરાચીના લ્યારી વિસ્તારમાં તેમના ઘરની બહાર બાઈક સવાર અજાણ્યા હુમલાખોરોએ આડેધડ ગોળીબાર કર્યો.

હુમલામાં 40 વર્ષીય ઝુબેર ગંભીર રીતે ઘાયલ થયા, જ્યારે ગોળીબારની ઝપેટમાં આવેલા બે રાહદારીઓ પણ ઘાયલ થયા છે. પાકિસ્તાની મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ઝુબેરના છાતી અને પેટમાં ગોળીઓ વાગી છે અને તેમની હાલત ગંભીર છે.

પાકિસ્તાની અખબાર ડોન અનુસાર, હુમલાખોરો ઘટનાને અંજામ આપ્યા બાદ સ્થળ પરથી ફરાર થઈ ગયા. ઘાયલોને તરત જ કરાચીની સિવિલ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા, જ્યાં ઝુબેરની સર્જરી કરવામાં આવી. હોસ્પિટલ પ્રશાસન અનુસાર, ઘાયલ રાહદારીઓમાંથી એકની હાલત પણ ગંભીર છે.

ગુનેગારોને પકડવા માટે ચેકિંગ તેજ કરાઈ

પોલીસે ઘટનાસ્થળની આસપાસ લાગેલા CCTV



કેમેરાના ફૂટેજ તપાસવાનું શરૂ કરી દીધું છે જેથી હુમલાખોરોના ભાગવાના રૂટનો પત્તો લગાવી શકાય.

ઘટનાસ્થળેથી ગોળીઓના ખોખાં મળી આવ્યા છે, જેને ફોરેન્સિક તપાસ માટે મોકલી દેવામાં આવ્યા છે જેથી ઉપયોગમાં લેવાયેલા હથિયારનો પ્રકાર જાણી શકાય.

હુમલા બાદ લ્યારીમાં સ્થિતિ તણાવપૂર્ણ છે, જેના કારણે ત્યાં વધારાના પોલીસ દળ અને રેન્જર્સને તૈનાત કરવામાં આવ્યા છે.

શંકાસ્પદોને પકડવા માટે કરાચીના એન્ટ્રી અને એક્ઝિટ પોઈન્ટ્સ પર ચેકિંગ સઘન કરવામાં આવ્યું છે.

ગેંગવોર અને જૂની અદાવતની તપાસ

સાઉથના ડીઆઈજી સૈયદ અસદ રઝાએ જણાવ્યું કે પોલીસ દરેક એંગલથી મામલાની તપાસ કરી રહી છે. હજુ એ જાણવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે કે હુમલો ગેંગવોરના કારણે થયો, જૂની દુશ્મનીના કારણે થયો કે તેની પાછળ કોઈ અન્ય કારણ છે. હાલમાં પોલીસે કોઈ એક કારણની પુષ્ટિ કરી નથી.

પોલીસના જણાવ્યા અનુસાર, ઝુબેર બલોચને 2012માં સાત ગુનાહિત કેસોમાં ધરપકડ કરવામાં આવી હતી. તે જાન્યુઆરી 2025માં જેલમાંથી બહાર આવ્યો હતો. પોલીસ હવે એ પણ તપાસ કરી રહી છે કે તેની જૂની ગુનાહિત અદાવતોનો આ હુમલા સાથે કોઈ સંબંધ છે કે નહીં.

ઉઝૈર બલોચે ધરપકડ બાદ દાવો કર્યો હતો કે તેને પાકિસ્તાન પીપલ્સ પાર્ટી (PPP)ના કેટલાક મોટા નેતાઓનું રાજકીય સંરક્ષણ મળ્યું હતું.

વિસ્તારમાં ફરીથી ગેંગવોર શરૂ થવાની ચર્ચા

આ ઘટના બાદ લ્યારીમાં ફરી એકવાર ગેંગવોરની આશંકાઓ વધી ગઈ છે. વિસ્તારના એક સામાજિક કાર્યકર્તાએ નામ ન આપવાની શરતે જણાવ્યું કે ઝુબૈરે તાજેતરમાં એક રાજકીય પક્ષમાં જોડાયો હતો અને થોડા મહિના પહેલા વિસ્તારમાં પક્ષના ઝંડા પણ લગાવ્યા હતા.

# નેતન્યાહુની મુશ્કેલી વધી- ટ્રમ્પને ખુશ કરવા કે ખુરશી બચાવવી : ગાઝામાંથી સેના હટાવવાના નિર્ણય પર ઇઝરાયલમાં વિરોધ, 2 મહિના પછી ચૂંટણી

**તેલ અવીવ તા.01**

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે 30 જુલાઈએ દાવો કર્યો હતો કે ગાઝાને લઈને ઐતિહાસિક સમજૂતી થઈ ગઈ છે. હમાસ હથિયાર છોડવા તૈયાર થઈ ગયું છે. આ સાથે જ ઈઝરાયલી સેના પણ ગાઝામાંથી પાછી હટી જશે.

ટ્રમ્પની જાહેરાત બાદ સવાલો પૂછાવા લાગ્યા છે કે શું ઈઝરાયલ ખરેખર ગાઝામાંથી પોતાની સેના હટાવી લેશે? આ જ શરત હવે ઈઝરાયલના રાજકારણમાં સૌથી મોટા વિવાદનું કારણ બની ગઈ છે. ઈઝરાયલમાં ઘણા નેતાઓ અને ત્યાંના મીડિયા આ સમજૂતીને લઈને નારાજ છે.

એક તરફ ટ્રમ્પ દાવો કરી રહ્યા છે કે ઈઝરાયલ આ સમજૂતીથી ખૂબ ખુશ છે. બીજી તરફ, ઈઝરાયલે અત્યાર સુધી આ અંગે કોઈ સત્તાવાર નિવેદન આપ્યું નથી.

અલ જઝીરાના રિપોર્ટ અનુસાર, ઈઝરાયલી સરકારના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે જ્યાં સુધી હમાસ સંપૂર્ણપણે હથિયાર છોડી દેશે તેની પાકી ખાતરી ન થાય ત્યાં



સુધી ગાઝામાંથી સેના હટાવવાનો પ્રશ્ન જ ઊભો થતો નથી.

અમેરિકાના ફ્લોરિડા સ્થિત માર-એ-લાગો ક્લબમાં પ્રેસ કોન્ફરન્સ દરમિયાન અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ, ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુ તરફ ઈશારો કરતા. ફોટો- 29 ડિસેમ્બર 2025નો છે.

અમેરિકાના ફ્લોરિડા સ્થિત માર-એ-લાગો ક્લબમાં પ્રેસ કોન્ફરન્સ દરમિયાન અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ, ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુ તરફ ઈશારો કરતા. ફોટો- 29 ડિસેમ્બર 2025નો છે.

ગાઝામાંથી સેના હટાવવાનો ઈઝરાયલમાં આટલો વિરોધ કેમ?

7 ઓક્ટોબર 2023ના રોજ હમાસના હુમલા બાદ ઈઝરાયલે ગાઝામાં મોટું સૈન્ય અભિયાન શરૂ કર્યું. ત્યારથી અત્યાર સુધીમાં 73 હજારથી વધુ પેલેસ્ટિનિયન માર્યા ગયા છે અને ગાઝાનો મોટો ભાગ તબાહ થઈ ગયો છે.

આમ છતાં, ઈઝરાયલમાં મોટી સંખ્યામાં લોકો હજુ પણ ગાઝા વિરુદ્ધ કડક સૈન્ય કાર્યવાહીના પક્ષમાં છે.

મે મહિનામાં થયેલા એક સર્વેમાં 82% યહૂદી ઈઝરાયલીઓએ ગાઝાના પેલેસ્ટિનિયનોને તેમના ઘરોમાંથી હટાવવાનું સમર્થન કર્યું.

56% લોકોએ ઈઝરાયલની અંદર રહેતા પેલેસ્ટિનિયન નાગરિકોને પણ હટાવવાની વાત કરી.

સ્પષ્ટ છે કે ગાઝામાંથી સેના હટાવવાનો અને ત્યાં ફરીથી પેલેસ્ટિનિયન સરકાર પુનઃસ્થાપિત કરવાનો વિચાર ઈઝરાયલમાં ઘણા લોકોને પસંદ નથી. તેમને ડર છે કે જો સેના હટી જશે તો હમાસ ફરીથી મજબૂત બનીને 7 ઓક્ટોબર જેવો હુમલો કરી શકે છે.

આ જ કારણ છે કે સરકારના ઘણા મંત્રીઓ ગાઝામાં પણ વેસ્ટ બેંકની જેમ યહૂદી વસાહતો સ્થાપવાની હિમાયત કરી ચૂક્યા છે. આવી સ્થિતિમાં ગાઝામાંથી સેનાની વાપસી અને પુનર્નિર્માણની યોજનાનો વિરોધ થવો સ્વાભાવિક માનવામાં આવે છે.

કયા નેતાઓએ સૌથી વધુ વિરોધ કર્યો?

બેઝલેલ સ્મોટ્રિચ: નાણા પ્રધાન નેતન્યાહુ સરકારમાં નાણા પ્રધાન રહેલા સ્મોટ્રિચે કહ્યું કે ગાઝામાંથી ઈઝરાયલી સેના હટવી ન જોઈએ. હમાસના લોકો પાસેથી હથિયારો છીનવી લેવા એ જ પહેલી શરત છે. આખરે ઈઝરાયલ સમગ્ર ગાઝા પર નિયંત્રણ મેળવશે અને ત્યાં ફરીથી યહૂદી વસાહતો સ્થાપિત કરવામાં આવશે.

ઈતમાર બેન ગ્વિર: રાષ્ટ્રીય સુરક્ષા પ્રધાન

બેન ગ્વિરે ટ્રમ્પના પ્લાનને ખરાબ ગણાવતા કહ્યું કે જો હમાસના ઉગ્રવાદીઓને નિશાન બનાવવાનું બંધ કરવામાં આવ્યું, તો તેમને આગલો હુમલો કરવાની તક મળી જશે. ગાઝામાં સૈન્ય કાર્યવાહી ચાલુ રહેવી જોઈએ અને ત્યાંથી લોકોના સ્થળાંતરને પ્રોત્સાહન આપવું જોઈએ.

## તંત્રી લેખ

# હવે સંસદમાં દાનચોરીનો મામલો ગાજશે

અયોધ્યાના શ્રીરામ મંદિરમાં થયેલી દાનચોરીનો મામલો હવે વિરોધપક્ષો સંસદમાં ગજવવાના છે. સમાજવાદી પાર્ટીના સાંસદ ધર્મેન્દ્ર યાદવે કહ્યું હતું કે, દાનચોરી વિરુદ્ધ કરવામાં આવેલું પ્રદર્શન તો ફક્ત પ્રતિક હતું. એ દ્વારા અમે અયોધ્યામાં ધોળા દિવસે થયેલી લૂંટ પ્રત્યે લોકોનું ધ્યાન દોર્યું છે. ૨૦૨૦માં જ્યારે ભગવાન શ્રીરામ મંદિર માટે ટ્રસ્ટ બનાવવામાં આવ્યું ત્યારથી જ આ લૂંટ ચાલી રહી છે. આ બધા પૈસા ભાજપ, આરએસએસ અને વિશ્વ હિન્દુ પરિષદ સાથે જોડાયેલા લોકોના બેંક ખાતાઓમાં પહોંચી ગયા છે. આજે સંસદ ભવનની બહાર મકર દ્વાર નજીક સાંસદ પપ્પુ યાદવ ભગવા કપડા પહેરીને પૂજારી બની બેઠા હતા. રાહુલ ગાંધી સહિત બીજા સાંસદો એમને દક્ષિણા આપતા હતા અને એ દક્ષિણા પપ્પુ યાદવ ગજવામાં મૂકતા હતા. અયોધ્યા રામ મંદિરમાં થયેલી ચોરીને પ્રદર્શિત કરવા આ પ્રતિકાત્મક દેખાવો કરવામાં આવ્યા હતા.

પહેલા અન્નામલાઈ અને હવે શહજાદ પુનાવાલા

એમ લાગે છે કે યુવાન અને તેજસ્વી રાજકારણીઓ ભાજપમાં ગુગણામણ અનુભવે છે. કોંગ્રેસમાંથી ભાજપમાં જોડાયેલા અને એક અતિ તેજસ્વી પ્રવક્તા ગણાતા શહજાદ પુનાવાલાએ ભાજપમાંથી રાજીનામું આપી દીધું છે. દેશભરની રાષ્ટ્રીય ચેનલો પર શહજાદ પુનાવાલા ડિબેટમાં આવીને અભ્યાસ સાથે ભાજપનો પક્ષ રાખતા હતા. ભાજપ છોડવાનું કારણ શહજાદ પુનાવાલાએ અંગત હોવાનું કહ્યું છે. જોકે ભાજપના જ કેટલાક વર્તુળો આ વાત માનતા નથી. ભાજપના આંતરીક વર્તુળો માની રહ્યા છે કે, પક્ષમાં પુરી પ્રતિબદ્ધતાથી કામ કરતા હોવા છતાં ભાજપના કેટલાક ટોચના નેતાઓના આંતરીક રાજકારણને કારણે શહજાદ એમનાથી ખુશ નહોતા. ભાજપના આઈટી સેલની કેટલીક વ્યક્તિઓએ એમના ભાઈ અને કોંગ્રેસના પ્રવક્તા તહેસીન પુનાવાલા વિરુદ્ધ ગંદા આક્ષેપો કર્યા હતા જેનાથી શહજાદ વ્યથિત હતા. થોડા મહિનાઓ પહેલા તામિલનાડુ ભાજપના તેજસ્વી નેતા અન્નામલાઈએ પણ કંટાળીને ભાજપને રામ રામ કરી દીધા હતા.

સરકારી ખર્ચે પહેલા સ્કોર્પિયો ગાડીઓ ખરીદી, હવે ઈનોવા માંગી

આપણા સત્તાધિશોના નખરા વધતા જ જાય છે. એમનો ઝાકઝમાળવાળી મોટી ઓફિસો, વિશાળ બંગલાઓ અને મોંઘીદાટ મોટરોનો મોહ ઓછો થતો નથી. મુંબઈ મહાનગરપાલિકાના અધિકારીઓ માટે છ મહિના પહેલા જ સ્કોર્પિયો ગાડીઓ ખરીદવામાં આવી હતી. જોકે આ અધિકારીઓ પણ ચૂંટાયેલા પ્રતિનિધિઓની માફક નખરાબાજ થઈ ગયા છે. હવે તેઓ નવી ગાડીઓ ખરીદવાની તૈયારીમાં છે. જાન્યુઆરી - ફેબ્રુઆરીમાં ખરીદેલી સ્કોર્પિયો ગાડીઓમાં એમને ઓછી સગવડ લાગે છે. હવે એમના માટે 'ઈનોવા ક્રિસ્ટા' ગાડીઓ ખરીદવાનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે. આ પ્રસ્તાવ જલ્દી મહાનગરપાલિકાના કમિશ્નર અશ્વિની ભીડે પાસે મોકલવામાં આવશે. મુંબઈ મહાનગરપાલિકાની વિવિધ કમિટિના ચેરમેનો પણ દરરોજ નવી નવી સુવિધાની માંગણી કરી રહ્યા છે. ઈનોવાની એક ગાડીની કિંમત લગભગ ૩૫ લાખ રૂપિયા છે.


મેટાના ઈન્ડિયા હેડ પર એફઆઈઆર શા માટે થઈ

ફેસબુક અને ઈન્સ્ટાગ્રામ જેવા લોકપ્રિય પ્લેટફોર્મ્સ પર વડાપ્રધાન મોદીના એઆઇ જનરેટેડ વિડિયો મૂકવામાં આવ્યા હતા. આવુ વારંવાર બનવાથી નારાજ થઈ ગયેલા પીએમઓની સૂચનાથી આ બંને પ્લેટફોર્મની પેરેન્ટ કંપની મેટાના હેડ સામે એફઆઈઆર દાખલ કરવામાં આવી છે. આ એફઆઈઆર હેદરાબાદ સાયબર ક્રાઈમની પોલીસે દાખલ કરી છે. ઘણા સોશ્યલ મીડિયા યુઝર્સ સામે પણ એફઆઈઆર થઈ છે. મોદીના એઆઇ જનરેટેડ વિડિયો કોણે બનાવ્યા હતા એના સોર્સની પણ તપાસ ચાલી રહી છે. મેટા ઈન્ડિયાના હેડ તરીકે અરૂણ શ્રીનિવાસ છે. એમણે ગયા વર્ષે જુલાઈ મહિનામાં જ આ જવાબદારી સ્વીકારી હતી.

**ભારતમાં 2013 થી 2023 દરમિયાન મધ્યમવર્ગના કરદાતાઓની સંખ્યા 1.5 કરોડથી વધીને 8 કરોડ થઈ છે. જોકે, આ દાયકામાં તેમના સરેરાશ વાર્ષિક પગારમાં માત્ર 6% વધારો થયો, જ્યારે મોંઘવારી 70% જેટલી વધી. આથી, વાસ્તવિક આવક ઘટી છે. અર્થશાસ્ત્રીઓ અનુસાર, આ 'K' આકારનો વિકાસ દર્શાવે છે,**

# એક દાયકામાં મધ્યમવર્ગની સંખ્યા સાત ગણી વધી પણ પગાર નહીવત્

## ૨૦૧૩થી 2023 સુધીમાં ભારતમાં ફુગાવો વધ્યો છે, અર્થતંત્ર ફૂલેફાલે છે પણ તેના પાયામાં રહેલો સામાન્ય માણસ પાયમાલ થયો છે



૨૦૧૩માં મધ્યમ વર્ગમાં આવતા કરદાતાઓની સંખ્યા ૧.૫ કરોડની આસપાસ હતી તે ૨૦૨૩માં વધીને ૮ કરોડ પહોંચી ગઈ છે. તેમની વસતીમાં સાત ગણો વધારો નોંધાયો છે. બીજી તરફ આ લોકોના સરેરાશ વાર્ષિક પગારમાં એક દાયકામાં માત્ર ૬ ટકાનો જ વધારો નોંધાયો છે : આ લોકોના પગાર વધવાની સાથે દેશની વાસ્તવિક સ્થિતિ જોઈએ તો તે તદ્દન જુદી છે. આ એક દાયકામાં ફુગાવો અને મોંઘવારીનો દર ૭૦ ટકા જેટલો વધ્યો છે અને આ તીવ્ર વધારો નોંધાયા છતાં આ વર્ગના લોકોના પગારમાં જોઈએ તેવો વધારો થયો નથી : જાણકારોના મતે આર્થિક ક્ષેત્રે એક મહત્વની વિભાવના છે, નોમિનલ ઈનકમ વિરુદ્ધ રિયલ ઈનકમ. જો તમારો પગાર ૧૦ વર્ષમાં ૬% વધ્યો હોય, પરંતુ આ જ ૧૦ વર્ષમાં મોંઘવારી ૬૦% વધી હોય, તો વાસ્તવિક રીતે તમારી આવક વધી નથી, પરંતુ ઘટી છે

ભારતીય અર્થતંત્ર દુનિયામાં સૌથી ઝડપથી વિકસતા અર્થતંત્રોમાં સ્થાન પામી રહ્યું છે. અબજોપતિઓની સંખ્યા વધી રહી છે, શેરબજાર નવા શિખરો સર કરી રહ્યું છે અને જીડીપીનો ગ્રોથ રેટ દુનિયાના અન્ય દેશો માટે ઈર્ષ્યાનો વિષય બન્યો છે. પરંતુ આ ચમકતી તસવીરની પાછળ એક એવો મોટો વર્ગ છુપાયેલો છે જે દેશની આર્થિક ધરી ગણાય છે અને તે છે, ભારતનો મધ્યમવર્ગ. આ વર્ગની તાજેતરની જે સ્થિતિ સામે આવી છે તે ખરેખર ચિંતાજનક છે. ભારતના અર્થતંત્રનું ગ્રોથ એન્જિન ગણાતા માનવ સંસાધનમાં જેમનો સમાવેશ થાય છે તેવા લોકોની દયનીય સ્થિતિ સામે આવી છે.

ઉલ્લેખનીય છે કે, હાલમાં મોટાભાગે આઈટી રિટર્ન ફાઈલિંગનો ધમધમાટ ચાલી રહ્યો છે. આ આંકડાઓ જ દેશના આ મહત્ત્વના વર્ગની સાચી સ્થિતિ વ્યક્ત કરે છે.

છેલ્લા એક દાયકામાં (૨૦૧૩ થી ૨૦૨૩) ઈન્કમટેક્સ રિટર્ન ફાઈલ કરનારા લોકોના અહેવાલો અને વિવિધ આર્થિક અહેવાલોના આધારે બહાર આવેલા આંકડા દેશ માટે ચિંતાજનક ચિત્ર રજૂ કરે છે. આ આંકડાઓના આધારે ખ્યાલ આવે છે કે, દેશમાં મધ્યમવર્ગની સંખ્યામાં સાત ગણો તોતિંગ વધારો થયો છે, પરંતુ આ જ ગાળામાં તેમના સરેરાશ પગાર અને વાસ્તવિક આવકમાં થયેલો વધારો માત્ર ૬ ટકા જેટલો જ રહ્યો છે. એક દાયકમાં આ વર્ગના લોકોની આવકમાં નહીવત્ વધારો થયો હોવાનું સામે આવ્યું છે.

ઉલ્લેખનીય છે કે વર્ષ ૨૦૧૩ થી ૨૦૨૩ દરમિયાન ભારતીય મધ્યમવર્ગના માળખામાં મોટું પરિવર્તન આવ્યું છે. આ કેટેગરીમાં આવતા લોકોની સોશિયલ ઈકોનોમિક સ્ટેટસમાં પણ મોટો ફેરફાર જોવા મળ્યો છે. આ વર્ગના ટેક્સ ડેટા અને આર્થિક સમીક્ષાઓ કંઈક જુદુ જ ચિત્ર રજૂ કરે છે. તેમાં જણાવાયું છે કે, આ એક દાયકામાં કરદાતાઓની સંખ્યામાં સાત ગણો વધારો થયો છે.

૨૦૧૩માં જે આવકજૂથને મધ્યમવર્ગ તરીકે ગણવામાં આવતો હતો, તે જૂથમાં કરદાતાઓ અને આવક જાહેર કરનારાઓની સંખ્યામાં સાત ગણો વધારો નોંધાયો છે. વધુ ને વધુ લોકો અસંગઠિત ક્ષેત્રમાંથી બહાર આવીને ટેક્સ નેટ હેઠળ આવ્યા છે. એક રીતે જોઈએ તો લોકોની સરેરાશ આવકમાં વધારો થયો હશે અથવા તો તેઓ ટેક્સેબલ ઈન્કમના સ્તર સુધી પહોંચી ગયા છે તેવું જાણીને આનંદ થઈ શકે છે પણ વાસ્તવિકતા તેનાથી ઘણી જુદી છે.

આ વર્ગના લોકોના પગારમાં સામાન્ય વધારો થયો છે. ૧૦ વર્ષના લાંબા ગાળામાં મધ્યમવર્ગીય નોકરિયાતોના સરેરાશ પગારમાં વિવિધ તબક્કે કુલ મળીને માત્ર ૬ ટકા જેટલો જ સુધારો થયો છે. તેમાંય જે વિશેષ જૂથમાં આવતા લોકો છે તેમનો પગાર વધારો તો ચર્ચા કરાય તેવો પણ નથી વધ્યો. જાણકારોના મતે ચોક્કસ મધ્યમ-આવક ધરાવતા જૂથોમાં તો આ સરેરાશ આવક વધારો દાયકા દરમિયાન માત્ર ૧ ટકા જેટલો જ નોંધાયો છે, જે વ્યવહારિક રીતે શૂન્ય સમાન ગણાય. આ વર્ગના લોકો સાથે ભયાનક અન્યાય થયો છે તે જોઈ શકાય છે. છેલ્લા એક દાયકાનું ચિત્ર જોઈએ તો ૨૦૧૩માં મધ્યમવર્ગમાં આવતા કરદાતાઓની સંખ્યા ૧.૫ કરોડની આસપાસ હતી તે ૨૦૨૩માં વધીને ૮ કરોડ પહોંચી ગઈ છે. તેમની વસતીમાં સાત ગણો વધારો નોંધાયો છે. બીજી તરફ આ લોકોના સરેરાશ વાર્ષિક પગારમાં એક દાયકામાં માત્ર ૬ ટકાનો જ વધારો નોંધાયો છે.

આ લોકોના પગાર વધવાની સાથે દેશની વાસ્તવિક સ્થિતિ જોઈએ તો તે તદ્દન જુદી છે. આ એક દાયકામાં ફુગાવો અને મોંઘવારીનો દર ૭૦ ટકા જેટલો વધ્યો છે અને આ તીવ્ર વધારો નોંધાયા છતાં આ વર્ગના લોકોના પગારમાં જોઈએ તેવો વધારો થયો નથી.

મહત્ત્વની વાત એ છે કે, આ પરિસ્થિતિ સમજવા માટે આપણે એ જોવું પડે કે 'મિડલ ક્લાસ' નો વિસ્તાર કેવી રીતે થયો અને તેમ છતાં લોકોના ખિસ્સા કેમ ખાલી જ રહ્યા. આ વિરોધાભાસ પાછળ કેટલાક મોટા આર્થિક અને સામાજિક પરિબળો જવાબદાર છે. છેલ્લા દાયકામાં નોટબંધી, જીએસટી નો અમલ અને ડિજિટલાઈઝેશનને કારણે ઘણા અસંગઠિત ક્ષેત્રો સંગઠિત બન્યા.

જે લોકો પહેલા રોકડમાં વ્યવહાર કરતા હતા અથવા ટેક્સ બ્રેકેટથી બહાર હતા, તેઓ સિસ્ટમમાં જોડાયા. આનાથી ટેક્સ રિટર્ન ભરનારા મધ્યમવર્ગની સંખ્યા કાગળ પર સાત ગણી વધી ગઈ, પરંતુ તેનો અર્થ એ નથી થયો કે લોકોની ખરીદશક્તિ કે પગારમાં મોટો ઉછાળો આવ્યો છે.

જોબ માર્કેટમાં અસંતુલન અને 'સપ્લાય વધારે, ડીમાન્ડ ઓછી'ની સ્થિતિ સર્જાઈ છે. ભારતમાં દર વર્ષે લાખો યુવાનો ડિગ્રીઓ લઈને જોબ માર્કેટમાં પ્રવેશે છે. લેબર માર્કેટમાં વર્કફોર્સનો પુરવઠો ખૂબ વધારે છે, જ્યારે તેની સામે ઉચ્ચ ગુણવત્તાવાળી અને સારો પગાર આપતી નોકરીઓની માંગ સીમિત છે. આ અસંતુલનને કારણે કંપનીઓને ખૂબ ઓછા પગારે માનવબળ મળી રહે છે, જેથી વેતન વધારો અટકી ગયો છે. આ ઉપરાંત ૨૦૧૩ થી ૨૦૨૩ દરમિયાન કાયમી અને પેન્શનવાળી નોકરીઓનું પ્રમાણ ઘટયું છે. તેની જગ્યાએ 'ગિગ ઈકોનોમી' અને કોન્ટ્રાક્ટ પર આધારિત નોકરીઓ વધી છે. સૌથી મોટી કરુણતા એ વાતની છે કે, આ ક્ષેત્રોમાં વ્યક્તિ મધ્યમવર્ગની આવકની શ્રેણીમાં તો આવી જાય છે, પરંતુ વર્ષો-વર્ષ તેમના પગારમાં મોટો વધારો થતો નથી. જાણકારોના મતે આર્થિક ક્ષેત્રે એક મહત્વની વિભાવના છે, નોમિનલ ઈનકમ વિરુદ્ધ રિયલ ઈનકમ. જો તમારો પગાર ૧૦ વર્ષમાં ૬% વધ્યો હોય, પરંતુ આ જ ૧૦ વર્ષમાં મોંઘવારી ૬૦% વધી હોય, તો વાસ્તવિક રીતે તમારી આવક વધી નથી, પરંતુ ઘટી છે. આ ખૂબ જ મોટી બાબત છે. છેલ્લાં એક દાયકાની સ્થિતિ જણાવા છે કે, મધ્યમવર્ગની સંખ્યામાં વધારો થયો પણ તેમની આવકમાં જે વધારો થયો છે તે હકિકતે તો ઘટાડા સમાન છે. દાખલા તરીકે, ૨૦૧૩માં જે ઘર ચલાવવા માટે રૂ. ૩૦,૦૦૦ વપરાતા હતા, તે જ જીવનશૈલી જાળવવા ૨૦૨૩માં રૂ. ૫૫,૦૦૦ થી રૂ. ૬૦,૦૦૦ની જરૂર પડે છે. જો સામે પગાર રૂ. ૩૦,૦૦૦ થી વધીને માત્ર રૂ. ૩૧,૮૦૦ થયો હોય, તો તે પરિવાર આર્થિક રીતે પાછળ ધકેલાય છે.

મધ્યમવર્ગની આવકમાં વધારો તો થતા થયો કે થશે પણ તેના ખર્ચમાં જેટ મોટો વધારો થયો છે તેણે આ વર્ગની કેડ ભાંગી નાખી છે.

આ વર્ગ માટે શિક્ષણ અને આરોગ્યનો ખર્ચ સૌથી મોટો હોય છે. છેલ્લાં એક દાયકામાં ખાનગી શાળાઓ અને કોલેજોની ફી તથા હોસ્પિટલોના બિલમાં ૧૫૦% થી ૨૦૦% સુધીનો વધારો થયો છે. તેની સામે આવક નહીવત વધી છે. તે ઉપરાંત શહેરોમાં મકાન ખરીદવું હવે મધ્યમવર્ગ માટે સ્વપ્ન સમાન બની ગયું છે.

ભાડાંમાં સતત વધારો થયો છે. આ વધારો પણ લોકોની સ્થિતિ વધારે કફોડી કરી રહ્યો છે. આ સિવાય પેટ્રોલ, ડીઝલ, દૈનિક વપરાશની વસ્તુઓ, ખાદ્ય સામગ્રીઓ તમામના ભાવમાં આગ ઝરતી તેજી જોવા મળી છે. દરેકમાં સતત વધારો થયા છે. તેમાં મધ્યમવર્ગ પિસાતો જાય છે. આર્થિક નિષ્ણાતોના મતે સીબીડીટી અને આઈટીઆરના સ્લેબમાં ચોંકાવનારા વલણો જોવા મળ્યા છે. રૂપિયા ૩ લાખ થી ૧૦ લાખની આવક ધરાવતા જૂથમાં સૌથી વધુ લોકો ઉમેરાયા છે. ગામડાઓ અને નાના શહેરોમાંથી આવતા લોકો હવે આ સ્લેબમાં આવ્યા છે, જે મધ્યમવર્ગના વિસ્તારનું મુખ્ય કારણ છે. બીજી તરફ ઉચ્ચ આવક ધરાવતા ૧% થી ૨% લોકોની આવકમાં તીવ્ર વધારો થયો છે પરંતુ મધ્યમ અને નિમ્ન-મધ્યમવર્ગના પગાર સ્થિર રહ્યા છે. આ ઉપરાંત ભલે ટેક્સની મર્યાદાઓમાં સુધારા કરાયા હોય, પરંતુ મોંઘવારીના દર સામે પગાર વધારો ન હોવાને કારણે મધ્યમવર્ગ પરનો જીએસટીનો બોજ પણ વધ્યો છે.

# સંસારમાં રહીને સંસારથી ઉપર વિવેકના જોડા અને એક્તાના બળથી સુખી જીવનની કળા



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

દેવપોઢી એકાદશી ગુરૂ પૂર્ણિમાથી ચાતુર્માસ શરૂ થયો છે ત્યારે આ નિરાંતની પળોમાં ઉમદા ચિંતન મનન સાથે આધ્યાત્મિક જ્ઞાન પ્રાપ્ત કરીએ માણસનું જીવન એક રંગ મંચ છે. અહીંસુખ-દુઃખ,લાભ-હાનિ, માન-અપમાનના બધા પ્રસંગો એક પછી એક આવતા જ રહે છે. આપણે બધા આ રંગમંચ પરના પાત્રો છીએ અને સાથે સાથે દર્શકો પણ છીએ. પ્રશ્ન એ છે કે આપણે આ નાટકને કેવી રીતે જોઈએ છીએ?ભોગદૃષ્ટિથી કે ભગવદૃષ્ટિ થી?જો ભોગદૃષ્ટિથી જોઈએ તો દરેક કાંટો આપણને વાગશે.જો ભગવદૃષ્ટિથી જોઈએ તો એ જ કાંટા વચ્ચે આપણને ફૂલની સુગંધ મળશે.

આપણા ઋષિઓએ બે વાત બહુ સુંદર રીતે સમજાવી છે.પહેલી વાત 'સંસારને ભોગવો,પણ સંસારના બનાવનારને ભૂલશો નહીં.'અને બીજી વાત:'એકલા આપણે અધૂરા છીએ,સાથે મળીને જ પૂર્ણ છીએ.' આ બે વાતના તંતુથી જીવનનુંઆખું વસ્ત્ર વણાય છે.એક તંતુ આપણને ઈશ્વર સાથે જોડે છે,બીજો તંતુ આપણને સમાજ સાથે જોડે છે. ચાલો આ બંને વાતને થોડી ઊંડાઈ થી સમજીએ.સંસાર કૂવો છે, ડૂબવા માટે નહીં,તરવા માટે સંત કહે છે,'જીવ સંસારને ભોગવે, પણ આ સંસારનો બનાવનાર ઈશ્વર છે તેને ન ભૂલે.' સંસાર તમારી સાથે જ છે.તમારા ઘરમાં,તમારા કામમાં, તમારા સંબંધોમાં. એને છોડીને તમે ક્યાં જશો?હિમાલયમાં પણ મન સાથે જ જશે ને?

આપણે ઘણીવાર પેલા બાદશાહ જેવા થઈ જઈએ છીએ.વાત જાણીતી છે.એક વાર બાદશાહની શાહજાદીના પગમાં કાંટો વાગ્યો. બાદશાહને એટલો ગુસ્સો આવ્યો કે હુકમ કર્યો:'આખા રાજ્યની જમીન ચામડાથી મઢી દો,જેથી મારી દીકરી ને ફરી કાંટો ન વાગે!'વજીર વિચાર માં પડ્યો. આખી પૃથ્વીને મઢવી અશક્ય છે.પછી એને ઉપાય સૂઝ્યો એણે કહ્યું, 'મહારાજ,આખી ધરતી મઢવાને બદલે શાહજાદીના પગમાં જોડા પહેરાવી દઈએ તો?' બાદશાહને વાત ગમી ગઈ.બસ, જીવનનું આખું ગણિત આ જ છે. જગતમાંથી બધા કાંટા કાઢવા જશો તો જીવન પૂરું થઈ જશે. કાંટા તો રહેવાના. પણ વિવેકના જોડા પહેરી લો. મર્યાદામાં રહો, સમજથી ચાલો, તો કાંટા વાગશે જ નહીં. આપણે બહારની દુનિયાને બદલવા માટે લાખો રૂપિયા અને શક્તિ ખર્ચીએ છીએ, પણ પોતાની દૃષ્ટિ બદલતા નથી.

બીજું દૃષ્ટાંત જુઓ.એક ગામમાં પાણીની તકલીફ હતી.એક શેઠે દસ-વીસ હજાર ખર્ચીને મોટો કૂવો બંધાવ્યો. આખું ગામ પાણી પીને આશીર્વાદ આપતું હતું. એક દિવસ રમતા રમતા એક છોકરો કૂવામાં પડીને ડૂબી ગયો. દુઃખી પિતા શેઠ પાસે આવ્યો અને કહેવા લાગ્યો, 'તમે કૂવો બંધાવ્યો એટલે જ મારો છોકરો મર્યો!' વિચારો, શેઠે કૂવો કોના માટે બંધાવ્યો હતો? સૌના ભલા માટે. છોકરો ડૂબ્યો એ દુઃખદ છે, પણ એમાં કૂવાનો કે શેઠનો શું વાંક? કૂવો તો જીવન આપવા માટે હતો. આ સંસાર પણ એવો જ કૂવો છે. ભગવાને એને આપણને ડૂબાડવા માટે નથી બનાવ્યો. એમાંથી જળપાન કરીને જીવવા માટે બનાવ્યો છે. પણ આપણે વિવેક વગર એમાં કૂદી પડીએ છીએ અને પછી ભગવાનને દોષ આપીએ છીએ. મનુષ્ય વિવેકપૂર્વક સંસારનો લાભ લેતો નથી એટલે દુઃખી થાય છે.બે અમૃત:નામામૃત અને કથામૃત પ્રભુ કહેછે,'આ સંસારના વિષયોમાં તારું મન ફસાઈ ન જાય એટલામાટે મેં બે અમૃત આપ્યા છે.'એ અમૃત દુર્લભ નથી, તમારા હાથમાં જ છે. સ્વર્ગનું અમૃત પીવાથી પુણ્યનો ક્ષય થાય છે, પણ આ અમૃત એવું છે કે પીવાથી પાપનો ક્ષય થાય છે.એ બે અમૃત કયા?પહેલું: નામામૃત ભગવાનના નામનું સ્મરણ.સવારે ઉઠીને,કામ કરતા કરતા,સુતા પહેલા જો જીભ પર 'કૃષ્ણ,રામ, શિવ' નામ આવતું રહે તો મન આપોઆપ પવિત્ર થાય. નામ એ જીવનરક્ષક કવચ છે.*બીજું: કથામૃત ભગવાન ની કથાનું શ્રવણ અને મન.શ્રીકૃષ્ણ ની લીલા,રામની મર્યાદા,શિવની ત્યાગની કથા સાંભળવાથી મનને દિશા મળે.કથા પાપને બાળે છે, જીવનને સુધારે છે.

મૃત્યુ બધાનું ભક્ષણ કરે છે,પણ જે મૃત્યુનો પણ કાળ છેતે ભગવાન છે. અને એ ભગવાન સુધી પહોંચવાનો સૌથી સહેલો રસ્તો નામ અને કથા છે. સંસારને ભોગદૃષ્ટિથી નહીં, ભગવદૃષ્ટિથી જુઓ. દુકાનમાં બેસો તો પણ 'આ બધું તારું છે પ્રભુ' એવું માનીને બેસો. રસોડામાં કામ કરો તો પણ'તારા માટે ભોગ બનાવું છું'એવી ભાવના રાખો. પછી સંસાર તમને પજવશે નહીં.

સંત કહે છે,'બાપલા,તું તારી જાતને સુધાર.જગતને સુધારવા ક્યાં જઈશ? પહેલા પગમાં જોડા પહેરો પછી રસ્તા પર ચાલો.

પાંચ આંગળીનો ન્યાય:એકતાનું બળ હવે બીજી વાત. એક વાર હાથની પાંચે આંગળીઓ વચ્ચે ઝઘડો થયો. દરેક પોતાને શ્રેષ્ઠ સાબિત કરવા માંગતી હતી.

અંગૂઠો બોલ્યો, 'હું સૌથી મહાન, કારણ કે લોકો મારાથી સહી કરે છે.' બીજી આંગળી બોલી, 'હું મહાન, કારણ કે ઓળખ માટે મારો ઉપયોગ થાય છે.' મધ્યમ આંગળી કહે, 'હું સૌથી ઊંચી છું.'વીંટીવાળી આંગળી કહે,'હું સૌથી ધનવાન, મારા પર હીરા ચઢે છે.'

ઝઘડો વધ્યો એટલે બધાન્યાયાધીશ પાસે ગયા. ન્યાયાધીશે કહ્યું,'સારું, એક રસગુલ્લો ઉપાડીને બતાવો. 'એક પછી એક બધી આંગળીઓ એ પ્રયાસ કર્યો,પણ કોઈથી રસ ગુલ્લો ઉપડ્યો જ નહીં.

અંતે ન્યાયાધીશે કહ્યું,'હવે બધા સાથે મળીને ઉપાડો.'અને ચમત્કાર! પાંચેય ભેગી થઈ અને રસગુલ્લો સહેલાઈથી ઉપડી ગયો.

ન્યાયાધીશે ચુકાદો આપ્યો:'તમે બધા એકલા અધૂરા છો.તમારી વ્યક્તિગત શક્તિનું એકલામાં કોઈ મૂલ્ય નથી. સાથે મળીને જ તમે મોટામાં મોટું કામ કરી શકો છો.'

આપણું જીવન પણ આવું જ છે. ઘરમાં પતિ-પત્ની,માતા-પિતા - સંતાન,ઓફિસમાં સાથી કર્મચારીઓ, સમાજમાં વિવિધ વર્ગો બધા પાંચ આંગળી જેવા છે.જો દરેક 'હું જ મહાન' ના નશામાં રહેશે તો સંસારનો એકેય રસગુલ્લો ઉપડશે નહીં. પણ જો 'અમે સાથે છીએ' ની ભાવના આવશે તો અશક્ય પણ શક્ય બનશે.સંસારમાં રહેવાનોઅર્થ જ આ છે-જુદા જુદા સ્વભાવ,જુદી જુદી શક્તિ,પણ એક જ લક્ષ્ય વિવેક એ જોડા છે અને એકતાએ હાથની મુઠ્ઠી છે.

જીવવાનો સાચો રસ્તો તો સાર શું?

પહેલી વાત:સંસારનો ત્યાગ નહીં, પણ સંસારમાં રહીને ત્યાગની ભાવના કૂવો ખરાબ નથી,એમાં પડવાની રીત ખરાબ છે.બહારની દુનિયા બદલવા કરતાં પોતાના પગમાં વિવેકના જોડા પહેરો. અને એ જોડા મજબૂત થાય નામામૃત અને કથામૃતથી.બીજી વાત: અહંકારનો ત્યાગ.'હું' નો દાવો છોડીને 'અમે'ની ભાવના. કારણ કે એક આંગળીથી તાળી નથી પડતી, એકલા માણસથી સમાજ નથી બનતો.

# દેશની અને દેશ બહારની સતત વધતી અશાંતિ નાગરિકોને હવે ચિંતા કરાવે છે!!



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

છેલ્લાં કેટલાક દિવસોનાં સમાચારમાં ઉત્તરાખંડ માં ભારે વરસાદ અને ભૂસ્ખલન થતાં કેદારનાથ ની યાત્રા બંધ કરવામાં આવી! બંગાળની ખાડીમાં ચાર સિસ્ટમ સક્રિય થતાં ગુજરાત નાં 21 જીલ્લાઓ ફરી વરસાદી તોફાનથી પ્રભાવિત થયાં, અને સુરતમાં માત્ર એક મહિનામાં 60 ઈંચ જેટલો વરસાદ નોંધાયો! ફરી જન જીવન ખોરવાયું. શિક્ષણ પ્રધાન જીતેન્દ્ર પ્રધાનનું રાજીનામું, જંતર મંતર પર સમાપ્ત થયેલું વિદ્યાર્થી આંદોલન ફરી સક્રિય! વિદ્યાર્થીઓનો વિરોધ સમજાય પણ ત્યાં રાજકીય રેલી શું કામ? અને શું આજસુધી કોઈપણ પ્રકારનું પેપર લિક થયું જ નથી? ડાયરેક્ટ કે ઈનડાયરેક્ટ એમાં સરકાર ક્યાંથી આવે? મૂળમાં ન ભણવા જેવાં ઈતિહાસની બાદબાકી કરી નવો સીલેબસ આવ્યો એનું સીધું ગણિત છે! એમાં નવાં પ્રધાનમંત્રી પરનાં વાદવિવાદને અંતે સંસદનાં ચોમાસુ સત્રમાં પેપરલિક અંગે બિલ પસાર થયુ! આમ કુદરતી રીતે હજી વાદળ લિક થયે રાખે છે, અને સામાજિક રીતે પણ એ જ વિરોધ! ક્યાંય શાંતિ નથી. તો દેશ બહાર પણ હજી અમેરિકા ઈરાન પર હુમલા કરે રાખે છે, અને ઈરાન પણ જવાબ આપી યુદ્ધને સળગતું રાખે છે!

વંદે માતરમ નાં રાષ્ટ્રીય ગીતને 'જન ગણ મન અધિનાયક' જેટલું મહત્વ અપાયું! અને એનું અપમાન કરનારને સજા પણ નક્કી કરાઈ! વંદે માતરમ્ ગીતની રચના ને 150 વર્ષ પૂરાં થશે! એક સમય એવો હતો જ્યારે એ ગીત ગાવા પર પાંચ રુપિયાનો દંડ થતો! બંકિમ ચન્દ્ર એ આ ગીતની રચના 7 નવેમ્બર 1875 માં કરી, અને પ્રથમ બંગદર્શન માં પ્રકાશિત કર્યું, અને પછી એમનાં જ આનંદ મઠ નામના ઉપાન્યાસ માં એને સ્થાન આપ્યું! 1896 માં કલકત્તા ખાતે યોજાયેલ ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના અધિવેશનમાં રવીન્દ્રનાથ ટાગોર એ તેને પ્રથમ વખત ગાયું! 1950 માં એને રાષ્ટ્રગીત તરીકે સ્વીકૃતિ મળી! આ ગીતના શબ્દો જન માનસમાં દેશપ્રેમ જગાવતા હતાં! કારણ કે આપણે ત્યારે ગુલામ હતાં! પરંતુ હજી આપણી ગુલામી પૂરી થઈ નથી!એક નહીં તો બીજી રીતે હજી આપણે ગુલામ જ છીએ.આજના નાગરિકે પંદર ઓગસ્ટ કે છવ્વીસ જાન્યુઆરી માટે જ દેશપ્રેમને અનામત રાખ્યો હોય એમ વર્તે છે! જોકે નાગરિકોની માનસિકતાનું સૌથી વધુ નુકસાન તો રાષ્ટ્રીય પક્ષોએ અંદરોઅંદરની લડાઈમાં એને સામેલ કરવાની જે રીત અપનાવી છે, એનાથી થાય છે, અને એટલે જ ક્યારેક નાગરિકો એ દેશપ્રેમને ગિરવે મૂકી દીધો હોય એવું લાગે!

દિવસે દિવસે વધતી વૈશ્વિક અશાંતિ આપણને ચિંતા કરાવે, અને ચિંતા માંથી જ ચિંતનનો જન્મ થાય છે! એવું લાગે છે કે સમય જેમ જેમ આગળ વધતો જાય છે, એમ માનવી નૈતિકતા ગુમાવતો જાય છે. સતત સ્વ કેન્દ્રિત અને ભોગ વિષયોની લાલચ વધતા માનવી અસંતુલન કે અશાંતિ અનુભવી રહ્યો છે, એ મૂળ વાત છે! અંદાજે એક સદી પહેલાં આમ આદમીનું જીવન કંઈક જુદી પરિસ્થિતિ સામે ઝઝૂમતુ હતું, જેમ કે કંઈ રીતે કમાણી કે અન્ય સંબંધે શરીર વધું શ્રમ કરી શકે એ માટે સ્વાસ્થ્ય જરુરી હતું, અને આજે કેમ વધું ને વધું ભોગવી શકાય એમ વિચારીને સ્વાસ્થ્ય પ્રત્યે સજાગ થયો છે, એમ કહી શકાય!એટલે કે દરેક નાગરિક રાજકારણમાં રુચિ રાખતો નહોતો, અને એટલે જ દેશને આઝાદ કરવાં લોકોમાં એક જુવાળ ઉભો કરવાં સભા સરઘસ થતાં! જ્યારે આજે એવું નથી, સાવ નાનાં ગામનાં ચોરે બેઠેલ વ્યક્તિ પણ કે જેણે વિશ્વનાં નકશામાં અમેરિકા અને ઈરાન ક્યાં આવ્યું એની ખબર પણ ન્હોય, એવાં વ્યક્તિ અમેરિકા ઈરાનના યુદ્ધની વાતો એટલી સહજતાથી કરતાં હોય કે, અમેરિકા એ આમ કર્યું!: ન કર્યું હોત તો પરિસ્થિતિ વણસી જાત નહીં! અને ઈરાને કુવૈત પર બોમ્બમારો બોલાવ્યો એમાં આમ થયું તેમ થયું, અને આ યુદ્ધ અટકાવવાની બદલે વધતું જ જાય છે.

હમણાં એક ઈન્ટરનેશનલ મેગેઝિનમાં મારો લેખ આવ્યો, અને એમાં બીજા લેખ પણ હોય! એમાનો એક લેખ ઈરાન પર પણ હતો! જોકે મેં પૂરો વાંચ્યો નથી! કે યુદ્ધમાં આજસુધી અડીખમ કંઈ રીતે? આપણાં દેશમાંથી પણ ઈરાન માટે ફંડ એકઠું થાય છે, અને સ્ત્રીઓ પોતાનાં સોનાનાં સેટ પણ આપી દીધાં હોય, એવાં દાખલા પણ જાણવાં મળ્યાં છે! એ જ રીતે પોતાની સંખ્યા વધારવાં ફંડ પણ ક્યાંકથી આવે છે! કોઈક તો ફંડ આપતું જ હશે! કારણ કે વિશ્વભરમાં એની વસ્તી વધતી જ જાય છે. આજનાં એટલે કે શનિવારના ગુજરાત સમાચારનાં મુખ્ય પાનાં પરનાં સમાચાર મુજબ 60,000 મુસ્લિમ શરણાર્થીઓ સ્પેનમાં ઘુસ્યા, જેમાં 57 ના મોત થયા! કેટલાંક ડુબી ગયાં તો બોર્ડરની કાંટાળી વાડમાં ફસાઈ મૃત્યુ પામ્યાં! તો કેટલાક ધક્કા મુક્કીમાં ઘાયલ થયા! મોરક્કોની સરહદેથી થતી આવી ઘુસણખોરી રોકવા સેઉટા માં સૈન્ય તૈનાત કરાયું. આ ઘુસણખોરીથી સમગ્ર યુરોપ ચિંતિત! કારણ કે એમની ધર્મ વિશેની કટ્ટરતા કહો કે ધર્માંધતા! એને હવે બધા જાણી ગયાં છે! કે ગમે ત્યાં હશે ત્યાં એ પોતાની સ્થિતિ મજબૂત કરવા, આતંક ફેલાવશે! આજીવિકા કે વધુ આવકના પ્રશ્નોથી ભારતીયો પણ વિશ્વભરમાં વસે જ છે! પણ પ્રશ્ન એ છે કે એમની માનસિક્તા બદલતી નથી! અને આમ જ સમાજમાં કંઈ ન કંઈ સતત સળગતું રાખે છે. વિશ્વનાં 40 થી ઉપરના દેશનો એ મુખ્ય ધર્મ છે! અને છતાં..? બિલકુલ મોગલો જેમ પોતાનું ક્ષેત્રફળ વધારવા ચડાઈ અને યુદ્ધ! પણ એ રીતે શાસક ચોક્કસ બની શકાય ! પણ લોકપ્રિયતા એ રીતે વધે નહીં! લોકપ્રિયતા માટે પ્રજાનાં ભક્ષક નહીં રક્ષક બનવું પડે! અમસ્તાં અમસ્તાં કોઈ રાજા રામને યાદ નથી કરતાં! પ્રજાનાં સુખ માટે કેટલોય ત્યાગ કર્યો હતો.

એક સમય હતો જ્યારે બંને ધર્મ વચ્ચે અંદરોઅંદર ખૂબ ભાઈચારો હતો, પણ હવે ભાઈચારો તો માત્ર શબ્દ જ બની ગયો છે, કે જે વાર્તા કે ફિલ્મની કલ્પનામાં જ દેખાય છે. ખેર છોડો! એ મિશન પર જીત મેળવવી બહુ મુશ્કેલ છે, કેમ કે વિશ્વનાં મોટાભાગનાં દેશ માનવતાને ધર્મ તરીકે સ્વીકારે છે, અને માનવતાની રીતે નૈતિકતા ને ધર્મનું એક મહત્વનું પાસું ગણે છે, અને એ લોકો ધર્મ માટે ગમે તેવી નિતી છોડી શકાય એવું માનનારા છે! અને એવું નથી કે બીજાને મારે છે, આતંકને નામે પોતાનાંનો જીવ પણ લેતાં અચકાતા નથી! આજસુધીમાં તો આતંકવાદી બની લાખો યુવાનો મર્યા હશે! પણ ઘણીવાર એવું થાય કે સ્વીકારી લેવું પડે કે એ નહીં જ સુધરે! આમાં પણ એવું જ છે, અને એ આપણે ઓપરેશન સિંદૂર થી કહી દીધું! બાકી આપણો ઈતિહાસ સૌ જાણે જ છે કે! અમુકને બાદ કરતાં બધાં જ ભાગલાનાં વિરોધી હતાં! કારણ કે સૌએ એને સ્વજન જ ગણ્યાં હતા.

## ગાંધીધામ ક્ષેત્રે એક જ દિવસમાં 16 'લૉંગ હૉલ' ટ્રેનો ચલાવીને ઇતિહાસ રચ્યો

# પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળનું જુલાઈ 2026માં સર્વાંગી ઉત્કૃષ્ટ પ્રદર્શન : ₹763 કરોડની આવક અર્જિત

રેલવે અમદાવાદ, તા.01

અમદાવાદ: પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળે જુલાઈ-2026 દરમિયાન વાણિજ્યિક, સંચાલન, બિઝનેસ ડેવલપમેન્ટ યુનિટ (BDU), બિન-ભાડા આવક (NFR), પાર્સલ વ્યવસાય, ટિકિટ ચેકિંગ તથા મુસાફર સુવિધાઓના ક્ષેત્રમાં અનેક નોંધપાત્ર સિદ્ધિઓ હાંસલ કરી છે. અમદાવાદ મંડળે જુલાઈ મહિનામાં કુલ 763 કરોડની આવક હાંસલ કરીને વધુ એક નવો કીર્તિમાન સ્થાપ્યો છે.

મંડળ રેલ પ્રબંધક, અમદાવાદ, શ્રી વેદ પ્રકાશે આ ઐતિહાસિક સિદ્ધિ બદલ મંડળના વાણિજ્ય અને પરિચાલન વિભાગના અધિકારીઓ તથા કર્મચારીઓની પ્રશંસા કરતાં તેમને હાર્દિક અભિનંદન પાઠવ્યા.

1. નાણાકીય અને વાણિજ્યિક પ્રદર્શન (આવકમાં શાનદાર વૃદ્ધિ)

અમદાવાદ મંડળે જુલાઈ-2026 દરમિયાન વિવિધ ક્ષેત્રોમાં ગત વર્ષની સરખામણીએ નોંધપાત્ર આવકમાં વધારો નોંધાવ્યો.

માલભાડું (Freight) આવક: 584.48 કરોડ (ગત વર્ષના 553.50 કરોડની સરખામણીએ 5.60% વધુ).

મુસાફર (Passenger) આવક: 147.05 કરોડ (ગત વર્ષના 144.72 કરોડની સરખામણીએ 1.61% વધુ).

અન્ય કોચિંગ (OCH) આવક: 22.00 કરોડ (ગત વર્ષના 16.67 કરોડની સરખામણીએ 31.97% વધુ).

પાર્સલ (Parcel) આવક: 7.16 કરોડ (ગત વર્ષના 6.64 કરોડની સરખામણીએ 7.83% વધુ).

ટિકિટ ચેકિંગ આવક: 2.10 કરોડ (ગત વર્ષના 1.60 કરોડની સરખામણીએ 31.25% વધુ).

શ્રેષ્ઠ ફ્રેટ પ્રદર્શન: નલિયા ફ્રેટ ટર્મિનલ (NLY)એ 3.96 કરોડની અત્યાર સુધીની સર્વશ્રેષ્ઠ માસિક માલભાડું આવક નોંધાવી.

2. માલ લદાન (Freight Loading) અને પરિચાલનમાં નવા કીર્તિમાન

પરિચાલન વિભાગ (Operating Department) દ્વારા માલ પરિવહન અને ટ્રેન પરિચાલનમાં અનેક કીર્તિમાન સ્થાપિત કરવામાં આવ્યા:

રેકોર્ડ માલ લદાન: જુલાઈ 2026માં સરેરાશ 2,908.84 વેગન/દિવસ (કુલ 4.50 મિલિયન ટન)નું લદાન થયું, જે ગત વર્ષની સરખામણીએ 7.58% (વજનની માં) વધુ છે. વેગન ટર્નઅરાઉન્ડ (WTR)માં 13.33%નો સુધારો નોંધાયો.

પ્રમુખ વસ્તુઓના લદાનમાં વૃદ્ધિ:

કોલસો (Coal): 138.81 વેગન/દિવસ (+123.67%)

ખાતર (Fertilizer): 603.97 વેગન/દિવસ (+39.43%)

મીઠું (Salt): 315.03 વેગન/દિવસ (+11.88%)

ગાંધીધામ ક્ષેત્ર: 2,267.26 વેગન/દિવસ (+10.85%)

લૉંગ હૉલ' સંચાલનનો રેકોર્ડ: 29 જુલાઈ 2026ના રોજ ગાંધીધામ ક્ષેત્રમાં એક જ દિવસમાં 16 લૉંગ હૉલ ટ્રેનો ચલાવીને સર્વકાલીન રેકોર્ડ બનાવવામાં આવ્યો. જુલાઈ 2026માં કુલ 385 લૉંગ હૉલ ટ્રેનો ચલાવવામાં આવી, જે ગત વર્ષની સરખામણીએ 1227.58%ની અભૂતપૂર્વ વૃદ્ધિ દર્શાવે છે.

ઈન્ટરચેન્જ પ્રદર્શન: સરેરાશ 202.03 ટ્રેન/દિવસનું ઈન્ટરચેન્જ નોંધાયું, જ્યારે ડેડિકેટેડ ફ્રેટ કોરિડોર (DFC) પોઈન્ટ પર સરેરાશ 95.25 ટ્રેન/દિવસ (+9.96%)નું સંચાલન થયું.

3. બિઝનેસ ડેવલપમેન્ટ યુનિટ (BDU) અને નવા લોજિસ્ટિક્સ ગંતવ્યો

રેલવે સાથે નવા ગ્રાહકો અને વેપારને જોડવા માટે અનેક નવા પ્રયાસો કરવામાં આવ્યા:

હોન્ડા (HMSI) સાથે ભાગીદારી: વિઠ્ઠલપુર સ્થિત પ્લાન્ટની મુલાકાત લઈને દરરોજ 7,500થી વધુ ઓટોમોબાઈલ/સ્કૂટરોનું રેલવે દ્વારા પરિવહન કરવાની યોજના અંગે ચર્ચા કરવામાં આવી.

નવા ટર્મિનલ અને સુવિધાઓ: કલોલ-ગાંધીનગર સેક્શન પર આદરજમોટી (AJMB) અને ગોપાલપુર (GPPR)ને નવા આવક/જાવક ગુડ્સ તથા પાર્સલ ટ્રાફિક માટે ખોલવામાં આવ્યા.

નવો વેપાર અને ગંતવ્ય: કોટા, રંગિયા, નાગપુર, દિલ્હી, જયપુર અને ભાવનગર મંડળો માટે કોલસો, ખાતર, મિશ્ર સામગ્રી તથા કન્ટેનર રેક મોકલવામાં આવ્યા. મારુતિ સુઝુકી GCT, બેચરાજી (MSIB)થી મેસર્સ સુશીલા ટ્રાન્સપોર્ટ સાથે મેલપક્કમ માટે નવો ઓટોમોબાઈલ ટ્રાફિક શરૂ કરીને 36.25 લાખની વધારાની આવક પ્રાપ્ત કરવામાં આવી.

4. બિન-ભાડા આવક (NFR) અને મુસાફર સુવિધાઓ

મંડળે બિનપરંપરાગત સ્ત્રોતો દ્વારા આવક વધારવામાં નોંધપાત્ર સફળતા પ્રાપ્ત કરી:

જાહેરાત અને રેડિયો ટેક્સી: સાબરમતી, કલોલ, અમદાવાદ અને પાલનપુર ખાતે ઈ-ઓક્શન તથા જાહેરાતો દ્વારા નવા કરારો કરવામાં આવ્યા. સાબરમતી અને અમદાવાદ સ્ટેશનોના સર્ક્યુલેટિંગ એરિયામાં રેડિયો ટેક્સી/કેબ સેવાઓ માટે કુલ 1.34 કરોડના 3 વર્ષના કરારો આપવામાં આવ્યા.

સફાઈ અને વેન્ડિંગ કરાર: ગાંધીધામ ખાતે C&W યાર્ડ અને ગુડ્સ શેડની સફાઈ માટે 2.12 કરોડનો 3 વર્ષનો કરાર કરવામાં આવ્યો. સામાન્ય ટ્રેનોમાં સામાન વેચવા માટે ટ્રેન સાઈડ વેન્ડિંગ (TSV) શરૂ કરવામાં આવ્યું.

## અતિભારે વરસાદની આગાહીના પગલે M.P.T. અને M.Optometry ની CET-2026 પરીક્ષા મોકૂફ

### વિદ્યાર્થીઓની CET-2026 પરીક્ષા મોકૂફ થતા નવી તારીખો પોર્ટલ પર જાહેર થશે

ગાંધીનગર, તા.01

ગુજરાત કોમન એડમિશન સર્વિસિસ (GCAS) અંતર્ગત રાજ્યની તમામ યુનિવર્સિટીઓ, સંલગ્ન શૈક્ષણિક સંસ્થાઓ, વિદ્યાર્થીઓ તથા વાલીઓના શૈક્ષણિક હિતમાં અગત્યની જાહેરાત કરવામાં આવી છે. જેમાં વીર નર્મદ સાઉથ ગુજરાત યુનિવર્સિટી, સુરત દ્વારા અનુસ્નાતક કક્ષાના Allied Healthcare (Nursing) અભ્યાસક્રમો માટે કોમન એન્ટ્રન્સ ટેસ્ટ (CET-2026) નું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રક્રિયામાં રાજ્યની વિવિધ અગ્રણી યુનિવર્સિટીઓ જેવી કે ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી (જૂનાગઢ), સરદાર પટેલ યુનિવર્સિટી (વલ્લભ વિદ્યાનગર), ધી મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી (વડોદરા), સૌરાષ્ટ્ર યુનિવર્સિટી (રાજકોટ), શ્રી ગુરુ ગોવિંદ યુનિવર્સિટી (ગોધરા), હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી (પાટણ), ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણવર્મા કચ્છ યુનિવર્સિટી તથા ગુજરાત યુનિવર્સિટી સહભાગી થઈ છે.

ગુજરાત રાજ્યમાં ભારેથી અતિભારે વરસાદની આગાહીના કારણે વિવિધ વિસ્તારોમાં 'રેડ એલર્ટ' ની પરિસ્થિતિ સર્જાયેલ છે. વિદ્યાર્થીઓની સલામતીને ધ્યાને રાખીને તા.૦૨/૦૮/૨૦૨૬ ના રોજ યોજાનાર M.P.T. અને M.OPTOMETRY ની CET-2026 પરીક્ષા હાલ તુરંત મોકૂફ રાખવામાં આવી છે. તેમજ પરીક્ષા મોકૂફ રહેવા અંગે M.P.T. ના કુલ ૭૭૫ તથા M. OPTOMETRY ના કુલ ૧૭ ઉમેદવારોને એસ.એમ.એસ. (SMS), ફોન તથા સોશિયલ મીડિયાના માધ્યમથી વ્યક્તિગત જાણ કરી દેવામાં આવી છે. તથા પરીક્ષાની નવી તારીખો તેમજ અન્ય સંબંધિત વિગતો ટૂંક સમયમાં GCAS પોર્ટલ પર જાહેર કરવામાં આવશે. તથા તમામ ઉમેદવારો અને વાલીઓને પરીક્ષા સંબંધી નિયમિત અને અધિકૃત અપડેટ મેળવવા માટે GCAS ના સત્તાવાર પોર્ટલ https://gcas.gujgov.edu.in/ ની સતત મુલાકાત લેવા અનુરોધ કરાય છે.

## અમદાવાદ જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરીની પહેલથી ગ્રામીણ મહિલાઓ કાયદાકીય અધિકારો અને કલ્યાણકારી યોજનાઓથી માહિતગાર થઈ

### ભાતમાં મહિલાઓને સુરક્ષા આદેશ, નિવાસ અને ભરણપોષણ જેવા કાયદાકીય અધિકારોનું વિસ્તૃત માર્ગદર્શન અપાયું

ગાંધીનગર, તા.01



અમદાવાદ જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી દ્વારા ઉજવાઈ રહેલા 'નારી વંદન સપ્તાહ' અંતર્ગત મહિલા સુરક્ષા દિન નિમિત્તે દસ્ક્રોઈ તાલુકાના ભાત ગામે સ્થાનિક ગૃહિણીઓ માટે કાયદાકીય માર્ગદર્શન સેમિનારનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.

મહિલાઓને કાયદાકીય રીતે સશક્ત બનાવવા તથા તેમના અધિકારો પ્રત્યે જાગૃત કરવાના મુખ્ય હેતુથી યોજાયેલા આ સેમિનારમાં ઘરેલું હિંસા પ્રતિબંધક અધિનિયમ-2005 વિષય પર વિસ્તૃત ચર્ચા અને માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં ઘરેલું હિંસા પ્રતિબંધક અધિનિયમના તજજ્ઞ શ્રી ગૌરવભાઈ ઠક્કર તથા દહેજ પ્રતિબંધક અધિકારી શ્રીમતી તન્વીબહેન ચાવડા દ્વારા મહિલાઓને અધિનિયમની વિવિધ જોગવાઈઓ અંગે ઊંડાણપૂર્વક માહિતી આપવામાં આવી હતી.

વક્તાઓએ ઉપસ્થિત ગૃહિણીઓને સમજાવ્યું હતું કે ઘરેલું હિંસા માત્ર શારીરિક અત્યાચાર સુધી મર્યાદિત નથી, પરંતુ માનસિક, મૌખિક, ભાવનાત્મક, આર્થિક તથા લૈંગિક શોષણ પણ આ કાયદાના દાયરામાં આવે છે. વક્તાઓએ કાયદા હેઠળ ભોગ બનનાર મહિલાને મળતા સુરક્ષા આદેશ, નિવાસનો અધિકાર, ભરણપોષણ, સંતાનની કસ્ટડી અને વળતર મેળવવાના અધિકારો વિશે માહિતગાર કરી અન્યાય સામે મૌન ન રહી પ્રોટેક્શન ઓફિસર, પોલીસ, જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ કે અદાલતનો સંપર્ક કરવા અપીલ કરી હતી.

આ પ્રસંગે 'સંકલ્પ હબ ફોર એમ્પાવરમેન્ટ ઑફ વિમન' યોજનાની ટીમ દ્વારા મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા અમલમાં મૂકવામાં આવતી વિવિધ કલ્યાણકારી યોજનાઓ, કૌશલ્ય વિકાસ, આત્મનિર્ભરતા, મહિલા સુરક્ષા અને સહાય સેવાઓ અંગે વિસ્તૃત જાણકારી આપવામાં આવી હતી.

સેમિનારના અંતે યોજાયેલા પ્રશ્નોત્તરી સેશનમાં સ્થાનિક ગૃહિણીઓએ કાયદાકીય પ્રક્રિયા અને અધિકારો અંગે પૂછેલા પ્રશ્નોના નિષ્ણાતો દ્વારા સરળ ભાષામાં જવાબો આપવામાં આવ્યા હતા. ગ્રામીણ મહિલાઓએ ઉત્સાહભેર ભાગ લઈ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો અને ભવિષ્યમાં પણ આવા જાગૃતિ કાર્યક્રમો ગ્રામ્યસ્તરે યોજાય તેવી લાગણી વ્યક્ત કરી હતી.

## ભારતમાં પ્રથમ વખત ટ્રેન દ્વારા જીવંત હૃદયનું પરિવહન વંદે ભારત એક્સપ્રેસ મારફતે સુરતથી અમદાવાદ પહોંચ્યું જીવંત હૃદય

રેલ્વે અમદાવાદ, તા.01



અમદાવાદ: ભારતીય રેલવેએ આરોગ્ય સેવાઓના ક્ષેત્રમાં એક ઐતિહાસિક સિદ્ધિ હાંસલ કરતાં પ્રથમ વખત વંદે ભારત એક્સપ્રેસ દ્વારા જીવંત હૃદય (Live Heart)નું સફળતાપૂર્વક પરિવહન કર્યું છે. સુરતથી અમદાવાદ સુધી ટ્રેન નં. 20901 મુંબઈ સેન્ટ્રલ-ગાંધીનગર કેપિટલ વંદે ભારત એક્સપ્રેસ મારફતે જીવંત હૃદયને સુરક્ષિત રીતે અને નિર્ધારિત સમયમર્યાદામાં પહોંચાડવામાં આવ્યું. આ હૃદયનું પ્રત્યારોપણ અમદાવાદ સ્થિત યુ. એન. મહેતા ઈન્સ્ટિટ્યૂટ ઓફ કાર્ડિયોલોજી એન્ડ રિસર્ચ સેન્ટર ખાતે કરવામાં આવશે.

આ અત્યંત સંવેદનશીલ અને સમયબદ્ધ જીવનરક્ષક અભિયાન ભારતીય રેલવે, ગુજરાત રાજ્ય પોલીસ, રેલવે સુરક્ષા દળ (RPF) તથા તબીબી ટીમો વચ્ચેના ઉત્તમ સંકલનનું શ્રેષ્ઠ ઉદાહરણ બન્યું છે.

જીવંત હૃદયને અમદાવાદ રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નં. 1 થી યુ.એન. મહેતા ઈન્સ્ટિટ્યૂટ ઓફ કાર્ડિયોલોજી એન્ડ રિસર્ચ સેન્ટર સુધી સુરક્ષિત અને અવરોધરહિત રીતે પહોંચાડવા માટે RPF અને ગુજરાત રાજ્ય પોલીસ દ્વારા વિશેષ ગ્રીન કોરિડોર તૈયાર કરવામાં આવ્યો હતો. તેના પરિણામે અંગને નિર્ધારિત સમયમર્યાદામાં હોસ્પિટલ સુધી પહોંચાડી શકાયું, જેથી પ્રત્યારોપણ પ્રક્રિયામાં કોઈ વિલંબ ન થાય.

અમદાવાદ મંડળના મંડળ રેલ પ્રબંધક શ્રી વેદ પ્રકાશે જણાવ્યું હતું કે, "ભારતીય રેલવે માટે આ અત્યંત ગૌરવ અને સંતોષની ક્ષણ છે કે વંદે ભારત એક્સપ્રેસ મારફતે સુરતથી અમદાવાદ સુધી જીવંત હૃદયને સુરક્ષિત અને સમયસર પહોંચાડવામાં સફળતા મળી છે. આવા જીવનરક્ષક મિશનમાં દરેક ક્ષણ અમૂલ્ય હોય છે. ભારતીય રેલવે, RPF, ગુજરાત રાજ્ય પોલીસ અને તબીબી ટીમો વચ્ચેના ઉત્તમ સંકલનથી આ અભિયાન સફળ બન્યું છે. કોઈ વ્યક્તિનું જીવન બચાવવામાં ભારતીય રેલવેની ભૂમિકા નિભાવવી એ અમારા માટે માત્ર જવાબદારી જ નહીં, પરંતુ સેવા અને માનવતાપ્રતિની સર્વોચ્ચ પ્રતિબદ્ધતા છે."

વંદે ભારત એક્સપ્રેસની ઝડપી ગતિ, સમયપાલન અને વિશ્વસનીયતાએ આ જીવનરક્ષક અભિયાનને સફળ બનાવવામાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું છે. આ સિદ્ધિ દર્શાવે છે કે ભારતીય રેલવે હવે માત્ર મુસાફરો અને માલસામાનના પરિવહન પૂરતી મર્યાદિત નથી, પરંતુ જરૂરિયાત સમયે કટોકટીની આરોગ્ય સેવાઓમાં પણ મહત્વપૂર્ણ સહયોગી તરીકે કાર્ય કરી રહી છે.

આ ઐતિહાસિક મિશનની સફળતામાં ભારતીય રેલવેના વિવિધ વિભાગો, RPF, ગુજરાત રાજ્ય પોલીસ, તબીબો, અંગ પ્રત્યારોપણ સંકલનકારો તેમજ સંબંધિત તમામ અધિકારીઓ અને કર્મચારીઓનું નોંધપાત્ર યોગદાન રહ્યું છે. તમામ એજન્સીઓ વચ્ચેના અસરકારક અને ઝડપી સંકલનને કારણે આ પડકારજનક જીવનરક્ષક અભિયાન સફળતાપૂર્વક પૂર્ણ થયું. આ ઐતિહાસિક સિદ્ધિ ભારતીય રેલવેની ઝડપી, સુરક્ષિત અને વિશ્વસનીય સેવાઓ ઉપરાંત માનવ જીવનની રક્ષા પ્રત્યેની તેની અડગ પ્રતિબદ્ધતાને પણ ઉજાગર કરે છે.

## હાપા-નાહરલાગુન સ્પેશિયલ ટ્રેનના કોચ સંયોજનમાં અસ્થાયી ફેરફાર

■ આગામી આદેશ સુધી આ ટ્રેનમાં જનરલ ટિકિટ ઈશ્યૂ કરવામાં આવશે નહીં

અમદાવાદ રેલ્વે, તા.01

અરુણાચલ પ્રદેશમાં લાગુ 'ઈનર લાઈન પરમિટ' વ્યવસ્થાના પાલન હેતુ પશ્ચિમ રેલવે દ્વારા ગાડી સંખ્યા 09525/09526 હાપા-નાહરલાગુન-હાપા સ્પેશિયલના કોચ સંયોજનમાં અસ્થાયી (હંગામી) ફેરફાર કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

આ ફેરફાર હેઠળ ટ્રેનમાં જોડવામાં આવતા 4 જનરલ કોચના સ્થાને 4 રિઝર્વ્ડ સેકન્ડ ક્લાસ કોચ જોડવામાં આવશે. આ ઉપરાંત, લગેજ કમ બ્રેક વાન સાથે જોડાયેલા અનાઅનામત જનરલ કોચને પણ અસ્થાયી રૂપે અનામત સેકન્ડ ક્લાસ કોચ તરીકે ચલાવવામાં આવશે. જોકે, ટ્રેનમાં કુલ 21 એલએચબી (LHB) કોચ યથાવત રહેશે અને અન્ય કોઈ પ્રકારનો ફેરફાર કરવામાં આવ્યો નથી.

આ અસ્થાયી વ્યવસ્થા નીચે મુજબ અમલમાં રહેશે–

1) હાપાથી ઊપડતી ગાડી માટે: 05 ઓગસ્ટ, 2026થી 04 નવેમ્બર, 2026 સુધી.

2) નાહરલાગુનથી ઊપડતી ગાડી માટે: 08 ઓગસ્ટ, 2026થી 07 નવેમ્બર, 2026 સુધી.

05 ઓગસ્ટ, 2026થી 16 સપ્ટેમ્બર, 2026 સુધીની મુસાફરી માટે આ અનામત કોચમાં બુકિંગ 02 ઓગસ્ટ, 2026થી પેસેન્જર રિઝર્વેશન સિસ્ટમ (PRS) દ્વારા ઉપલબ્ધ થશે. બાકીના સમયગાળા માટે રિઝર્વેશન રેલવે દ્વારા નિર્ધારિત સમય મુજબ ઉપલબ્ધ કરાવવામાં આવશે.

ઉક્ત સમયગાળા દરમિયાન ગાડી સંખ્યા 09525/09526 હાપા-નાહરલાગુન-હાપા સ્પેશિયલ સંપૂર્ણપણે રિઝર્વ્ડ ટ્રેન તરીકે દોડશે. આથી, આગામી આદેશ સુધી આ ટ્રેનમાં મુસાફરી કરતા મુસાફરો માટે કોઈ પણ અનરિઝર્વ્ડ (જનરલ) ટિકિટ ઈશ્યૂ કરવામાં આવશે નહીં.

મુસાફરોને વિનંતી છે કે તેઓ ઉપરોક્ત સુધારેલી વ્યવસ્થાને ધ્યાનમાં રાખીને પોતાની મુસાફરીનું આયોજન કરે અને માત્ર માન્ય રિઝર્વ્ડ ટિકિટ સાથે જ મુસાફરી કરે. ટ્રેનના સ્ટોપેજ, સમય અને સંરચના સંબંધિત વિગતવાર માહિતી માટે મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

## અમદાવાદ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ભારે વરસાદ બાદ સ્થિતિ સમીક્ષા અને આગોતરા આયોજનની કામગીરી સુનિશ્ચિત કરાઈ





ગાંધીનગર, તા.01

વિરમગામ, ધોલેરા, માંડલ સહિત વિવિધ તાલુકાઓમાં અધિકારીઓની સ્થળ મુલાકાત: પાણીના નિકાલ, પાળાના સમારકામ અને રાહત-બચાવ કામગીરીનું સઘન આયોજન

**અમદાવાદ જિલ્લામાં તાજેતરમાં થયેલા ભારે વરસાદ બાદ જિલ્લા કલેકટરશ્રીના માર્ગદર્શનમાં જિલ્લા વહીવટી તંત્ર એલર્ટ મોડ પર આવીને રાહત અને સુચારુ વ્યવસ્થાપનની કામગીરીમાં જોતરાયું છે. હવામાન વિભાગ દ્વારા આગામી દિવસોમાં પણ ભારે વરસાદની વ્યક્ત કરવામાં આવેલી આગાહીને પગલે નાગરિકોની સુરક્ષા અને સુવિધા અર્થે જિલ્લાના વિવિધ તાલુકાઓમાં અધિકારીઓ દ્વારા ત્વરિત કામગીરી હાથ ધરવામાં આવી રહી છે.

વિરમગામ તાલુકામાં પાણીના નિકાલ માર્ગોની સફાઈ અને થુલેટા બંધના પાળાનું સમારકામ હાથ ધરાયું

વિરમગામ પ્રાંત અધિકારીશ્રી અને નગરપાલિકા ચીફ ઓફિસરશ્રી દ્વારા શહેરના વિવિધ પાણીના નિકાલ માર્ગો તથા કાંસની પ્રત્યક્ષ સમીક્ષા કરવામાં આવી હતી. વરસાદી પાણીનો ઝડપી નિકાલ થાય તે માટે જેસીબી મશીનરીની મદદથી કાંસમાંથી અવરોધો દૂર કરી સફાઈ કામગીરી હાથ ધરાઈ છે.

આ ઉપરાંત, વિરમગામ અને ઉપરવાસ વિસ્તારમાં ભારે વરસાદના કારણે 'થુલેટા બંધ'ના પાળાનું ઓવરટોપિંગથી ધોવાણ થયું હતું. વિરમગામ પ્રાંત અધિકારીશ્રીના માર્ગદર્શન હેઠળ સિંચાઈ વિભાગ દ્વારા રેતીની ગુણો મૂકીને યુદ્ધધોરણે પાળાના સમારકામ અને મજબૂતીકરણની કામગીરી પૂર્ણ કરવામાં આવી રહી છે.

ધોલેરા તાલુકાના છેવાડાના ગામોમાં અગમચેતીના આયોજનો હાથ ધરાયા

અગમચેતીના ભાગરૂપે ધોલેરા તાલુકાના છેવાડાના વિસ્તારોમાં પણ તંત્ર સજ્જ બન્યું છે. ડેપ્યુટી કલેક્ટર શ્રી નિલેષ કુકડીયા, તાલુકા વિકાસ અધિકારીશ્રી અને મામલતદારશ્રી સહિતના ઉચ્ચ અધિકારીઓએ હેબતપુર અને બાવળીયારી ગામોની રૂબરૂ મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન વરસાદી પાણીના નિકાલ તેમજ વિસ્તારના પુલ અને કોઝવેની સ્થિતિની સમીક્ષા કરી જરૂરી સુચનાઓ તથા દિશાનિર્દેશો આપવામાં આવ્યા હતા.

માંડલ તાલુકાના સંવેદનશીલ વિસ્તારોમાં પ્રત્યક્ષ મુલાકાત અને સ્થાનિકો સાથે સંવાદ

ભારે વરસાદની પરિસ્થિતિને ધ્યાને રાખી નાયબ કલેક્ટર અને ડેપ્યુટી ડીડીઓ શ્રી પાર્થ મિશ્રા દ્વારા માંડલ તાલુકાના સંવેદનશીલ વિસ્તારોની સ્થળ મુલાકાત લેવામાં આવી હતી. તેમણે સ્થાનિક ગ્રામજનો સાથે સીધો સંવાદ સાધીને તેમની પ્રાથમિક જરૂરિયાતો અને સમસ્યાઓ જાણી હતી. આ સાથે મામલતદારશ્રી અને ટીડીઓશ્રી સાથે પરસ્પર સંકલન સાધીને સંભવિત આફત સામે જરૂરી રાહત અને બચાવ કામગીરીનું પૂર્વ આયોજન કરવામાં આવ્યું છે.

જિલ્લા કલેકટરશ્રીના માર્ગદર્શનમાં જિલ્લા વહીવટી તંત્ર દ્વારા તમામ તાલુકા કક્ષાએ પરિસ્થિતિ પર સતત નજર રાખવામાં આવી રહી છે અને નાગરિકોને કોઈપણ પ્રકારની અગવડ ન પડે તે માટે જરૂરી તમામ પગલાં લેવામાં આવી રહ્યા છે.

# પાકિસ્તાની કેપ્ટનને ગળે મળી ભારતની સ્ટાર ક્રિકેટર જેમિમાહ, મેચ પછી હેન્ડશેક પણ કર્યો; થોડી સેકન્ડના આ દ્રશ્ય કેમેરામાં કેદ થયા

**જોહાનિસબર્ગ, તા.01**

ભારત અને પાકિસ્તાન વચ્ચેની ક્રિકેટ મેચ હંમેશાં રોમાંચ અને લાગણીઓથી ભરેલી હોય છે. પરંતુ છેલ્લા કેટલાક સમયથી બંને દેશો વચ્ચેના રાજકીય તણાવની અસર ક્રિકેટના મેદાન પર પણ સ્પષ્ટપણે જોવા મળી છે. તાજેતરની ઘણી ઈન્ટરનેશનલ ક્રિકેટ ટુર્નામેન્ટોમાં ભારતીય અને પાકિસ્તાની કેપ્ટનોએ પરંપરાગત પ્રી-મેચ અને પોસ્ટ-મેચ હેન્ડશેક કરવાનું બંધ કર્યું છે. જેના કારણે આ મુદ્દો સતત ચર્ચામાં રહ્યો.



આ જ વાતાવરણ વચ્ચે ઈંગ્લેન્ડમાં રમાઈ રહેલી 'ધ હન્ડ્રેડ વુમેન્સ લીગ'માંથી આવેલી એક વીડિયો હાલ વાઈરલ થઈ રહ્યો છે. સાઉથેમ્પ્ટનના ધ રોઝ બાઉલમાં રમાયેલી મેચમાં સધર્ન બ્રેવ્સે બર્મિંગહામ ફીનિક્સને 24 રને હરાવ્યું. મેચ પૂરી થયા પછી ભારતીય બેટર જેમિમાહ રોડ્રિગ્સ અને પાકિસ્તાની કેપ્ટન ફાતિમા સના આમને-સામને આવી. બંનેએ પહેલા હાથ મિલાવ્યો અને પછી એકબીજાને ગળે લગાવી. થોડી સેકન્ડના આ દ્રશ્ય કેમેરામાં કેદ થઈ ગયો અને જોતજોતામાં સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ ગયો.

જેમિમાહ રોડ્રિગ્સ અને ફાતિમા સનાનું આ વર્તન એટલા માટે વધુ ચર્ચામાં છે કારણ કે તાજેતરની ભારત-પાકિસ્તાન ઈન્ટરનેશનલ મેચમાં આવી તસવીરો જોવા મળી નહોતી. છેલ્લા એક વર્ષમાં બંને દેશો વચ્ચે રમાયેલી ઘણી મોટી મેચમાં ભારતીય કેપ્ટનોએ પાકિસ્તાનના કેપ્ટનો સાથે પરંપરાગત હેન્ડશેક કર્યો નહોતો. આ ફેરફાર ક્રિકેટ જગતમાં સતત ચર્ચાનો વિષય બન્યો રહ્યો.

2025 એશિયા કપમાં સૂર્યાએ હેન્ડશેક કર્યો નહોતો

આ સિલસિલાની શરૂઆત 2025 એશિયા કપથી ચર્ચામાં આવી, જ્યારે ભારતીય કેપ્ટન સૂર્યકુમાર યાદવ અને પાકિસ્તાનના ખેલાડીઓ વચ્ચે મેચ પહેલા અને પછી હેન્ડશેક ન થયો. ત્યારબાદ આ ક્રમ ઘણી મોટી ટુર્નામેન્ટોમાં પણ ચાલુ રહ્યો.

અંડર-19 વર્લ્ડ કપ 2026માં ભારતીય કેપ્ટન આયુષ મ્હાત્રે અને પાકિસ્તાનના ફરહાન યુસુફે ટૉસ દરમિયાન હાથ ન મિલાવ્યો. પછી ICC મેન્સ T20 વર્લ્ડ કપ 2026માં સૂર્યકુમાર યાદવ અને સલમાન અલી આગા વચ્ચે પણ હેન્ડશેક ન થયો. જ્યારે વુમન્સ T20 વર્લ્ડ કપ 2026 દરમિયાન ભારતની કેપ્ટન હરમનપ્રીત કૌર અને પાકિસ્તાનની ફાતિમા સનાએ પણ પરંપરાગત હેન્ડશેકથી અળગા રહ્યા.

એશિયા કપ 2025માં ભારતના કેપ્ટન સૂર્યકુમાર યાદવે પાકિસ્તાનના કેપ્ટન સલમાન અલી આગા સાથે હાથ મિલાવ્યો નહોતો.

ઈન્ટરનેશનલ ક્રિકેટમાં ભલે વાતાવરણ અલગ રહ્યું હોય, પરંતુ ફ્રેન્ચાઈઝી ક્રિકેટમાં ખેલાડીઓના સંબંધો હંમેશાં પ્રોફેશનલ અને ફ્રેન્ડલી રહ્યા છે. જોકે જેમિમાહ રોડ્રિગ્સ અને ફાતિમા સનાનો વીડિયો વાઈરલ થતા ફરી ચર્ચાનો વિષય બની ગયો છે.

# ભારતના બાંગ્લાદેશ પ્રવાસ પર સસ્પેન્સ યથાવત : BCB ચીફ તમીમ ઈકબાલે સરકાર પાસે મદદ માગી; કહ્યું- વિદેશ મંત્રાલય ભારત સાથે વાતચીત કરે

**નવી દિલ્હી, તા.01**

ભારત અને બાંગ્લાદેશ વચ્ચે સપ્ટેમ્બરમાં યોજાનારી સિરીઝ પર સસ્પેન્સ યથાવત છે. બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડના પ્રમુખ તમીમ ઈકબાલે હવે સરકારને વિનંતી કરી છે કે તે ભારત સાથે વાત કરે. તમીમ વિદેશ મંત્રાલય ગયા અને પ્રવાસ માટે સુરક્ષાની ગેરંટી માગી.

ભારતને બાંગ્લાદેશ પ્રવાસ પર ત્રણ વન-ડે અને 3 T20 મેચ રમવાની છે. જોકે, BCCI તરફથી સિરીઝ પર પુષ્ટિ આવવાની બાકી છે.

આખો મામલો 3 મુદ્દામાં સમજો:

સિરીઝ 2024માં થવાની હતી: આ પ્રવાસ પહેલા 2024માં થવાનો હતો. આ દરમિયાન બાંગ્લાદેશમાં સરકાર વિરોધી આંદોલન થયું અને સરકાર બદલાઈ. પછી ભારત-બાંગ્લાદેશ વચ્ચે તણાવની સ્થિતિ સર્જાઈ. આને કારણે સિરીઝ મુલતવી રાખવામાં આવી હતી. હવે સિરીઝ સપ્ટેમ્બર 2026માં કરાવવાની વાત ચાલી રહી છે. જોકે, ભારત તરફથી હજુ સુધી લીલી ઝંડી મળી નથી.



સુરક્ષા મોટો મુદ્દો: તમીમ ઈકબાલે બાંગ્લાદેશના વિદેશ રાજ્ય મંત્રી શામા ઓબેદ ઈસ્લામ સાથે મુલાકાત કરી. તેમણે સરકારને કહ્યું છે કે તેઓ ભારત સરકાર સાથે વાત કરે. તેમણે ખાતરી આપવા કહ્યું કે બાંગ્લાદેશમાં ટીમ ઈન્ડિયા સંપૂર્ણપણે સુરક્ષિત રહેશે. પરિસ્થિતિ સુધરતી દેખાતા સિરીઝ શક્ય: તાજેતરમાં ભારતે બાંગ્લાદેશના વડાપ્રધાન તારિક રહેમાનને ભારતમાં યોજનાર BRICS સંમેલનનું આમંત્રણ આપ્યું છે. બંને દેશોના વિદેશ મંત્રીઓ વચ્ચે વાતચીત પણ થઈ છે. રમતગમતના નિષ્ણાતોનું માનવું છે કે જો બંને દેશોના રાજકીય સંબંધો સુધરશે, તો મેચનો માર્ગ મોકળો થશે.

# UAE અંડર-19 વુમન્સ T20 વર્લ્ડ કપ માટે ક્વોલિફાય : મલેશિયાને 1 રનથી હરાવીને સ્થાન મેળવ્યું; 2027માં થશે આગામી એડિશન

**કાઠમંડુ, તા.01**

UAE મહિલા ક્રિકેટ ટીમે યજમાન મલેશિયાને 1 રનથી હરાવીને ICC અંડર-19 વુમન્સ T20 વર્લ્ડ કપ માટે ક્વોલિફાય કરી લીધું. એશિયા ક્વોલિફાયરની ફાઈનલ બાયુમાસ ઓવલમાં રમાઈ હતી.

UAE પ્રથમ બેટિંગ કરતા 19.3 ઓવરમાં 95 રન બનાવીને ઓલઆઉટ થઈ ગઈ. જોકે, મલેશિયાને 20 ઓવરમાં 6 વિકેટ ગુમાવીને 94 રનના સ્કોર પર રોકીને મેચ જીતી લીધી. આઠ ટીમના આ રિજનલ ક્વોલિફાયરની શરૂઆત 23 જુલાઈએ થઈ હતી.

અંડર-19 વુમન્સ T20 વર્લ્ડ કપની અત્યાર સુધી 2 આવૃત્તિઓ રમાઈ છે. 2023 અને 2025માં બંને વખત ભારતે જીત નોંધાવી હતી.

UAEએ તમામ 5 મેચ જીતી




યુએઈએ પ્રથમ મેચમાં હોંગકોંગ ચીન સામે ડકવર્થ લુઈસ નિયમ હેઠળ 37 રનથી જીત મેળવી હતી. ત્યારબાદ મલેશિયાને 39 રનથી અને કતારને 81 રનથી હરાવ્યું. સેમિફાઈનલમાં તેમણે ભૂટાનને 73 રનથી હરાવીને ફાઈનલમાં સ્થાન બનાવ્યું હતું.

ફાઈનલ મેચમાં અલ મસીરા જહાંગીરે શાનદાર ઓલરાઉન્ડ પ્રદર્શન કર્યું. તેણે 34 બોલમાં 31 રન બનાવવાની સાથે 12 રન આપીને 2 વિકેટ લીધી. તેને મેન ઓફ ધ મેચ તરીકે પસંદ કરવામાં આવી.

ટુર્નામેન્ટમાં 16 ટીમ ભાગ લેશે

2027માં યોજાનારી આ ટુર્નામેન્ટ ICC અંડર-19 મહિલા T20 વર્લ્ડ કપની ત્રીજી આવૃત્તિ હશે. નેપાળ અને બાંગ્લાદેશ તેના સહ-યજમાન દેશો હશે. તેમાં કુલ 16 ટીમ ભાગ લેશે.

# નવો લુક, નવો અંદાજ! : ઈંગ્લેન્ડ સિરીઝ પછી બદલાયેલો દેખાયો રોહિત શર્મા, રવિ શાસ્ત્રીએ તસવીર શેર કરી

**ગ્લાસગો, તા.01**

ઈંગ્લેન્ડ સામેની વન-ડે સિરીઝ પૂરી થયા બાદ ભારતીય ટીમનો પૂર્વ કેપ્ટન રોહિત શર્મા લંડનમાં સમય વિતાવી રહ્યો છે. લંડનમાં રોહિત શર્માની મુલાકાત ટીમ ઈન્ડિયાના પૂર્વ હેડ કોચ રવિ શાસ્ત્રી સાથે થઈ, જેની તસવીર સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ ગઈ છે.

રવિ શાસ્ત્રીએ પોતાના X એકાઉન્ટ પર રોહિત શર્મા સાથેનો ફોટો શેર કર્યો છે. તસવીરમાં બંને ખૂબ જ ખુશ દેખાઈ રહ્યા છે. શાસ્ત્રીએ રોહિતના ખભા પર હાથ રાખ્યો છે અને તેની તરફ ઈશારો કરીને હસી રહ્યા છે. તો બીજી તરફ, રોહિત પહેલાં કરતાં બિલકુલ અલગ અંદાજમાં જોવા મળ્યો.



તસવીરમાં રોહિત શર્મા ક્લીન શેવ લુકમાં નજરે પડ્યો. તેણે કાળા રંગની સ્ટાઈલિશ હાફ સ્લીવ શર્ટ પહેરેલી હતી, જેના પર સફેદ જિયોમેટ્રિક ડિઝાઈન બનેલી હતી. આ સાથે તેણે બ્લેક ટ્રાઉઝર પહેર્યું હતું. તેનો આ નવો અવતાર સોશિયલ મીડિયા પર ઝડપથી વાઈરલ થઈ રહ્યો છે અને ફેન્સ તેને ખૂબ પસંદ કરી રહ્યા છે. ફોટો શેર કરતાં રવિ શાસ્ત્રીએ લખ્યું, 'લંડનની સફર દરમિયાન રિલેક્સ્ડ 'શર્મા'ને મળીને ખૂબ સારું લાગ્યું.'

લોર્ડ્સમાં સદી ફટકારી, ટીકાકારોને જવાબ આપ્યો

ઈંગ્લેન્ડ સામેની વન-ડે સિરીઝની શરૂઆત રોહિત માટે સારી રહી ન હતી. પહેલી બે મેચમાં તે માત્ર 11 અને 26 રન જ બનાવી શક્યો હતો. ત્યારબાદ તેની નિવૃત્તિને લઈને અટકળો તેજ થઈ ગઈ હતી. અનેક રિપોર્ટસમાં દાવો કરવામાં આવ્યો હતો કે લોર્ડ્સ વન-ડે તેની છેલ્લી આંતરરાષ્ટ્રીય મેચ હોઈ શકે છે. જોકે, BCCIના સેક્રેટરી દેવજીત સૈકિયાએ આ અહેવાલોને સંપૂર્ણપણે ફગાવી દીધા હતા અને સ્પષ્ટ કર્યું હતું કે રોહિત ટીમ ઈન્ડિયાની ભવિષ્યની યોજનાઓનો મહત્વનો હિસ્સો છે.

ત્યારબાદ રોહિત શર્માએ આલોચકોને પોતાના બેટથી જવાબ આપ્યો. લોર્ડ્સ વન-ડેમાં તેણે માત્ર 110 બોલમાં 138 રનની શાનદાર ઈનિંગ રમી. આ ઈનિંગમાં તેણે 17 ચોગ્ગા અને 5 છગ્ગા ફટકાર્યા. ભારત ભલે મેચ હારી ગયું, પરંતુ રોહિતે એ મેસેજ જરૂર આપી દીધો કે તેનામાં હજુ પણ મેચનું પાસું પલટવાની ક્ષમતા છે.

રોહિત શર્મા હવે સપ્ટેમ્બરના અંતમાં વેસ્ટ ઈન્ડીઝ સામે રમાનારી ત્રણ મેચની હોમ વન-ડે સિરીઝથી મેદાન પર કમબેક કરી શકે છે. 2027 વન-ડે વર્લ્ડ કપને જોતાં આ સિરીઝ તેના માટે ખૂબ જ મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે.

# રશ્મિકા મંદાના સાથે શૂટિંગ દરમિયાન અકસ્માત : ડાન્સ સીક્વન્સમાં હિપનો ટેન્ડન ફાટી ગયો, ડોક્ટરની 6 અઠવાડિયા આરામ કરવાની સલાહ

**મુંબઈ, તા.01**

નેશનલ ક્રશ રશ્મિકા મંદાના સાથે ફિલ્મના શૂટિંગ દરમિયાન અકસ્માત થયો છે. 'ટાઈમ્સ ઓફ ઈન્ડિયા'ના રિપોર્ટ અનુસાર રશ્મિકાને આગામી ફિલ્મના ડાન્સ અને એક્શન સિક્વન્સના શૂટિંગ દરમિયાન થઈ હતી. જોકે, રશ્મિકા કે તેની ટીમ તરફથી આ અંગે કોઈ સત્તાવાર નિવેદન બહાર પાડવામાં આવ્યું નથી. ઈજાના કારણે રશ્મિકાનું શૂટિંગ શેડ્યૂલ રોકી દેવામાં આવ્યું છે.

છ અઠવાડિયા સુધી સંપૂર્ણપણે આરામ કરવાની સલાહ

રિપોર્ટ અનુસાર, રશ્મિકા મંદાના તેની એક આગામી ફિલ્મના ડાન્સ સિક્વન્સનું શૂટિંગ કરી રહી હતી. આ દરમિયાન તેના હિપ સાથે જોડાયેલું એક ટેન્ડન સંપૂર્ણપણે અલગ થઈ ગયું. ડોકટરોના મતે, આ પ્રકારની ઈજા સામાન્ય રીતે પ્રોફેશનલ એથ્લેટ્સમાં જોવા મળે છે. મેડિકલ તપાસ બાદ તેને છ અઠવાડિયા સુધી સંપૂર્ણ આરામ કરવા અને પછી જણાવેલો રિહેબિલિટેશન પ્રોગ્રામ શરૂ કરવાની સલાહ આપવામાં આવી છે. શૂટિંગ અને બ્રાન્ડ કમિટમેન્ટ્સ પર અસર પડી શકે છે આ ઈજાના કારણે રશ્મિકાના આગામી શૂટિંગ શેડ્યૂલ અને અન્ય પ્રોફેશનલ કમિટમેન્ટ્સ પર અસર પડી શકે છે. તે હાલમાં 'રાણાબલી' અને 'માઈસા' જેવી ઘણી મોટા બજેટની ફિલ્મો પર કામ કરી રહી છે અને ઘણી એન્ડોર્સમેન્ટ ઝુંબેશ પણ મેનેજ કરી રહી છે.



રશ્મિકા-વિજયની ફિલ્મ 'રાણાબાલી'નો ફર્સ્ટ લુક.

રિપોર્ટ અનુસાર, તેના હાલના શૂટિંગ અને કોમર્શિયલ અસાઈનમેન્ટ્સને રીશેડ્યૂલ કરી શકાય છે. સોશિયલ મીડિયા પર ચાહકો તેમના જલ્દી સ્વસ્થ થવા માટે પ્રાર્થના કરી રહ્યા છે.

ઘણી ભાષાઓની ફિલ્મોમાં સક્રિય

રશ્મિકા મંદાના હાલમાં ભારતીય સિનેમાની સૌથી વ્યસ્ત એક્ટ્રેસિસમાંની એક છે. તે ઘણી ભાષાઓની ફિલ્મોમાં કામ કરી રહી છે. રિપોર્ટ્સ અનુસાર, તે હાલમાં ચાર મોટી ફિલ્મોનું શૂટિંગ કરી રહી છે અને લગભગ 30 નેશનલ અને ઈન્ટરનેશનલ બ્રાન્ડ્સને પ્રમોટ કરી રહી છે.

'કોકટેલ 2'માં રશ્મિકાની સાથે ક્રિતી સેનન અને શાહીદ કપૂર મુખ્ય ભૂમિકામાં હતાં.

વર્કફ્રન્ટની વાત કરીએ તો, તે છેલ્લે હિન્દી ફિલ્મ 'કોકટેલ 2'માં જોવા મળી હતી. બીજી તરફ, રશ્મિકાની વર્ષ 2025માં પાંચ ફિલ્મો રિલીઝ થઈ હતી. તેણે હિન્દી ફિલ્મ 'છાવા'માં મહારાણી યેસુબાઈની ભૂમિકા ભજવી હતી. ત્યારબાદ તે 'સિકંદર'માં સૈસરી રાજકોટની ભૂમિકામાં જોવા મળી હતી.

# સાઉથ ફિલ્મમેકર્સ સાથે કામ કરવા સલમાને ₹50 કરોડ ફી ઘટાડી! : મિત્રતા ખાતર 'SVC63' ફિલ્મ માટે માત્ર 60% જ ફી લેવા તૈયાર થયો

**મુંબઈ, તા.01**

બોલિવૂડ સુપરસ્ટાર સલમાન ખાને સાઉથ ડિરેક્ટર વામશી પેડિપલ્લીના ડિરેક્શનમાં બની રહેલી ફિલ્મ 'SVC63' માટે કથિત રીતે 70 કરોડની ફી નક્કી કરી છે.

60% જ ફી લેશે સલમાન ખાન

'ફ્રી પ્રેસ જર્નલ' અનુસાર, સલમાન ખાન સામાન્ય રીતે એક ફિલ્મ માટે 120 કરોડ કે તેથી વધુ ફી લે છે. આવા કિસ્સામાં, આ રકમ તેની સામાન્ય ફીના લગભગ 60% હોવાનું કહેવાય છે.

ફિલ્મ 'SVC63'નું શૂટિંગ 18 એપ્રિલ 2026થી શરૂ થયું.

રિપોર્ટમાં એક સૂત્રને ટાંકીને જણાવાયું છે કે, સલમાનના જૂના મિત્ર રફી કાઝી આ પ્રોજેક્ટમાં મધ્યસ્થી તરીકે કામ કરી રહ્યા છે. તેનું નામ ફિલ્મના પ્રોડ્યુસર્સમાં પણ સામેલ રહેશે. આ મિત્રતાને કારણે સલમાન પોતાની અપફ્રન્ટ ફી ઘટાડવા તૈયાર થયો છે.

જોકે, સૂત્રએ સ્પષ્ટ કર્યું નથી કે, શું આ કરારમાં સલમાન ખાનને ફિલ્મના નફામાં પણ હિસ્સો મળશે. છેલ્લા ઘણા વર્ષોથી તેની ફિલ્મોમાં આવી વ્યવસ્થા હોવાની વાત સામે આવતી રહી છે.



સલમાન ખાને તાજેતરમાં ફિલ્મ 'SVC63'ના મુહૂર્તની ઝલક શેર કરી હતી.

નોંધનીય છે કે, સલમાન આ દિવસોમાં ફિલ્મ 'SVC63'નું શૂટિંગ કરી રહ્યો છે. વામશી પેડિપલ્લીના ડિરેક્શનમાં બની રહેલી આ એક્શન ફિલ્મને દિલ રાજુની શ્રી વેંકટેશ્વર ક્રિએશન્સ પ્રોડ્યુસ કરી રહી છે. ફિલ્મમાં સાઉથ સ્ટાર નયનતારા પહેલીવાર સલમાન સાથે સ્ક્રીન શેર કરશે. ફિલ્મ ઈદ 2027 પર રિલીઝ થશે.

સલમાન ખાન ડિરેક્ટર અને પ્રોડ્યુસર સાથે.

2010 પછી ઘણી ફિલ્મોમાં રહી ભાગીદારી

રિપોર્ટ અનુસાર, 'દબંગ' (2010) પછી સલમાન ખાને મોટાભાગની ફિલ્મોમાં પોતાની ભાગીદારી રાખી છે. 'દબંગ'નું નિર્માણ તેમના ભાઈ અરબાઝ ખાને કર્યું હતું, જ્યારે 'બોડીગાર્ડ' (2011) તેની બહેન અલવીરા ખાન અગ્નિહોત્રીએ બનાવી હતી.

પછીની ઘણી ફિલ્મોમાં તેના હોમ બેનર SKFની હાજરી રહી. તે જ સમયે, બાહ્ય નિર્માતાઓ સાથે કામ કરતી વખતે પણ, તેણે ઘણી વખત ફિલ્મના IPR અથવા OTT અને સેટેલાઈટ અધિકારોમાં હિસ્સો રાખ્યો. રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે, 2010થી તેની ફિલ્મોના OTT અને સેટેલાઈટ અધિકારોનું મૂલ્ય લગભગ 120 કરોડથી 140 કરોડ સુધી રહ્યું છે.

# કંગના રનૌત બની માતા સીતા! : 'રામાયણ'નું ટ્રેલર રિલીઝ થયા બાદ એક્ટ્રેસે સ્કૂલના દિવસોનો ફોટો શેર કર્યો, લખ્યું- 'બધા લિબરલ્સને મારા આશીર્વાદ'

**મુંબઈ, તા.01**

નિતેશ તિવારીની બહુચર્ચિત ફિલ્મ 'રામાયણ'નું ટ્રેલર રિલીઝ થયા પછી એક્ટ્રેસ અને ભાજપના સાંસદ કંગના રનૌતે પોતાનો એક જૂનો ફોટો શેર કર્યો છે. કંગનાએ પોતાના શાળાના દિવસોનો એક થ્રોબેક ફોટો ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર પોસ્ટ કર્યો છે, જેમાં તે માતા સીતાના રૂપમાં તૈયાર થયેલી જોવા મળી રહી છે.

ફોટો સાથે કંગનાએ કટાક્ષ કરતા લખ્યું કે, 'બધા લિબરલ્સને મારા આશીર્વાદ.' જ્યારે ફિલ્મ 'રામાયણ'માં સાઉથ સ્ટાર સાઈ પલ્લવીનો સીતાના રૂપમાં લુક પણ ચર્ચામાં છે.



કંગના રનૌતે સ્કૂલનો ફોટો શેર કર્યો.

લાલ સાડી પહેરી સીતા બની કંગના કંગના રનૌતે ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર સ્કૂલના દિવસોના નાટકની તસવીર શેર કરી. પહેલી તસવીરમાં કંગના લાલ રંગની સાડી પહેરેલી જોવા મળી રહી છે. તેની પાસે ભગવાન રામના રૂપમાં તૈયાર એક છોકરી ઊભી છે, જ્યારે એક બાળક હનુમાનનું રૂપ ધારણ કરીને તેમના ચરણો પાસે બેઠેલું છે. કંગનાએ કેપ્શનમાં આ નાટકમાં ભાગ લેનારા પોતાના બધા મિત્રોના નામ લખ્યા.

'બધા લિબરલ્સને મારા આશીર્વાદ', બીજા ફોટોમાં કટાક્ષ કર્યો કંગનાએ આ પછી એક વધુ ક્લોઝ-અપ ફોટો શેર કર્યો. આ ફોટોમાં તેના વાળ ખુલ્લા છે અને તે પોતાના ડાબા હાથથી આશીર્વાદ આપવાની મુદ્રામાં ઊભી છે. આ ફોટોના કેપ્શનમાં કંગનાએ હસતો ઈમોજી બનાવીને લખ્યું, 'બધા લિબરલ્સને મારા આશીર્વાદ.' કંગનાની આ પોસ્ટને 'રામાયણ'ના ટ્રેલરમાં સાઈ પલ્લવીના સીતાવાળા લુક સાથે જોડીને જોવામાં આવી રહી છે.

# 'હજુ તો એક જ થપ્પડ પડી છે' : AAP સાંસદનો કંગના રનૌત પર પ્રહાર, કહ્યું- 'આવી વાત કરશો, તો દેશનો યુવાન તમારી સરકારને ગટરમાં નાખી દેશે'

**મુંબઈ, તા.01**

ગુરુવારે સંસદમાં આમ આદમી પાર્ટીના રાજ્યસભા સાંસદ સંજય સિંહે ભાજપની સાંસદ અને એક્ટ્રેસ કંગના રનૌતનું નામ લીધા વિના તેના પર નિશાન સાધ્યું.

સંજય સિંહે ગૃહમાં કહ્યું, 'તેમના એક સાંસદ છે. તેમણે ખેડૂત આંદોલનમાં ખેડૂતોને ગાળો આપી હતી. યુવાનોના આંદોલનમાં યુવાનો માટે એટલી અશ્લીલ ટિપ્પણી કરી, માનનીય, હું આ ગૃહમાં કહી શકતો નથી.'

તેમણે આગળ કહ્યું, 'અમારી દીકરીઓના ચારિત્ય પર સવાલ ઉઠાવવામાં આવ્યો.'

આ પછી સંજય સિંહે કહ્યું, 'હું જે.પી. નડ્ડાજીને વિનંતી કરવા માંગુ છું, તમારા તે સાંસદને સમજાવો.'

પોતાના ભાષણ દરમિયાન સંજય સિંહે કહ્યું, 'હજી તો તેને એક થપ્પડ પડી. માત્ર પાંચ આંગળીઓના નિશાન પડ્યા હતા. આવી વાત કરશો... તો આ દેશનો યુવાન તમારી સરકારને... પકડીને ગટરમાં નાખવાનું કામ કરશે.'

6 જૂન 2024ના રોજ કંગના રનૌતને ચંદીગઢ એરપોર્ટ પર CISF (કેન્દ્રીય ઔદ્યોગિક સુરક્ષા દળ)ના મહિલા કોન્સ્ટેબલ કુલવિંદર કૌરે થપ્પડ માર્યો હતો.

6 જૂન 2024ના રોજ કંગના રનૌતને ચંદીગઢ એરપોર્ટ પર CISF (કેન્દ્રીય ઔદ્યોગિક સુરક્ષા દળ)ના મહિલા કોન્સ્ટેબલ કુલવિંદર કૌરે થપ્પડ માર્યો હતો.

કંગનાએ શું કહ્યું હતું?

ખરેખર, તાજેતરમાં કંગનાએ એક ઈન્સ્ટાગ્રામ સ્ટોરીમાં લખ્યું હતું, 'સૌથી વધુ આંચકાજનક વર્તન તે યુવાન હિન્દુ મહિલાઓનું છે, જેઓ તે આઝાદી કમાયા વિના સ્વતંત્ર કરિયર ધરાવતી મહિલાઓના જીવનની નકલ કરવા માંગે છે. જે મહિલાઓ ખરેખર સ્વતંત્ર હોય છે, તેઓ બળવાખોર નિર્ણયો લે છે, બોલ્ડ અભિપ્રાયો ધરાવે છે, બિન-પરંપરાગત કરિયર પસંદ કરે છે અને તેમના કાર્યોની જવાબદારી પોતે લે છે; તેમણે એવું કરવું જ પડે છે કારણ કે તેઓ પોતાના દમ પર હોય છે, તેઓ આ બધું પોતાના માતા-પિતા કે પરિવારના ભોગે નથી કરતી. અહીં સો-કોલ્ડ (તથાકથિત) પશ્ચિમી સંસ્કૃતિ અપનાવેલી ભારતીય મહિલાઓની એક નવી પેઢી છે, જેને હું 'જનરેશન ગટર' કહું છું. તેમાંથી કેટલીક પાસે સમાજને આપવા માટે કંઈ જ નથી, તેઓ અભ્યાસમાં પણ સારી નથી, પરંતુ તેઓ એટલી ખરાબ અને ભ્રષ્ટ છે કે તેઓ ગૃહિણી પણ બની શકતી નથી. તેમ છતાં તેઓ ડ્રગ્સ, દારૂ કે બોડી કાઉન્ટ્સ રાખવાની પોતાની આઝાદીનું ગર્વથી પ્રદર્શન કરે છે અને શરમ વગર પોતાના માતા-પિતાની કમાણી પર જીવે છે તથા વાસ્તવમાં સ્વતંત્ર બન્યા વિના સ્વતંત્ર જીવન જીવવા માટે સતત લડ્યા કરે છે. એક નમ્ર યાદ અપાવવાનું કે સ્વતંત્ર જીવન કમાવવું પડે છે. જો તમે જવાબદારી લીધા વગર સ્વતંત્ર રહેવાનો પ્રયત્ન કરો છો, તો તમે માત્ર એક વિકૃત વ્યક્તિ જ છો. ગટર છાપ.'

# અદાણી CNGના ભાવ વધ્યા, પ્રતિ કિલો રૂ. 94.02 થયાં : કોમર્શિયલ સિલિન્ડર 200 રૂપિયા સસ્તો થયો

**મુંબઈ, તા.01**

આજ એટલે કે, 1 ઓગસ્ટ 2026 થી કોમર્શિયલ સિલિન્ડર સરેરાશ 200 રૂપિયા સુધી સસ્તો થઈ ગયો છે. જ્યારે તત્કાલ ટ્રેન બુકિંગના નિયમો અને CKYC ના નિયમો બદલાઈ ગયા છે. તો આજે વહેલી સવારે અદાણીએ પણ CNGના ભાવમાં તોતિંગ વધારો ઝીંક્યો છે.

આ ઉપરાંત 3 થી 5 ઓગસ્ટના રોજ યોજાનારી RBIની મીટિંગમાં નવા વ્યાજ દરો પર નિર્ણય લેવામાં આવશે જેની અસર તમારી EMI પર પડી શકે છે.

ઓગસ્ટમાં થવા જઈ રહ્યા છે 6 મોટા ફેરફારો

1. અદાણી CNGના ભાવમાં ફરી વધારો થયો

અદાણી કંપની દ્વારા CNGના ભાવમાં ફરી એક વખત તોતિંગ વધારો કરવામાં આવ્યો છે. CNGના ભાવમાં અદાણી કંપની દ્વારા 4 રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે. એક જ દિવસમાં 4 રૂપિયાનો CNGના ભાવમાં વધારો કરવામાં આવતા હવે CNGનો ભાવ 94.02 રૂપિયા પહોંચી ગયો છે. અગાઉ પણ અનેક વખત ભાવમાં વધારો કરવામાં આવતા રિક્ષા ચાલકો



અને CNG વાહન ચાલકોને મોંઘવારીનો માર સહન કરવાનો વારો આવ્યો છે.

2. કોમર્શિયલ ગેસ સિલિન્ડર સરેરાશ 180 રૂપિયા સસ્તો

ફેરફાર: તેલ કંપનીઓએ કોમર્શિયલ ગેસ સિલિન્ડર સરેરાશ 180 રૂપિયા સુધી સસ્તો કરી દીધો છે. દિલ્હીમાં તેની કિંમત 2930 થઈ ગઈ છે. પહેલા તે 3113.50 માં મળતો હતો.

અસર: કોમર્શિયલ સિલિન્ડરના ભાવ ઘટવાથી રેસ્ટોરન્ટ માલિકોનો ખર્ચ ઘટશે. આવી સ્થિતિમાં તેઓ ચા, નાસ્તો અને થાળી સસ્તા કરી શકે છે. લગ્નોની કેટરિંગ પણ સસ્તી થઈ શકે છે.

દેશના મુખ્ય શહેરોમાં કોમર્શિયલ ગેસ સિલિન્ડરની કિંમત

| શહેર | નવી કિંમત | જૂની કિંમત | તફાવત |
|---|---|---|---|
| દિલ્હી | 2738.00 | 2930.00 | 192 |
| કોલકાતા | 2872.50 | 3081.50 | 209 |
| મુંબઈ | 2691.50 | 2885.50 | 194 |
| ચેન્નઈ | 2906.00 | 3106.00 | 200 |

14 કિલોવાળા ઘરેલુ સિલિન્ડરના ભાવમાં કોઈ ફેરફાર નથી

3. રેલવે: તત્કાલ ટિકિટ માટે નવી ટોકન સિસ્ટમ

બદલાવ: 1 ઓગસ્ટથી રેલવે PRS રિઝર્વેશન કાઉન્ટરો પર ભીડ ઓછી કરવા માટે ટોકન-આધારિત સિસ્ટમ લાગુ કરી રહ્યું છે. કાઉન્ટરો પરથી તત્કાલ ટિકિટ લેતા પહેલા મુસાફરોએ ટોકન લેવું પડશે.

અસર: આ નવી વ્યવસ્થાથી કાઉન્ટરો પર મુસાફરોનો વેઈટિંગ ટાઈમ ઓછો થશે. નવી સુધારેલી પ્રક્રિયા હેઠળ મુસાફરો કાઉન્ટર પરથી પોતાનું ટોકન મેળવી શકે છે. ટોકન મળ્યા પછી તેઓ તેમના ફાળવેલા સમયે આવીને સરળતાથી પોતાની બુકિંગ પૂરી કરી શકે છે.

4. RBI મોનેટરી પોલિસી: લોન EMI અને FD દરો પર અસર

બદલાવ: રિઝર્વ બેંકની મોનેટરી પોલિસી કમિટી (MPC) ની બેઠક 3 ઓગસ્ટથી 5 ઓગસ્ટ સુધી યોજાશે. તેના નિર્ણયોની જાહેરાત 5 ઓગસ્ટના રોજ કરવામાં આવશે.

અસર: વ્યાજ દરોમાં ફેરફારની અપેક્ષા ઓછી છે, પરંતુ જો તેમાં કોઈ ફેરફાર થાય છે, તો આવનારા અઠવાડિયામાં તમારી લોનની EMI, FD રિટર્ન્સ અને લોન પર અસર થશે.

5. CKYC 2.0: દરેક નવી જગ્યાએ દસ્તાવેજો જમા કરાવવાની જરૂર નથી

# કરિયાણા માટે પણ અમેરિકનો લોન લઈ રહ્યા છે : 2 વર્ષમાં 'BNPL' યુઝર્સ બમણા થયા, ક્રેડિટ કાર્ડની જાળમાં ફસાઈને વર્ષોથી વ્યાજ ચૂકવી રહ્યા છે

**નવી દિલ્હી, તા.01**

કલ્પના કરો કે તમે મહિનાઓ પહેલાં જે શાકભાજી, દૂધ અને બ્રેડ ખરીદ્યા અને ખાઈ પણ લીધા, તેનું વ્યાજ તમે આજે પણ ચૂકવી રહ્યા છો. આ કોઈ મજાક નથી, પરંતુ હકીકત છે. અમેરિકામાં લાખો પરિવારો કેટલાક મહિનાઓથી આ જ મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. કરિયાણાના સામાનની કિંમતો એટલી વધી ગઈ છે કે લોકો હવે તેને ક્રેડિટ કાર્ડ અને 'બાય નાઉ, પે લેટર' (BNPL) જેવી ઉધાર યોજનાઓની મદદથી ખરીદી રહ્યા છે. પછી તે જ દેવાની જાળમાં ફસાતા જઈ રહ્યા છે. અમેરિકાની બિન-લાભકારી સંસ્થા 'અર્બન ઈન્સ્ટિટ્યૂટ'ના હાલના સર્વે અનુસાર, કાર્યકારી વય (18-64 વર્ષ)ના દર ચારમાંથી એક અમેરિકન પુખ્ત વયના વ્યક્તિએ કરિયાણાના સામાન માટે ક્રેડિટ કાર્ડનો ઉપયોગ કર્યો. પરંતુ તેનું આખું બિલ સમયસર ચૂકવવામાં તેને મુશ્કેલી પડી. માત્ર 35% લોકો જ આખું બિલ એકસાથે ચૂકવી શક્યા, બાકીના કાં તો ન્યૂનતમ રકમ ચૂકવી રહ્યા છે અથવા એટલું પણ ચૂકવી શકતા નથી. પરિણામે, નાની કરિયાણાની ખરીદી, રિવોલ્વિંગ ડેટ એટલે કે ફરતા-ફરતા દેવામાં બદલાઈ જાય છે, જેના પર વર્ષો સુધી વ્યાજ ચૂકવવું પડે છે. આ બોજ પણ કોઈ એસેટ માટે નહીં, પરંતુ ખાવા-પીવાની સામાન્ય જરૂરિયાતો માટે ઉઠાવવામાં આવી રહ્યો છે. BNPL સેવાઓની વાર્તા પણ ઓછી રસપ્રદ નથી.



લેન્ડિંગટ્રી અનુસાર, અમેરિકામાં લગભગ 29% BNPL યુઝર્સ હવે કરિયાણાના સામાન માટે તેનો ઉપયોગ કરી રહ્યા છે, જે બે વર્ષ પહેલા માત્ર 14% હતો. એટલે કે, હિસ્સેદારી બમણી થઈ ગઈ. જનરલ-ઝેડ (14 થી 29 વર્ષ) માં તો આ આંકડો 38% સુધી પહોંચી જાય છે. પરંતુ સુવિધાની આ ચમક જલ્દી ઝાંખી પડી જાય છે. લગભગ 47% યુઝર્સે છેલ્લા એક વર્ષમાં ઓછામાં ઓછી એક વાર પેમેન્ટ મોડું કર્યું, જે એક વર્ષ પહેલા માત્ર 34% હતું. દર પાંચમાંથી લગભગ એક અમેરિકન હવે કરિયાણા માટે બચતના પૈસા પણ વાપરવા લાગ્યો છે. ઓછી અને મધ્યમ આવક ધરાવતા લોકોમાં આ આંકડો વધુ છે. નિષ્ણાતોની ચિંતા એ છે કે બચત અને ક્રેડિટ, બંને એવા રસ્તા છે જે ટૂંકા ગાળામાં રાહત તો આપે છે, પરંતુ વારંવાર ઉપયોગ કરવાથી પરિવારોને લાંબા ગાળાની નાણાકીય અસ્થિરતા તરફ ધકેલી શકે છે. એનો અર્થ એ છે કે આજની ભૂખ સંતોષવા માટે લીધેલું દેવું, તમારી ખિસ્સાને વર્ષો સુધી હળવું કરતું રહેશે.

સખત માર - અમેરિકામાં 5 વર્ષમાં કરિયાણાના ભાવ 32% વધી ચૂક્યા છે

પાંચ વર્ષમાં કરિયાણાના ભાવ લગભગ 32% વધી ગયા છે. આવી સ્થિતિમાં, લોકો બિલ ટાળવા માટે ક્રેડિટ કાર્ડ અને BNPL નો સહારો લે છે. પરંતુ ન્યૂનતમ ચુકવણી ચૂકવાઈ જાય તો પહેલા લગભગ 30 ડોલર (2,862) ની લેટ ફી, પછી આગલી વખતે 41 ડોલર (3,912) સુધીની પેનલ્ટી લાગે છે. સાથે જ તેમાં લગભગ 30% વાર્ષિક વ્યાજ પણ ઉમેરાય છે. એટલે કે, સસ્તો લાગતો રસ્તો ખરેખર સૌથી મોંઘો સાબિત થાય છે.

# જુલાઈમાં ₹2.11 લાખ કરોડ GST કલેક્શન : આ ગયા વર્ષની સરખામણીમાં 15.4% વધુ, જૂનમાં ₹1.94 લાખ કરોડ હતું

**મુંબઈ, તા.01**

જુલાઈ મહિનામાં 2.11 લાખ કરોડ રૂપિયાનું GST કલેક્શન થયું. આ ગયા વર્ષ એટલે કે જુલાઈ 2025 કરતાં 15.4% વધુ છે. ગયા વર્ષે જુલાઈ 2025માં GST કલેક્શન 1.83 લાખ કરોડ રૂપિયા હતું.

એપ્રિલ-જુલાઈ દરમિયાન કલેક્શનની સ્થિતિ

ચાલુ નાણાકીય વર્ષના પ્રથમ ચાર મહિના (એપ્રિલ-જુલાઈ 2026) દરમિયાન GST કલેક્શન 10.1% વધીને 8.4 લાખ કરોડ રૂપિયા રહ્યું, જે ગયા વર્ષના સમાન સમયગાળામાં 7.6 લાખ કરોડ રૂપિયા હતું. આ સમયગાળા દરમિયાન GST કલેક્શન 9.2% વધીને 7.21 લાખ કરોડ રૂપિયા રહ્યું, જે ગયા વર્ષે 6.61 લાખ કરોડ રૂપિયા હતું.

રાજ્યોના આંકડાઓમાં તફાવત

મુખ્ય રાજ્યોની વાત કરીએ તો, મહારાષ્ટ્રનું GST મહેસૂલ 13% વધીને 32,210 કરોડ થયું. ગુજરાતમાં 19% વૃદ્ધિ સાથે 12,923 કરોડ, કર્ણાટકમાં 12% વૃદ્ધિ સાથે 13,854 કરોડ, તેલંગાણામાં 19% વૃદ્ધિ સાથે 5,819 કરોડ અને ઉત્તર પ્રદેશમાં 15% વૃદ્ધિ સાથે 9,651



કરોડનું કલેક્શન થયું.

તે જ સમયે, કેટલાક રાજ્યોમાં ઘટાડો પણ જોવા મળ્યો. તમિલનાડુનું GST મહેસૂલ 1%, આંધ્ર પ્રદેશનું 5% અને મધ્ય પ્રદેશનું 10% ઘટ્યું છે. સિક્કિમમાં 59%, હિમાચલ પ્રદેશમાં 22% અને ઉત્તરાખંડમાં 18%નો ઘટાડો નોંધાયો છે. વિભાગે સ્પષ્ટ કર્યું છે કે આ આંકડાઓ કામચલાઉ છે અને અંતિમ સ્વરૂપ આપતી વખતે તેમાં નજીવો ફેરફાર થઈ શકે છે.

GST કલેક્શન અર્થતંત્રની સ્થિતિ દર્શાવે છે

GST કલેક્શન દર્શાવે છે કે દેશનું અર્થતંત્ર કેટલું મજબૂત છે. જો કલેક્શન વધારે હોય, તો તેનો અર્થ એ છે કે લોકો જોરશોરથી ખરીદી કરી રહ્યા છે, ફેક્ટરીઓમાં ઉત્પાદન વધી રહ્યું છે અને લોકો પ્રામાણિકપણે ટેક્સ ભરી રહ્યા છે.

2017માં GST લાગુ કરવામાં આવ્યો હતો

સરકારે 1 જુલાઈ 2017 ના રોજ દેશભરમાં GST લાગુ કર્યો હતો. ત્યારબાદ કેન્દ્ર અને રાજ્ય સરકારોના 17 કર અને 13 ઉપકર દૂર કરવામાં આવ્યા હતા.

GSTને ચાર ભાગમાં વિભાજિત કરવામાં આવ્યો છે:

CGST (કેન્દ્રીય GST): કેન્દ્ર સરકાર દ્વારા એકત્રિત કરવામાં આવે છે.

SGST (રાજ્ય GST): રાજ્ય સરકારો દ્વારા એકત્રિત કરવામાં આવે છે.

IGST (એકીકૃત GST): આંતરરાજ્ય વ્યવહારો અને આયાત પર લાગુ, કેન્દ્ર અને રાજ્ય સરકારો વચ્ચે વિભાજિત.

ઉપકર (સેસ): ચોક્કસ હેતુ માટે ભંડોળ એકત્ર કરવા માટે ચોક્કસ ચીજવસ્તુઓ (જેમ કે, લક્ઝરી વસ્તુઓ, તમાકુ) પર લાદવામાં આવતો વધારાનો શુલ્ક.

# તહેવારો પહેલાં ટૂથપેસ્ટથી લઈને પેઈન્ટ સુધી મોંઘા થશે : HUL અને એશિયન પેઈન્ટ્સ સહિત 8 કંપનીઓ જરૂરિયાતની વસ્તુઓની કિંમતો વધારશે

**નવી દિલ્હી, તા.01**

દેશની સૌથી મોટી FMCG અને કન્ઝ્યુમર કંપનીઓ ફેસ્ટિવ સિઝન પહેલા અને સતત બીજા ક્વાર્ટરમાં પોતાના પ્રોડક્ટ્સના ભાવ વધારવાની તૈયારીમાં છે. ટૂથપેસ્ટથી લઈને ટાયર અને પેઈન્ટ જેવી વસ્તુઓ મોંઘી થવાની છે.

મિડલ ઈસ્ટમાં ચાલી રહેલા સંઘર્ષને કારણે કોમોડિટીની કિંમત વધી રહી છે, જેનાથી દેશમાં મોંઘવારી લાંબા સમય સુધી ઊંચા સ્તરે રહેવાની આશંકા છે.

હિન્દુસ્તાન યુનિલિવર લિમિટેડ (HUL) આગામી ક્વાર્ટરમાં ડિટર્જન્ટ અને ડિશવોશિંગ બાર જેવી કેટેગરીમાં કિંમતો વધારશે. HUL ઉપરાંત ડોડલા ડેરી અને એશિયન પેઈન્ટ્સ સહિત ઓછામાં ઓછી 7 અન્ય કંપનીઓએ પણ ભાવ વધારવાની યોજના બનાવી છે.

HULના CFOએ કહ્યું- હોમ કેર સેગમેન્ટમાં કિંમતો વધારી રહ્યા છીએ

ભારતની સૌથી મોટી કન્ઝ્યુમર ગુડ્સ કંપની હિન્દુસ્તાન યુનિલિવરના ચીફ ફાઈનાન્સિયલ ઓફિસર નિરંજન ગુપ્તાએ એનાલિસ્ટ્સને જણાવ્યું કે બાહ્ય ઉતાર-ચઢાવને કારણે ક્રૂડ ઓઈલ



સંબંધિત ડેરિવેટિવ્સમાં મોંઘવારી જોવા મળી રહી છે. આ જ કારણોસર કંપની હોમ કેર સેગમેન્ટમાં સમજી-વિચારીને કિંમતો વધારી રહી છે.

હેવેલ્સે 8% અને ટાટા સોલ્ટે 7% સુધી ભાવ વધાર્યા

ઈરાન યુદ્ધને કારણે ઊર્જાની કિંમતો સતત ઊંચી રહી છે, જેનાથી તાત્કાલિક કોઈ રાહત મળતી દેખાતી નથી. અમેરિકા-ઈરાન વચ્ચે તણાવ ફરી ભડકવાને કારણે કંપનીઓ હોમ એપ્લાયન્સિસથી લઈને રસોડાની જરૂરી ચીજવસ્તુઓ પર બીજી વાર કિંમતો વધારવાનું આયોજન કરી રહી છે.

હેવેલ્સ ઈન્ડિયા: કંપની પોતાના ઉત્પાદનોના ભાવ 8% સુધી વધારી ચૂકી છે.

ટાટા કન્ઝ્યુમર પ્રોડક્ટ્સ: ટાટા સોલ્ટની કિંમતમાં લગભગ 7% નો વધારો થઈ ચૂક્યો છે.

ઓગસ્ટથી નવેમ્બર વચ્ચે તહેવારોની સીઝન, ત્રીજા ભાગનું વેચાણ આ સમયગાળા દરમિયાન

કિંમતોમાં આ તાજો વધારો આવનારી તહેવારોની સીઝન સાથે થઈ રહ્યો છે. દેશમાં તહેવારોની આ સીઝન સામાન્ય રીતે ઓગસ્ટથી નવેમ્બર સુધી ચાલે છે. આ સમયગાળા દરમિયાન, ખાસ કરીને દિવાળીના સમયે, કન્ઝ્યુમર સ્પેન્ડિંગ એટલે કે સામાન્ય લોકોની ખરીદીમાં ઘણો ઉછાળો આવે છે.

ઘણી કંપનીઓ માટે, વર્ષભરના કુલ વેચાણનો એક તૃતીયાંશ (33%) હિસ્સો આ જ સિઝનમાંથી આવે છે. મજબૂત માંગને કારણે કંપનીઓ તેમના વધેલા ખર્ચનો બોજ ગ્રાહકો પર સરળતાથી નાખી શકશે.

જૂનમાં 3.21% થી ઉપર નીકળી મોંઘવારી, RBIનું FY27 અનુમાન 5.1%

જૂન મહિનામાં ખાદ્યપદાર્થો અને ઈંધણના ખર્ચમાં વધારો થવાથી કન્ઝ્યુમર પ્રાઈસ એટલે કે રિટેલ મોંઘવારી દર લગભગ એક વર્ષમાં પ્રથમ વખત રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI) ના 4% ના લક્ષ્યથી ઉપર નીકળી ગયો. જોકે આ આંકડો RBI ના 2% થી 6% ના સહનશીલ દાયરા એટલે કે ટોલરન્સ બેન્ડની અંદર જ છે.

આવનારા મહિનાઓમાં કંપનીઓ દ્વારા ભાવ વધારવામાં આવવાથી અને નબળા ચોમાસાને કારણે ખાદ્યપદાર્થોની કિંમતો વધવાથી મોંઘવારીનું દબાણ વધુ વધી શકે છે. RBIનું અનુમાન છે કે માર્ચ 2027 ના રોજ પૂરા થતા નાણાકીય વર્ષમાં સરેરાશ મોંઘવારી દર 5.1% રહી શકે છે.

RBI ની MPC મીટિંગ 3-5 ઓગસ્ટના રોજ, વ્યાજ દરો સ્થિર રહેવાની શક્યતા

મોંઘવારીનું વધતું દબાણ ફક્ત સામાન્ય જનતાના ખિસ્સા પર જ નહીં, પરંતુ નીતિઓ બનાવનારા પોલિસીમેકર્સની પણ પરીક્ષા લેશે. RBIએ સ્પષ્ટ કર્યું છે કે તે ત્યારે જ પગલાં લેશે જ્યારે મોંઘવારીનું દબાણ વધુ વ્યાપક બનશે.

# E20 ફ્યુઅલનો વિરોધ- કેજરીવાલ PM આવાસ સુધી માર્ચ કાઢશે : કહ્યું- પેટ્રોલ પંપ પર શુદ્ધ પેટ્રોલ મળવું જોઈએ, સરકારે તેને લાદવું જોઈએ નહીં

**નવી દિલ્હી, તા.01**

ઈન્સ્ટન્ટ મેસેજિંગ પ્લેટફોર્મ વોઆમ આદમી પાર્ટીએ શનિવારે E20 ફ્યુઅલના મુદ્દે 'નેશનલ ટાઉન હોલ' યોજ્યો હતો. AAPના સંયોજક અરવિંદ કેજરીવાલે કહ્યું કે તેઓ 3 ઓગસ્ટની બપોરે અરજીઓ એકત્રિત કરશે. ત્યારબાદ લગભગ 100 લોકો સાથે 4 ઓગસ્ટના રોજ લોક કલ્યાણ માર્ગ સ્થિત PM નરેન્દ્ર મોદીના નિવાસસ્થાન સુધી કૂચનું નેતૃત્વ કરશે.

કેજરીવાલે ટાઉનહોલ પછી પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું કે જો ઈથેનોલ ફાયદાકારક નથી, તો તેને પ્રોત્સાહન શા માટે આપવામાં આવી રહ્યું છે? સરકાર નાગરિકો પર તેને શા માટે લાદી રહી છે? આજના ટાઉન હોલમાં લોકોએ ત્રણ માંગણીઓ મૂકી.

પેટ્રોલ પંપ પર ગ્રાહકો પાસે પસંદગીનો વિકલ્પ હોવો જોઈએ, જે લોકો E20 ઈંધણ ઈચ્છે છે, તેઓ E20 ખરીદી શકે અને જે લોકો શુદ્ધ પેટ્રોલ પસંદ કરે છે, તેમની પાસે શુદ્ધ પેટ્રોલ ખરીદવાનો વિકલ્પ હોય.



E20 ઈંધણની કિંમત શુદ્ધ પેટ્રોલ કરતાં ઓછી હોવી જોઈએ.

વૈશ્વિક સ્તરે ક્રૂડ ઓઈલની કિંમતો ઓછી હોવાને કારણે, પેટ્રોલની છૂટક કિંમત 84 રૂપિયા પ્રતિ લિટરથી ઓછી હોવી જોઈએ.

કેજરીવાલ બોલ્યા- ઈથેનોલ પેટ્રોલથી મોંઘું

કેજરીવાલે કહ્યું કે ઈથેનોલના કારણે લોકોને મુશ્કેલી પડી રહી છે. તે પેટ્રોલ કરતાં વધુ મોંઘું છે, ઓછું માઈલેજ આપે છે, ખેડૂતોને કોઈ ફાયદો પહોંચાડતું નથી અને વિદેશી મુદ્રાની બચત પણ કરતું નથી.

આ ઉપરાંત, ઈથેનોલ બનાવતા પ્લાન્ટની આસપાસના વિસ્તારોમાં જમીનની નીચેનું પાણી પ્રદૂષિત થઈ જાય છે.

તેમણે સરકારને તે રિપોર્ટ સાર્વજનિક કરવા વિનંતી પણ કરી, જેનો હવાલો આપીને સરકારે દાવો કર્યો હતો કે E20 થી વાહનોને કોઈ નુકસાન થતું નથી.

આ કાર્યક્રમમાં વિવિધ રાજ્યોના લોકો સામેલ થયા અને તેમણે E20 ના ઉપયોગને લઈને પોતાના અનુભવો અને સમસ્યાઓ વિશે જણાવ્યું જેનો સામનો તેમને પોતાના વાહનો સાથે કરવો પડી રહ્યો છે.

ભારતમાં શા માટે થઈ રહ્યો છે E20 પેટ્રોલનો વિરોધ?

ભારતમાં 20% ઈથેનોલ અને 80% પેટ્રોલના આ મિશ્રણ (E20)નો વિરોધ થઈ રહ્યો છે. ખાસ કરીને 2023 પહેલા બનેલી પેટ્રોલ ગાડીઓના માલિકો પરેશાન છે. તેમનો દાવો છે કે આ ફ્યુલથી ગાડીઓનું માઈલેજ ઓછું થઈ રહ્યું છે, મેન્ટેનન્સનો ખર્ચ વધી ગયો છે. એન્જિનના પાર્ટ્સ જલ્દી ખરાબ થઈ રહ્યા છે.

AAPએ PMને સંબોધિત ઓનલાઈન અરજી શરૂ કરી હતી

આ પહેલાં AAP એ વડાપ્રધાનને સંબોધિત એક ઓનલાઈન અરજી શરૂ કરી હતી, જેના પર બે લાખથી વધુ લોકોએ હસ્તાક્ષર કર્યા છે. શનિવારના કાર્યક્રમ પછી, તે વડાપ્રધાન આવાસ જઈને આ અરજી સોંપશે.

કેજરીવાલે કહ્યું- સરકાર 30 કરોડ ગાડીઓને 'કબાડ' બનાવી રહી છે

પત્રકાર પરિષદમાં અરવિંદ કેજરીવાલે કહ્યું કે સરકારે 'પોલીસનો ડર બતાવીને ટાઉન હોલ રોકવાનો નિષ્ફળ પ્રયાસ કર્યો છે.

આમ આદમી પાર્ટી (AAP) ના સંયોજક અને પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે 29 જુલાઈએ કહ્યું કે મોદી સરકાર પર જનતા પર જબરદસ્તી E-20 પેટ્રોલ થોપવાનો અને ઓટોમોબાઈલ કંપનીઓ પર ગુંડાગીરી કરવાનો આરોપ લગાવ્યો છે.

તેમણે દિલ્હીમાં પત્રકારો સાથેની વાતચીતમાં દાવો કર્યો કે દેશના રસ્તાઓ પર 2023 પહેલા બનેલી લગભગ 30 કરોડ ગાડીઓ દોડી રહી છે, જેને મોદી સરકાર E-20 પેટ્રોલનો ઉપયોગ કરાવીને ભંગાર બનાવવા પર તુલી છે.

# ઈથેનોલથી પેટ્રોલ પર ₹30 પ્રતિ લિટરની બચત થઈ : સરકારનો દાવો- જો બ્લેન્ડિંગ ન થયું હોત તો દિલ્હીમાં ₹125 પ્રતિ લિટર મળતું

**નવી દિલ્હી, તા.01**

જ્યારે આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલની કિંમતો 135 ડોલર પ્રતિ બેરલના સ્તરે પહોંચી ગઈ હતી, ત્યારે જો તેલ કંપનીઓએ પેટ્રોલમાં ઈથેનોલનું મિશ્રણ ન કર્યું હોત, તો દિલ્હીમાં પેટ્રોલનો ભાવ લગભગ 125 રૂપિયા પ્રતિ લિટર સુધી પહોંચી ગયો હોત.

શુક્રવારે પેટ્રોલિયમ મંત્રાલયે ઈથેનોલ કાર્યક્રમની કિંમત, ખાદ્ય સુરક્ષા પર અસર અને કરદાતાઓની સબસિડી સંબંધિત દાવાઓનો જવાબ આપતા આ વાત કહી. મંત્રાલયે સ્પષ્ટ કર્યું કે સંકટના સમયે આ કાર્યક્રમને કારણે પેટ્રોલ પર પ્રતિ લિટર લગભગ 30 રૂપિયાની બચત થઈ.

દિલ્હીમાં હાલ E20 પેટ્રોલ 102 રૂપિયા પ્રતિ લિટર છે

પેટ્રોલિયમ મંત્રાલય અનુસાર, વૈશ્વિક બજારમાં ક્રૂડની કિંમતો વધવા છતાં દેશમાં ગ્રાહકોને પેટ્રોલ 94.77 રૂપિયા પ્રતિ લિટરના ભાવે મળ્યું.

આનું કારણ એ હતું કે પૂર્વ-નિર્ધારિત કિંમતો પર ઘરેલું સ્તરે ખરીદવામાં આવેલા ઈથેનોલનો દરેક લિટર પેટ્રોલમાં 20% હિસ્સો હતો. આ જ કારણોસર છૂટક કિંમતો ક્રૂડના ઝડપી ઉછાળાથી બચી રહી.

28 ફેબ્રુઆરીએ પશ્ચિમ એશિયામાં તણાવ અને સંઘર્ષ શરૂ થયા પછી, સરકારે લગભગ 75 દિવસ સુધી પેટ્રોલ અને ડીઝલના ભાવ સ્થિર રાખ્યા હતા. ત્યારબાદ મે મહિનામાં ભાવમાં પ્રતિ લિટર 7.5 રૂપિયાનો વધારો કરવામાં આવ્યો હતો.

દિલ્હીમાં હાલમાં સ્ટાન્ડર્ડ E20 પેટ્રોલ (91-ઓક્ટેન)ની કિંમત પ્રતિ લિટર 102.12 રૂપિયા છે, જ્યારે 100-ઓક્ટેન પેટ્રોલ પ્રતિ લિટર 169 રૂપિયાના ભાવે મળી રહ્યું છે.

ગરીબોનું અનાજ કે FCIના ચોખા ડાયવર્ટ થયા નથી

પેટ્રોલિયમ મંત્રાલયે તે આરોપોને સંપૂર્ણપણે નકારી કાઢ્યા, જેમાં કહેવામાં આવી રહ્યું હતું કે ગરીબોના હકના અનાજને ઈથેનોલ ઉત્પાદન માટે ડાયવર્ટ કરવામાં આવી રહ્યું છે.

સરકારે સ્પષ્ટ કર્યું કે આ કાર્યક્રમ ચલાવવા અથવા ટેકો આપવા માટે ભારતીય ખાદ્ય નિગમ (FCI) ના સબસિડીવાળા ચોખાનો ઉપયોગ કરવામાં આવી રહ્યો નથી.

માઈલેજ પર કેટલી અસર: 2 થી 6% સુધી કાર્યક્ષમતા ઘટી શકે છે

માર્ગ પરિવહન મંત્રાલયે ઓટોમોટિવ રિસર્ચ એસોસિએશન ઓફ ઈન્ડિયા (ARAI), સોસાયટી ઓફ ઈન્ડિયન ઓટોમોબાઈલ મેન્યુફેક્ચરર્સ (SIAM) અને ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન (IOC) ના એક અભ્યાસનો હવાલો આપ્યો.

ગુરુવારે લોકસભામાં માહિતી આપતા મંત્રાલયે જણાવ્યું કે E10 ઈંધણ માટે ડિઝાઈન કરાયેલી BS-III, BS-IV અને BS-VI ગાડીઓ જ્યારે E20 પર ચલાવવામાં આવે છે, ત્યારે તેમની ક્ષમતા અને ઉંમર પ્રમાણે માઈલેજ (ફ્યુઅલ એફિશિયન્સી)માં 2 થી 6% સુધીનો ઘટાડો આવી શકે છે.

આ પહેલા 20 જુલાઈએ તેલ મંત્રાલયે રાજ્યસભામાં જણાવ્યું હતું કે આવી ગાડીઓમાં માઈલેજની આ કમી લગભગ 3-5% સુધી જ સીમિત રહે છે.

વૈજ્ઞાનિક તપાસ પછી E20 લાગુ પડ્યું

બંને મંત્રાલયોએ ભારપૂર્વક જણાવ્યું કે ઈથેનોલ બ્લેન્ડેડ પેટ્રોલ (EBP) કાર્યક્રમને સંપૂર્ણપણે વૈજ્ઞાનિક રીતે તપાસી-ચકાસીને અને તબક્કાવાર રીતે લાગુ કરવામાં આવ્યો છે. જેમ જેમ દેશમાં ઉત્પાદન ક્ષમતા અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર તૈયાર થતું ગયું, તેમ તેમ બ્લેન્ડિંગનું સ્તર પણ ધીમે ધીમે વધારવામાં આવ્યું.

માર્ગ પરિવહન મંત્રી નીતિન ગડકરીએ લોકસભામાં જણાવ્યું કે E20 પર શિફ્ટ થવાનો નિર્ણય ફ્યુઅલ સિસ્ટમ, એન્જિનની મજબૂતી, ડ્રાઈવેબિલિટી, મટિરિયલ કમ્પેટિબિલિટી અને એમિશન પર્ફોર્મન્સની સંપૂર્ણ તપાસ અને વેલિડેશન પછી જ લેવામાં આવ્યો છે.

# પોક્સો-બળાત્કારનો ફરાર આરોપી દમણથી ઝડપાયો : સ્વિગી ડિલિવરી બોય બનીને ફરતો સાગર વાસપુડા જેલભેગો, સગીરાનું અપહરણ કરીને દુષ્કર્મ આચર્યું'તું

## ગોડાદરા પોલીસની એક વિશેષ ટીમ તાત્કાલિક દમણ ખાતે રવાના કરવામાં આવી હતી અને તેને ઘેરાબંધી કરીને ઝડપી પાડવામાં આવ્યો હતો

**સુરત, તા.01**

સુરતના ગોડાદરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં સગીરાના અપહરણ અને બળાત્કાર જેવા ગંભીર ગુનામાં છેલ્લા ત્રણ વર્ષથી નાસતા-ફરતા મુખ્ય આરોપીને ગોડાદરા પોલીસે બાતમીના આધારે દમણ ખાતેથી ઝડપી પાડ્યો છે. પકડાયેલો આરોપી સાગર રાજુભાઈ વાસપુડા (મોગરીયા) (ઉંમર વર્ષ 25) મૂળ દમણનો વતની છે અને તે દમણના નાની દમણ વિસ્તારમાં આવેલી ટોબેગો શેરી, સત્યનારાયણ મંદિર પાસે રહેતો હતો. સુરતના ગોડાદરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં સગીરાના અપહરણ અને બળાત્કાર જેવા ગંભીર ગુનામાં છેલ્લા ત્રણ વર્ષથી નાસતા-ફરતા મુખ્ય આરોપીને ગોડાદરા પોલીસે બાતમીના આધારે દમણ ખાતેથી ઝડપી પાડ્યો છે. પકડાયેલો આરોપી સાગર રાજુભાઈ વાસપુડા (મોગરીયા) (ઉંમર વર્ષ 25) મૂળ દમણનો વતની છે અને તે દમણના નાની દમણ વિસ્તારમાં આવેલી ટોબેગો શેરી, સત્યનારાયણ મંદિર પાસે રહેતો હતો.

ગંભીર ગુનો આચર્યા બાદ પોલીસ પકડથી બચવા માટે આરોપી દમણમાં 'સ્વિગી' કંપનીમાં ડિલિવરી બોય તરીકે નોકરી કરતો હતો. પોતાની સાચી ઓળખ છુપાવીને સામાન્ય ડિલિવરી બોય તરીકે કામ કરતા આ આરોપી સામે કોર્ટ દ્વારા CRPC કલમ-70 મુજબનું બિનજામીનપાત્ર વોરંટ પણ ઈશ્યુ કરવામાં આવ્યું હતું.

સગીરાનું અપહરણ કરી દુષ્કર્મ આચર્યું હતું ઘટનાની વિગત મુજબ, ગત તા. 26 જુલાઈ, 2023ના રોજ આસપાસ ગોડાદરા વિસ્તારમાં રહેતા પિતાએ સગીરવયની દીકરીના અપહરણ અંગે ફરિયાદ નોંધાવી હતી. કોઈ અજાણ્યો શખ્સ સગીરાને વાલીપણામાંથી બળજબરીપૂર્વક અપહરણ કરી ગયો હોવાની ફરિયાદ મળતાં જ પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. ત્યારબાદ પોલીસે સગીરાને હસ્તગત કરી તેનું કાયદાકીય નિવેદન લીધું હતું. સગીરાના ગંભીર નિવેદનના આધારે પોલીસે કેસમાં ઈ.પી.કો. કલમ 366, 376(2)(જે)(એન) અને પોક્સો એક્ટ 2012ની કલમ 3(એ), 4, 5(એલ), 6નો ઉમેરો કરી ગુનાની ગંભીરતા વધારી હતી. ઘટનાની વિગત મુજબ, ગત તા. 26 જુલાઈ, 2023ના રોજ



આસપાસ ગોડાદરા વિસ્તારમાં રહેતા પિતાએ સગીરવયની દીકરીના અપહરણ અંગે ફરિયાદ નોંધાવી હતી. કોઈ અજાણ્યો શખ્સ સગીરાને વાલીપણામાંથી બળજબરીપૂર્વક અપહરણ કરી ગયો હોવાની ફરિયાદ મળતાં જ પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. ત્યારબાદ પોલીસે સગીરાને હસ્તગત કરી તેનું કાયદાકીય નિવેદન લીધું હતું. સગીરાના ગંભીર નિવેદનના આધારે પોલીસે કેસમાં ઈ.પી.કો. કલમ 366, 376(2)(જે)(એન) અને પોક્સો એક્ટ 2012ની કલમ 3(એ), 4, 5(એલ), 6નો ઉમેરો કરી ગુનાની ગંભીરતા વધારી હતી.

પોલીસે દમણ ખાતે ટ્રેપ ગોઠવી આરોપીને ઝડપ્યો

ગુનો દાખલ થયા બાદ આરોપી સાગર વાસપુડા સતત પોતાના ઠેકાણા બદલીને પોલીસને છાપરે ચડી રહ્યો હતો. આરોપી સામે અદાલતે CRPC કલમ 70 મુજબનું વોરંટ જારી કર્યું હોવાથી ગોડાદરા પોલીસની ટીમ સતત તેના લોકેશન અને ટેકનિકલ સર્વેલન્સ પર નજર રાખી રહી હતી.

દરમિયાન ગોડાદરા પોલીસને ચોક્કસ બાતમી મળી હતી કે, આરોપી હાલ નાની દમણ વિસ્તારમાં છૂપાયેલો છે અને સ્વિગીમાં ફૂડ ડિલિવરી બોય તરીકે કામ કરી રહ્યો છે. બાતમી મળતાં જ ગોડાદરા પોલીસની એક વિશેષ ટીમ તાત્કાલિક દમણ ખાતે રવાના કરવામાં આવી હતી અને તેને ઘેરાબંધી કરીને ઝડપી પાડવામાં આવ્યો હતો.

આરોપીને સુરત લાવીને રિમાન્ડ મેળવવા તજવીજ

દમણથી ઝડપાયેલા આરોપી સાગર વાસપુડાને ગોડાદરા પોલીસ સ્ટેશને લાવીને કાયદેસરની અટકાયત કરવામાં આવી છે. ત્રણ વર્ષથી ફરાર રહેલા આ ગંભીર ગુનાના આરોપીની સઘન પૂછપરછ હાથ ધરવામાં આવી રહી છે. ગોડાદરા પોલીસ દ્વારા આરોપીને અદાલત સમક્ષ રજૂ કરી તેના રિમાન્ડ મેળવવાની તજવીજ હાથ ધરવામાં આવી રહી છે, જેથી તે આ સમયગાળા દરમિયાન ક્યાં-ક્યાં છૂપાયો હતો અને તેને કોણે આશરો આપ્યો હતો તે દિશામાં પણ તપાસ લંબાવી શકાય. દમણથી ઝડપાયેલા આરોપી સાગર વાસપુડાને ગોડાદરા પોલીસ સ્ટેશને લાવીને કાયદેસરની અટકાયત કરવામાં આવી છે. ત્રણ વર્ષથી ફરાર રહેલા આ ગંભીર ગુનાના આરોપીની સઘન પૂછપરછ હાથ ધરવામાં આવી રહી છે. ગોડાદરા પોલીસ દ્વારા આરોપીને અદાલત સમક્ષ રજૂ કરી તેના રિમાન્ડ મેળવવાની તજવીજ હાથ ધરવામાં આવી રહી છે, જેથી તે આ સમયગાળા દરમિયાન ક્યાં-ક્યાં છૂપાયો હતો અને તેને કોણે આશરો આપ્યો હતો તે દિશામાં પણ તપાસ લંબાવી શકાય.

# ચાંદીપુરા વાયરસનો કહેર યથાવત, ગુજરાતમાં 174 શંકાસ્પદ કેસ : 21 દર્દીઓનાં મોત, 33 કેસ પોઝિટિવ

**ગાંધીનગર, તા.01**

ગુજરાતમાં ચાંદીપુરા વાયરસની સ્થિતિને લઈને ચિંતાજનક આંકડા સામે આવ્યા છે. 30 જૂનથી 31 જુલાઈ 2026ના સાંજે 5 વાગ્યા સુધીમાં રાજ્યમાં ચાંદીપુરા વાયરસના કુલ 174 શંકાસ્પદ કેસ નોંધાયા છે. આરોગ્ય વિભાગની માહિતી અનુસાર, આ પૈકી 33 કેસ ચાંદીપુરા વાયરસ પોઝિટિવ આવ્યા છે, જ્યારે અત્યાર સુધીમાં 21 પોઝિટિવ દર્દીઓનાં મૃત્યુ થયાં છે.

174માંથી 158 નમૂનાના પરિણામ આવ્યા

લેબોરેટરી તપાસની સ્થિતિ અંગે મળેલી માહિતી પ્રમાણે, કુલ 174 શંકાસ્પદ કેસના નમૂનાઓમાંથી 158ના પરીક્ષણ પરિણામો પ્રાપ્ત થઈ ચૂક્યા છે. જ્યારે હજુ 16 નમૂનાઓના પરીક્ષણ પરિણામ આવવાના બાકી છે. જેના કારણે આગામી દિવસોમાં



કેસની સંખ્યામાં વધારો થાય છે કે કેમ તેના પર આરોગ્ય વિભાગની નજર છે.

33 પોઝિટિવ કેસ, 21 દર્દીઓનાં મોત

રાજ્યમાં અત્યાર સુધી નોંધાયેલા 33 ચાંદીપુરા પોઝિટિવ કેસમાંથી 21 દર્દીઓનાં મૃત્યુ થયાં છે. ચાંદીપુરા વાયરસ ખાસ કરીને બાળકોમાં ગંભીર અસર કરી શકે છે અને તેમાં મગજમાં સોજો સહિતની ગંભીર તકલીફો જોવા મળી શકે છે.

# ગાંધીનગર-અમદાવાદને જોડતો ઈન્દિરા બ્રિજ 12 લેનનો બનશે

## દોઢ લાખથી વધુ વાહનોનું ભારણ ઘટાડવા સરકારનો મોટો નિર્ણય, એક વર્ષની અંદર કામગીરી પૂર્ણ થશે

**ગાંધીનગર, તા.01**

ગાંધીનગર અને અમદાવાદને જોડતા તેમજ અમદાવાદ એરપોર્ટ તરફ જવા માટેના મહત્વના ઈન્દિરા બ્રિજને હવે 6 લેનમાંથી વધારીને 12 લેનનો બનાવવામાં આવશે. વર્ષ 1983માં ઈન્દિરા બ્રિજ 4 લેનનો બનાવવામાં આવ્યો હતો, ત્યારબાદ વર્ષ 2012માં તેનું વિસ્તરણ કરીને તેને 6 લેનનો કરવામાં આવ્યો હતો. જોકે સુભાષ બ્રિજ બંધ થયા બાદ ઈન્દિરા બ્રિજ પર ટ્રાફિકનું ભારણ નોંધપાત્ર રીતે વધી ગયું છે અને હાલમાં દરરોજ દોઢ લાખથી વધુ વાહનો આ બ્રિજ પરથી પસાર થઈ રહ્યા હોવાનું માર્ગ અને મકાન વિભાગના ડેપ્યુટી એન્જિનિયર હર્ષિત દવેએ જણાવ્યું છે.

6 લેનના બ્રિજની બંને બાજુ 3-3 લેનનો નવો બ્રિજ બનશે

આગામી સમયમાં વધનારા ટ્રાફિકને ધ્યાનમાં રાખીને સરકારે ઈન્દિરા બ્રિજને 12 લેનનો બનાવવા



માટે મંજૂરી આપી છે. હાલના 6 લેનના બ્રિજની બંને બાજુ 3-3 લેનના નવા બ્રિજ બનાવવામાં આવશે. આમ હાલના બ્રિજ સાથે કુલ 12 લેનની વ્યવસ્થા ઊભી થશે અને વાહનચાલકોને વધુ સરળતાથી અવરજવર કરી શકાશે.

એક વર્ષમાં કામગીરી પૂર્ણ કરવાનો લક્ષ્યાંક

આગામી કોમનવેલ્થ ગેમ્સને ધ્યાનમાં રાખીને પ્રોજેક્ટની કામગીરી ઝડપથી પૂર્ણ કરવાનો સરકારનો લક્ષ્યાંક છે. ટેન્ડર પ્રક્રિયા મંજૂર થયા બાદ આગામી 1થી 2 મહિનામાં કામ શરૂ કરવાની તૈયારી છે. તાત્કાલિક ધોરણે કામગીરી હાથ ધરીને એક વર્ષની અંદર નવો બ્રિજ તૈયાર કરી વાહનવ્યવહાર માટે ખુલ્લો મૂકવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે.

નવા બ્રિજમાં આધુનિક સુવિધાઓ

પ્રોજેક્ટ અંતર્ગત નવા બ્રિજમાં બંને બાજુ નવી ફૂટપાથની વ્યવસ્થા કરવામાં આવશે. નવા બ્રિજની કુલ લંબાઈ આશરે 400.44 મીટર રહેશે. સાબરમતી નદી ઉપરના બ્રિજ ઉપરાંત ગાંધીનગર અને અમદાવાદ તરફના એપ્રોચની પણ કામગીરી કરવામાં આવશે. નવા બ્રિજના નિર્માણ બાદ ગાંધીનગર તરફના એરપોર્ટ, અડાલજ, શાહીબાગ તથા રીવરફ્રન્ટ તરફ જતા ટ્રાફિકને અલગ લેનમાં ચલાવવાની વ્યવસ્થા કરવામાં આવશે. હર્ષિત દવે, ડેપ્યુટી એન્જિનિયર, માર્ગ અને મકાન વિભાગે જણાવ્યું હતું કે, ઈન્દિરા બ્રિજ પર સતત વધી રહેલા ટ્રાફિકને ધ્યાનમાં રાખીને 12 લેનનો નવો બ્રિજ બનાવવાનો નિર્ણય લેવાયો છે. સરકારનો પ્રયાસ છે કે કામગીરી ઝડપથી પૂર્ણ કરી એક વર્ષની અંદર બ્રિજને લોકો માટે ખુલ્લો મૂકવામાં આવે.

# રહેમરાહે નોકરી મેળવનારા કર્મચારીઓ માટે મોટી રાહત : હવે જૂની પેન્શન યોજનાનો લાભ મળશે, 3 મહિનામાં અરજી કરવાની રહેશે

**ગુજરાત, તા.01**

સરકારે રહેમરાહે એટલે કે અનુકંપા આધારિત નિમણૂક મેળવનારા કર્મચારીઓ માટે મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. સામાન્ય વહીવટ વિભાગે તા. 1 ઓગસ્ટ, 2026ના રોજ ઠરાવ બહાર પાડી ચોક્કસ કેટેગરીના કર્મચારીઓને જૂની પેન્શન યોજનાનો લાભ આપવાનો નિર્ણય કર્યો છે. આ નિર્ણયથી વર્ષોથી પેન્શન અંગે રાહ જોતા કર્મચારીઓને મોટી રાહત મળશે.

1 એપ્રિલ, 2025 પહેલા



નિમણૂક પામેલા કર્મચારીઓને લાભ મળશે સરકારના ઠરાવ મુજબ, સામાન્ય વહીવટ વિભાગના તા. 15 જૂન, 2004ના ઠરાવ હેઠળ 15 જૂન, 2004થી 31 માર્ચ, 2005 દરમિયાન એટલે કે 1 એપ્રિલ, 2005 પહેલાં રહેમરાહે નિમણૂક પામેલા કર્મચારીઓ જૂની પેન્શન યોજનાના લાભ માટે પાત્ર ગણાશે.

આ ઉપરાંત, 1 એપ્રિલ, 2005 પહેલાં ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ અથવા પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ દ્વારા રહેમરાહે નિમણૂક માટે ફાળવણી/ભલામણ કરવામાં આવી હોય, પરંતુ વાસ્તવિક નિમણૂક 1 એપ્રિલ, 2005 પછી થઈ હોય, તેવા કર્મચારીઓને પણ આ નિર્ણયનો લાભ મળશે. આવા કર્મચારીઓએ 1 એપ્રિલ, 2005 પછી ફિક્સ પગારનો નિયત સમયગાળો પૂર્ણ કરીને નિયમિત નિમણૂક મેળવી હોય, તો તેમને નાણા વિભાગના તા. 8 નવેમ્બર, 2024 અને તા. 16 એપ્રિલ, 2025ના ઠરાવ અનુસાર જૂની પેન્શન યોજનાનો લાભ આપવામાં આવશે.

# દિલ્હીના જંતર-મંતરના આંદોલન બાદ 'Gen-Z' પર સરકારનું ફોકસ

**ગાંધીનગર, તા.01**

દિલ્હીના જંતર-મંતર ખાતે Gen-Zના આંદોલન બાદ હવે સરકારનું ધ્યાન યુવા વર્ગ તરફ વધુ કેન્દ્રિત થયું હોય તેવો માહોલ જોવા મળી રહ્યો છે. યુવાનોને નશાથી દૂર રાખવા અને નશામુક્ત જીવનશૈલી અપનાવવા માટે કેન્દ્ર સરકાર દ્વારા 'નશામુક્ત યુવા ફોર વિકસિત ભારત સંકલ્પ અભિયાન' શરૂ કરવામાં આવ્યું છે. આ અભિયાન અંતર્ગત 2 ઓગસ્ટે ગાંધીનગર સ્થિત NFSU ખાતે રાજ્યસ્તરીય કાર્યક્રમ યોજાશે. કાર્યક્રમમાં ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ઉપસ્થિત રહેશે જ્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી દેશભરના યુવાનોને વર્ચ્યુઅલ માધ્યમથી સંબોધિત કરશે. સવારે 10:30 વાગ્યે યોજાનારા આ કાર્યક્રમમાં ગાંધીનગર સહિત રાજ્યના આશરે 500 યુવાનો ભાગ લેશે.

'નશામુક્ત યુવા'નો સંકલ્પ લેવડાવવામાં આવશે

માય ભારત દ્વારા આયોજિત આ અભિયાનનો મુખ્ય ઉદ્દેશ યુવાનોમાં નશાના દુષણ અંગે જાગૃતિ ફેલાવવાનો અને તેમને નશામુક્ત જીવનશૈલી અપનાવવા પ્રેરિત કરવાનો છે. સાથે જ વિકસિત ભારત@2047ના સંકલ્પમાં દેશના યુવાનોની સક્રિય ભાગીદારી સુનિશ્ચિત કરવાનો પણ અભિયાનનો હેતુ છે.

**ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત**
**આપે છે તક...**
**બનો સોશિયલ જર્નાલિસ્ટ**

આપના વિસ્તારની સમસ્યાઓ, રસ્તા, પાણી, ગટર, લાઈટ વગેરેના પ્રશ્નો, રોજિંદી ઘટનાઓ, સામાજિક પ્રસંગો તેમજ આપની આસપાસ કંઈક વિશેષ કે નવું બની રહ્યું હોય તો તેની વિગતો, શૈક્ષણિક સંસ્થાઓ, NGO સહિતની સેવાભાવી સંસ્થાઓ પણ ફોટોગ્રાફ્સ સાથે કાર્યક્રમની વિગતો અમને મોકલી આપો.

**વોટ્સએપ નંબર - 8980070599**



